Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

વર્ષ : ૩૪ ● અંક : ૫૮
તા.૦૪-૦૪-૨૦૧૮, બુધવાર
સંવત ૨૦૭૪ ચૈત્ર વદ - ૦૪
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૧ સૂર્યાસ્ત : ૦૬:૫૪

તાપમાન
ડીસા ૩૯.૬
અમદાવાદ ૩૯.૫
ગાંધીનગર ૩૯.૮
વડોદરા ૪૦.૦
સુરત ૩૮.૬
નલિયા ૩૪.૭

ચાંદી : ૩૯,૪૦૦ સોનું : ૩૧,૫૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71 Facebook.com/rakhewal

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# એસસી/એસટી એક્ટમાં સ્ટે ન આપી શકાય : સુપ્રિમ

### ચુકાદા પર સ્ટે મુકવાની માંગ કરતી કેન્દ્ર સરકારની અરજી ફગાવી : ભારત બંધ દરમિયાન થયેલી વ્યાપક હિંસાનો ઉલ્લેખ કરી સ્ટેની માંગ કરાઈ હતી : કેન્દ્રને મોટો ફટકો : જોગવાઈઓ સાથે કોઇ ચેડા કરાયા નથી : સુપ્રીમ

નવી દિલ્હી

એસસી-એસટી એક્ટ સાથે જોડાયેલા નિર્ણય પર ફેરવિચારણા કરવાની માંગ કરતી કેન્દ્ર સરકારની અરજીને સુપ્રીમ કોર્ટે આજે ફગાવી દીધી હતી. આ અરજી ઉપર કેન્દ્ર સરકારને મોટો ફટકો પડ્યો હતો. સુપ્રીમ કોર્ટે પોતાના ચુકાદા પર સ્ટે આપવાનો પણ ઈન્કાર કરી દીધો હતો. સુપ્રીમ કોર્ટે તમામ પક્ષોને આ મામલા પર ત્રણ દિવસની અંદર જવાબ આપવા માટે આદેશ કર્યો છે. સાથે સાથે આગામી ૧૦ દિવસ બાદ વધુ સુનાવણી કરવાની વાત કરી છે. સુપ્રીમ કોર્ટે તેના ૨૦મી માર્ચના આદેશ પર સ્ટે મુકવાનો સાફ ઈન્કાર કરતા કેન્દ્ર સરકારને મોટો ફટકો પડ્યો છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અત્યાચાર અટકાયત ધારાની ચોક્કસ જોગવાઈઓને દૂર કરવા માટેના તેના ૨૦મી માર્ચના આદેશ પર સ્ટે મુકવાનો સુપ્રીમે ઈન્કાર કરી દીદો છે. જો કે, તેના ગયા મહિનાના ચુકાદા પર ૧૦ દિવસ બાદ ફેરવિચારણા કરવાની તૈયારી દર્શાવી છે. બે દિવસની અંદર લેખિત રજૂઆત કરવા માટે સંબંધિતોને આદેશ કર્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, એટર્ની જનરલ એકે વેણુગોપાલ દ્વારા કેન્દ્ર દ્વારા દાખલ કરવામાં આવેલા સમીક્ષા અરજી પર કારણો ઉપર સુનાવણી હાથ ધરી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, અમે એક્ટ સામે નથી. નિર્દોષ લોકોને સજા થવી જોઈએ નહીં. એનડીએ સરકારે ગઈકાલે તેના આદેશના સંદર્ભમાં ફેર વિચારણા કરવાની માંગ કરીને અરજી દાખલ કરી હતી. સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં કેટલીક સ્પષ્ટ વાત કરી હતી. એસસી-એસટી એક્ટ હેઠળ ગુનેગારો કેસોની નોંધણી અને ઓટોમેટિક ધરપકડ ઉપર પ્રતિબંધ મુકવાનો સુપ્રીમે આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે આજે કેટલાક કારણો આપતા સ્પષ્ટ વાત કરી હતી.

#### ભાજપ દલિતોની સાથે ખભેથી ખભો મિલાવીને ઊભી છે : અમિત શાહ

એસસી-એસટી એક્ટ મામલે સર્જાયેલા ઘમાસાણ બાદ ભાજપન રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે મહત્વનું નિવેદન આપ્યું છે. અમિત શાહે માઈક્રોબ્લોગીંગ સાઈટ ટ્વીટર પર ટ્વીટ કરી જણાવ્યું કે, ભાજપ દલિતોની સાથે ખભેથી ખભો મિલાવીને ઉભી છે. બાબા સાહેબનુ સપનું સરકાર સાોકાર કરશે. સરકાર દલિતોનું જીવન બદલવા કોશિશ કરી રહી છે. અમિત શાહે કોંગ્રેસ પર નિશાન સાધતા જણાવ્યું કે, કોંગ્રેસ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડીએનએની મજાક ઉડાવી રહી છે. આ એ કોંગ્રેસ પાર્ટી છે જેમણે બાબા સાહેબને બે વાર હરાવ્યા અને તેમની તસીવરને સેન્ટ્રલ હોલમાં રાખવાનો ઈક્કાર કર્યો હતો.

#### મોદી દેશમાં સાંપ્રદાયિકના બીજ વાવી રહ્યા છે : રાહુલ ગાંધી

રાહુલ ગાંધીએ કર્ણાટકના શિવમોગામાં ચૂંટણીસભા દરમિયાન સાંપ્રદાયિકતાનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે જન આશી વાંદ યાત્રાને સંબોધિત કરતા કહ્યું કે અમેરિકાને ફક્ત ભારત અને ચીન જ પડકારી શકતા હતા. પરંતુ મોદી દેશની આ તાકાતને સમજ્યા જ નહીં. તેઓ દેશમાં સાંપ્રદાયિક બીજ વાવી રહ્યા છે. રાહુલ મંગળવારથી બે દિવસના કર્ણાટકના પ્રવાસે પહોંચ્યા છે. અહીંયા ૧૨ મેના રોજ વોટિંગ અને ૧૫ મેના રોજ પરિણામો આવશે. રાહુલ ગાંધીએ કહ્યું કે નરેન્દ્ર મોદી ભ્રષ્ટાચાર પર કલાકો બોલે છે, પરંતુ તેમની બંને બાજુ એવા જ નેતાઓ બેઠેલા રહે છે.

### આજે દિવસ દરમિયાન તમામ પાસા પર ચર્ચા વિચારણા કરાશે

## પોલિસી સમીક્ષા મિટિંગ આજથી શરૂ : વ્યાજદર યથાવત રહી શકે

### વ્યાજદર યથાવત રહેશે કે કેમ તેને લઈને ગુરુવારના દિવસે નિર્ણય લેવાશે આરબીઆઈ ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં છ સભ્યોની મિટિંગ શરૂ થશે

નવી દિલ્હી

કોર્પોરેટ કંપનીઓ અને સામાન્ય કારોબારીઓ તેમજ શેરબજાર સાથે જોડાયેલા લોકો જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોઇ રહ્યા છે તે આરબીઆઈની છ સભ્યોની નાણાંકીય પોલિસી મિટિંગ (એમપીસી) આવતી-કાલથી શરૂ થઇ રહી છે. જે બે દિવસ ચાલનાર છે.આ બેઠકમાં વ્યાજદરમાં કોઇ ફેરફાર કરવામાં આવશે કે કેમ તેને લઈને નિર્ણય લેવામાં આવનાર છે. પોલીસી સમીક્ષાની બેઠક આવતીકાલે શરૂ થશે. પ્રથમ દિવસે તમામ પાસા પર વિચારણા કરવામાં આવનાર છે. વ્યાજદર ઘટશે કે કેમ તે અંગે નિર્ણય ગુરૂવારના દિવસે લેવામાં આવનાર છે. પોલિસી સમીક્ષાની મિટિંગ વર્ષ ૨૦૧૮-૧૯ માટે તેની પ્રથમ દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા રહેશે. આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં ફેરફાર કરવાના સંદર્ભમાં કોઇ નિર્ણય લેવામાં આવી શકે છે. જો કે, મોટાભાગના અર્થશાસ્ત્રીઓનું કહેવું છે કે, આરબીઆઈ દ્વારા આ સપ્તાહમાં વ્યાજદર યથાવત રાખવામાં આવશે. સ્થાનિક ફુગાવાને ધ્યાનમાં લઈને આરબીઆઈ વ્યાજદરોને યથાવત રાખી શકે છે. બજેટ બાદ આ પ્રથમ નાણાંકીય નીતિ સમીક્ષા રહેનાર છે. આ વખતે બજેટમાં ફિસ્કલ કન્સોલીડેશન રોડમેપથી અલગ થઇ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં આ બેઠક મળનાર છે જેમાં ચોથીએ બેઠક શરૂ થયા બાદ પાંચમી એપ્રિલના દિવસે નિર્ણય લેવામાં આવનાર છે. રિટેલ ફુગાવામાં ઘટાડાના અનુસંધાનમાં વ્યાજદરમાં કાપ મુકવા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ઉપર દબાણ આવી રહ્યું છે. જો કે, આરબીઆઈ હાલમાં વ્યાજદરને યથાવત રાખવા ઈચ્છુક છે. ગયા મહિનામાં યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૮માં વધુ બે વખત વધારો થવાનું ચિત્ર પણ રહેલું છે. આરબીઆઈ દ્વારા કોઈપણ નિર્ણય લેતા પહેલા ક્રૂડની કિંમતમાં થઇ રહેલા વધારાને પણ ધ્યાનમાં લેવામાં આવશે. ક્રૂડની કિંમત હાલમાં પ્રતિબેરલ ૭૦ ડોલર સુધી પહોંચી ગઈ છે.

### વિચાર વૈભવ...

#### જાસૂદ

'સાચું માનવસુખ' માંથી સંકલન કરીને 'તપોધન' નામે માસિકની અંદર દુઃખના મુખ્ય ૧૦ કારણો દર્શાવવામાં આવ્યા છે. જે ખૂબ જ મનનીય અને પઠનીય છે. તે અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે.

(૧) દેવતાઓને દુર્લભ એવો મનુષ્ય દેહ આપણને મળેલ છે. સત્કર્મો કરવા માટે આપણને સંપૂર્ણ સ્વતંત્રતા છે. પરંતુ આપણે ખોટા કામો કરીને જીવનનો અમૂલ્ય સમય ગુમાવી દઈએ છીએ. જે દુઃખનું કારણ છે.

(૨) પરમ દુર્લભ, પરમ પવિત્ર, પ્રભુ કૃપાથી મળેલ મનુષ્ય શરીર મેળવીને આપણે સંસારમાં તથા સસારની વાસનાઓમાં મગ્ન રહી ધર્મ, સદાચાર અને પ્રભુ ભક્તિમાં ઓતપ્રોત થતા નથી. પરિણામે સંસારની આસક્તિમાં જ આપણું મૃત્યુ થાય છે. જે દુઃખનું કારણ છે.

(૩) માનવશરીર અનિશ્ચિત તથા ક્ષણભંગુર છે. મૃત્યુ ક્યારે આવશે તેની ખબર નથી. આવી સ્થિતિમાં પણ સંસારના પ્રપંચો અને ભોગવાસનામાં સમય વાપરી નાંખીએ છીએ. જે દુઃખનું કારણ છે.

(૪) આપણે જાણીએ છીએ કે ધર્મકાર્યો માટે આ માનવશરીર મળેલ છે. છતાં લોભ, મોહ, કામ, ક્રોધ દ્વારા માયામાં પડીને ધર્મકાર્ય કરતાં નથી. તેથી દુઃખ સહન કરવું પડે છે.

(૫) ગુરૂ સિવાય સાધના શકય નથી. ગુરૂ પ્રાપ્તિ તથા જ્ઞાનપ્રાપ્તિ વિના ભક્તિ જાગૃત થતી નથી. આપણે સંસારમાં એટલા બધા રચ્યા-પચ્યા રહીએ છીએ કે જ્ઞાન અને ગુરૂ પ્રાપ્તિ માટે આપણને વિચારવાનો સમય નથી. જે દુઃખનું કારણ છે.

(૬) શ્રદ્ધા, વિશ્વાસ, વ્રત તથા તપ દ્વારા જ આપણે આ ભવસાગર તરી શકીએ છીએ. પરંતુ સંસારની માયા અને આકર્ષણ આપણને આ બધું કરવા દેતી નથી. જેથી દુઃખ જ ભોગવવું પડે છે.

(૭) સંતોની સેવાથી સંતકૃપા મળે છે. તત્વજ્ઞાન મળે છે પરંતુ સંસારનો મોહ તથા વાસનાને લીધે આપણે સંતોની સેવા કરી શકતા નથી. જે દુઃખનું કારણ છે.

(૮) આધ્યાત્મિક તત્વો દ્વારા વેપાર કરવો અને કમાણી કરવી એ દુઃખનું કારણ છે.

(૯) સમસ્ત સૃષ્ટિના પ્રાણી માત્રમાં (જીવમાત્રમાં) ઈશ્વર (અનંતગુણી નિરંજન નિરાકાર આત્મા) નિવાસ કરે છે. છતાં આપણે તિરસ્કાર, ઘૃણા, નિંદા તથા અપમાન વૃત્તિથી અન્ય સાથે વર્તન કરીએ છીએ. જે દુઃખનું કારણ છે.

(૧૦) શરીર, મન, બુદ્ધિ તથા આત્માને (ધર્મને) હૃષ્ટપુષ્ટ બનાવવાનો સમય જ જુવાની છે. જુવાનીને અન્ય કાર્યોમાં વાપરીએ છીએ, જે દુઃખનું કારણ છે.

આમ આ ૧૦ કારણો દુઃખ શાના લીધે છે, તે બતાવવામાં આવેલ છે.

દુઃખના આ ૧૦ કારણોને સારી રીતે સમજવાથી, જીવનમાં અમલ કરવાથી દુઃખ આપોઆપ દૂર થઈ જશે અને સુખ સ્વયંભૂ પ્રગટ થઈ જશે.

પછી તો જીવન ધન્ય બની જશે. કોઈની સામે કોઈ જ ફરીયાદ નહીં રહે.

- પં.રાજહંસવિજયજી ગણિ

### ૨૦ લાખ કરોડ રૂપિયાની અંતિમ ફંડિંગ કરાઈ

## સરકારી બેંકોને બેલઆઉટ પેકેજ આપવાની કેન્દ્રની ના

### ખરાબ સ્થિતિમાં બેંકોને નોન કોર એસેટ વેચી, એકબીજાની સાથે મર્જ થઈને ફંડ એકત્રિત કરવા માટેની ફરજ પડશે

નવી દિલ્હી

કેન્દ્ર સરકારે સરકારી બેંકોના સંદર્ભમાં આક્રમક વલણ અપનાવ્યું છે. સરકારે કહ્યું છે કે, મુખ્ય સરકારી બેંકોને હવે બેલઆઉટ પેકેજ આપવામાં આવશે નહીં. કેન્દ્ર સરકાર સરકારી બેંકોમાં ૨૦ લાખ કરોડ રૂપિયાની છેલ્લી ફંડિંગ કરી રહ્યું છે. આ સંદર્ભમાં માહિતી આપતા સરકારી અધિકારીઓએ કહ્યું છે કે, હવે ખરાબ સ્થિતિમાં બેંકોને નોન કોર એસેટ વેચીને અને એકબીજાની સાથે મર્જરના વિકલ્પને અપનાવીને ફંડિંગની વ્યવસ્થા કરવી પડશે. સરકારી બેંકોને લઈને સરકાર લાલઘૂમ દેખાઈ રહી છે. હવે બેંકોના નાણા ડૂબશે તો બેંકોને પોતે જ ફંડિંગની વ્યવસ્થા કરવી પડશે. ભારત એશિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા તરીકે છે. દેશના કુલ ૨૧ સરકારી બેંકોની પાસે દેશના બેંકિંગ સેક્ટરની બે તૃતિયાંશ સંપત્તિ રહેલી છે. બીજી વાસ્તવિકતા એ પણ છે કે, દેશમાં ફસાયેલી રકમની ૯૦ ટકા રકમ આ સરકારી બેંકોની છે. ઓક્ટોબર ૨૦૧૭માં નાણામંત્રી અરુણ જેટલીએ સરકારી બેંકોને ૨૧ લાખ કરોડ રૂપિયાની બેલઆઉટ પે-કેજ આપવાની જાહેરાત કરી હતી જેથી બેંકોને બેડલોનમાંથી બહાર નિકાળવામાં મદદ કરી શકાય.

### વિધાનસભા અધ્યક્ષના નવા નિર્ણયથી નવો વિવાદ

## ધારાસભ્ય સપ્તાહમાં માત્ર ૩ અતારાંકિત પ્રશ્ન પૂછી શકશે

### કોંગ્રેસે અધ્યક્ષના નિર્ણયનો વિરોધ કર્યો : ભાજપના ઈશારે ષડયંત્ર રચાયું હોવાનો કોંગી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો

અમદાવાદ

ગુજરાત વિધાનસભામાં હવેથી કોઈપણ ધારાસભ્ય અઠવાડિયામાં ૩ જ અતારાંકિત પ્રશ્ન પૂછી શકશે. વિધાનસભા અધ્યક્ષ ડૉ.રાજેન્દ્ર ત્રિવેદીએ જાહેર કરેલા નિર્ણયને પગલે કોંગ્રેસના ધારાસભ્યોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. વિધાનસભાના અધ્યક્ષ દ્વારા જારી કરાયેલા નિર્ણય મુજબ, સત્રનું સમન્સ ઈસ્યુ થયાની તારીખથી સત્ર સમાપ્તિ થાય ત્યાં સુધીના સમયગાળા દરમિયાન ધારાસભ્યો અતારાંકિત પ્રશ્ન પૂછી શકશે નહીં. જો કે અત્યાર સુધી કોઈપણ ધારાસભ્ય ગમે એટલા અતારાંકિત પ્રશ્નો પૂછી શકતા હતા અને દૈનિક ત્રણ તારાંકિત પ્રશ્નો પૂછી શકાતા હતાં. વિધાનસભા અધ્યક્ષના નવા નિર્ણયને લઈ વધુ એક વિવાદ જાગ્યો છે. કોંગ્રેસે વિધાનસભા અધ્યક્ષના નિર્ણય પરત્વે ઉગ્ર વિરોધ વ્યકત કર્યો છે અને ભાજપના ઈશારે વિધાનસભા અધ્યક્ષને આવો મનસ્વી નિર્ણય લીધો હોવાનો ગંભીર આક્ષેપ કર્યો હતો. બીજીબાજુ, વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ પોતાના નિર્ણયના બચાવમાં જણાવ્યું હતું કે, રાજય સરકારના વિવિધ વિભાગોનું ભારણ ઘટાડવા અને બિનજરૂરી પ્રશ્નોને લઈ ગૃહની કાર્યવાહી વ્યર્થ થતી અટકાવવાના ઉમદા આશયથી આ નિર્ણય લેવાયો છે. બિનજરૂરી તેમ જ અર્થ વગરના પ્રશ્નોને અટકાવવા અને વિવિધ ખાતાઓ પરનું ભારણ વધે નહી તે માટે આ નિર્ણય લેવાયો હોવાનો બચાવ અધ્યક્ષે રજૂ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ગત બજેટ સત્રમાં ૧૦ હજાર કરતા વધુ સવાલ પૂછવામાં આવ્યા હતા.

## વડાવળમાં ઉભેલી ટ્રકમાંથી ૯૦ ડબ્બા તેલની ચોરી

### ભેજાબાજો તાડપત્રી કાપી ડબ્બા ચોરી ગયા


કંચનજી ઠાકોર

પ્રતિનિધિ ભીલડી

ડીસા તાલુકાના વડાવળ હાઈવે ઉપર હોટલ આગળ ઉભેલી ટ્રકની તાડપત્રી કાપી અજાણ્યા શખ્સો રૂા.૧,૩૯,૭૫૦ ના કિંમતના તેલના ૯૦ ડબ્બા ચોરીને ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે. જેની નોંધાયેલ ફરીયાદના આધારે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીધામથી ખાદ્ય તેલના ડબ્બા ભરીને નોઈડા જઈ રહેલ ટ્રક નં.આર.જે.૦૫.૬૭૬૮ ના ડ્રાયવર પપેન્દ્રસિંહ વીરપાલસિંહ અને ટ્રકનો ક્લીનર જઈ રહ્યા હતા. તેવામાં વડાવળના પાટીયા પાસે આવેલ હોટલ શીવ પાસે ટ્રક પાણી માટે ઉભી રાખેલ. તેવામાં કોઈ અજાણ્યા તસ્કરોએ ગાડીની તાડપત્રી કાપીને સુર્યમુખી તેલના ડબ્બા નંગર ૨૫ (કિંમત રૂા.૩૮૭૫૦) તેમજ પતંજલી સોયાબીન તેલના ડબ્બા નંગ ૬૫ (કિંમત રૂા.૧૦૦,૭૫૦ મળી કુલ રૂા.૧૩૯,૭૫૦ ના તેલના ડબ્બાની કોઈ અજાણ્યા ઈસમો તાડપત્રી કાપીને લઈ ગયેલ આ અંગે ટ્રક ચાલક પપેન્દ્ર વિરપાલસિંહે ભીલડી પોલીસ સ્ટેશન માં ફરીયાદ નોંધાવતા ભીલડી પોલીસે ગુના નોંધી તેની તપાસ હે.કો.રાજેશભાઈ શ્રીમાળી ચલાવી રહ્યા છે.

### અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૯.૫ ડિગ્રી

## ગરમીનો કેર : સુરેન્દ્રનગરમાં પારો વધીને ૪૧.૧ ડિગ્રી થયો

### વધતી ગરમી વચ્ચે પાણીજન્ય રોગના કેસોમાં તીવ્ર વધારો થયો : અમરેલીમાં પણ મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી

અમદાવાદ

અમદાવાદ સહિત રાજયના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાન માં નજીવા ફેરફારની સ્થિતિ જોવા મળી છે. જો કે, ગરમીનો કેર જારી રહ્યો છે. રાજયના અનેક ભાગોમાં પારો ૪૦થી ઉપર રહ્યો હતો જયારે સુરેન્દ્રનગર અને અમરેલીમાં પારો ૪૧થી પણ ઉપર પહોંચ્યો હતો. આજે અમરેલી અને સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ક્રમશઃ ૪૧ અને ૪૧.૧ ડિગ્રી રહ્યું હતું. બીજી બાજુ વડોદરામાં ૪૦, રાજ-કોટમાં ૪૦.૫, ભુજમાં ૪૦.૪ અને કંડલા એરપોર્ટ ખાતે ૪૦.૬ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગ તરફથી ઉંચા તાપમાન અથવા તો હિટવેવ માટેની કોઇ ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ તીવ્ર ગરમી રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. હવામાન વિભાગ તરફથી એમ પણ જણાવવામાં આવ્યું છે કે, આગામી બે દિવસ દરમિયાન ગુજરાતમાં મહત્તમ તાપમાન માં કોઇ વધારે ફેરફાર થનાર નથી. અમદાવાદ શહેરમાં આજે મહત્તમ તાપમાન સોમવારના દિવસે ૩૯.૬ની સરખામણીમાં ૩૯.૫ ડિગ્રી રહ્યું હતું. એટલે કે, નહિવત ફેરફારની સ્થિતિ જોવા મળી હતી. બીજી બાજુ અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૨૩.૪ ડિગ્રી રહ્યું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ ભાગોમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ થઇ રહ્યો છે. સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ગરમીનો અનુભવ આજે થયો હતો. બીજી બાજુ વધતી ગરમી વચ્ચે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસો નોંધાઈ રહ્યા છે.ગરમીના પ્રમાણમાં વધારો થતાં પાણીજન્ય રોગોના કેસમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. પાણીજન્ય રોગના કેસોની વાત કરવામાં આવે તો માત્ર ૩૧ દિવસના ગાળામાં જ માર્ચ મહિનામાં ઝાડા ઉલ્ટીના ૭૨૭, કમળાના ૧૯૬, ટાઈફોઈડના ૨૭૯ કેસ સપાટી ઉપર આવ્યા છે.

## જિલ્લામાં પોલીસ કર્મીઓની બદલીમાં છબરડો

ડીસા

બનાસકાંઠા જિલ્લામાં ફરજ બજાવતા ૫૧૧ પોલીસ કર્મીઓની સોમવારે જિલ્લા પોલીસ વડા નિરજ બડગુજર દ્વારા બદલી કરાતા પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ હતી. પરંતુ આ સામુહિક બદલીમાં કેટલાક છબરડા બહાર આવ્યા છે. જેમાં ડીસા તાલુકામાં ફરજ દરમિયાન એ.સી.બી. ટ્રેપમાં ઝડપાયેલ સસ્પેન્ડેડ અને

અનુસંધાન પાના નં.૬

## ટેટોડા જીરૂ ભરેલી ટ્રકની લૂંટમાં હારીજની પેઢીના માલિકની ધરપકડ

### રૂા.૧,૫૨,૯૪૯ ની ૨૮ બોરી પણ કબ્જે કરી

ડીસા

ડીસા તાલુકાના ટેટોડા નજીક જીરૂ ભરેલી ટ્રકની લૂંટના કેસમાં પોલીસે હારીજની બે પેઢીમાંથી ૨૮ બોરીનો મુદામાલ કબ્જે લઈ એક પેઢી માલિકની અટકાયત કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

ગત ૧૯ મી માર્ચની રાતે ટેટોડા પાસે જીરૂ ભરેલી ટ્રકનું ટાયર બદલતા ડ્રાયવર અને એક ઈસમને છરીની અણીએ બાનમાં લઈ અજાણ્યા ઈસમો જીરૂ ભરેલી ટ્રક લૂંટીને ફરાર થઈ ગયા હતા. જેની નોંધાયેલ ફરીયાદના આધારે ડીસા રૂરલ અને એલ.સી.બી. પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં રાધનપુર પોલીસની મદદથી ટ્રક સાથે ત્રણ આરોપીને ઝડપી પાડયા હતા. જેમની કડક પૂછપરછ કરતાં તેમણે કેટલીક બોરી હારીજની આદેશ એન્ટરપ્રાઈઝ અને આદ્ય ભગવંત ટ્રેડીંગ કંપનીને વેચી હોવાની કબુલાત કરી હતી જેથી પોલીસે આ પેઢીમાંથી ૨૦ બોરી જીરૂ, બે બોરી રાયડો, ૪ બોરી એરંડા અને બે બોરી ઈસબગુલની મળી કુલ ૨૮ બોરી (કિંમત રૂા. ૧, ૫૨,૯૪૯) કબ્જે કરી એક પેઢીના માલિકની અટકાયત કરી તેમને ડીસા લાવી વધુ પૂછપરછ હાથ ધરી છે.

૧૦-૧૫ વર્ષથી સંતાન નથી ?
હવે... મુંબઇ-અમદાવાદ જેવી સારવાર ડીસામા...
ઉત્તર ગુજરાતનું પહેલું તથા એક માત્ર...
સીટી જેમ આઇ.વી.એફ. સેન્ટર
+ ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર +
ડૉ. સંજય ગાંધી આઇ.વી.એફ.સ્પેશ્યાલીસ્ટ
સ્ત્રીને નસ બંધ હોય પુરૂષને શુક્રાણું ઓછા હોય
આરતી હોસ્પિટલ - ડીસા (બનાસકાંઠા)
ફોન : (૦૨૭૪૪)૨૨૦૪૫૭ મો.૯૮૨૪૦૧૪૫૦૨

શું તમે નીચેની બિમારીઓથી પરેશાન છો ?
• માથાનો દુઃખાવો • યાદશકતી ઓછી થવી
• ખેંચ-વાઇ • હાથપગની ધ્રુજારી
• લકવો-પક્ષાઘાત • નસોની નબળાઇ
• મગજનો ટીબી • હાથપગમાં ઝણઝણાટી
• ચક્કર • સાયેટીકા
• ગરદન અને કમરના મણકાની તકલીફો
ડૉ.વિશાલ જોગી (D.M.Neurology) ન્યુરોફિઝીશીયન
અમદાવાદના મગજ અને ચેતાતંતુના નિષ્ણાંત ડોકટર
દર શુક્રવારે મળશે.
રાજસ્થાન હોસ્પિટલ
ડૉ.કલ્પેશ તલાટીની બાજુમાં, ગાયત્રી લેબોરેટરીની સામે, ગાયત્રી મંદિરની સામે, ડીસા. ફોન : ૦૨૭૪૪-૨૨૫૬૨૦

સૂર્યોદય - ૬.૩૧ સૂર્યાસ્ત - ૬.૫૪

## તિથિદર્શન

ચૈત્ર વદ ૪ બુધવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ચૈત્ર વદ :ચોથ બુધવાર નક્ષત્ર:વિશાખા સવારે ૭.૩૧ પછી અનુરાધા યોગ :સિદ્ધિ કરણ :કૌલવ આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોકત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

### મહાનદી તરણં મહાપુરુષ વિગ્રહમ્, મહાજન વિરોધં ચ દ્રતઃ પરિવર્જયેત

'મોટી નદી તરવાનું, મોટા પુરુષ (સ્થાન અને હોદ્દાની રીતે) સાથે ઝઘડો કરવાનું અને જ્ઞાતિ- સમાજ- ગામના નેતા- વડીલ સાથે વિરોધ કરવાનું- આ ત્રણે નેતા- વડીલ સાથે વિરોધ કરવાનું, આ ત્રણ બાબતોથી દૂર રહેવું અથવા એનો ત્યાગ જ કરવો.' જે નદીનો પટવિશાળ હોય અને ઊંડાઈ ગહન હોય તેના પ્રવાહનો સાચો અંદાજ આવતો નથી. વળી, ગમે તેવો તારૂ ( તારણવિધાનો જાણકાર) પણ જ્યારે વિરુદ્ધ દિશાના પ્રવાહને કાપવાનો કે ઓળંગવાનો હોય ત્યારે અચાનક થાકી જવાય છે. તેથી વિશાલ પટવાળી મહાનદીને ઓળંગવાનું સાહસ કરવું નહીં. સત્તા સામે પડવામાં શાણપણ નહીં. જેની પાસે સત્તા હોય- શક્તિ અને સંગઠનનું બળ હોય ત્યાં વિરોધ ન કરવો, સત્ય હોય છતાં પોતાના મત- અભિપ્રાય પણ જાહેર ન કરવા, ઠાકરેના અવસાન વખતે 'મહારાષ્ટ્ર બંધ' ની યોગ્યતા બાબતે માત્ર નિખાલસ ચર્ચા કરનારાને પણ 'શિવસૈનિકો' એ કચડી- છૂંદી નાખ્યા. રાજાઓ- ઠાકુરો- પોલીસની સામે ન પડાય. જ્ઞાતિ- સમાજના વડા મહાજન કહેવાય. વ્યક્તિને સારા- માઠે પ્રસંગે સમાજ સામે સંબંધ રાખવો પડે છે. કોઈ બાબતના નિર્ણયમાં મહાજન દોષિત હોય તોપણ મૌન રહેવું આ ત્રણનો વિરોધ તો ન જ કરાય, તેમની સામે પણ ન પડાય, કોઈ વિરોધ કરતું હોય તો એ કંકાસથી પણ દૂર રહેવું

## આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.) ભાઇ-બહેનનો સહકાર મળે. પર્યટન-પ્રવાસનું આયોજન થાય.**
**વૃષભ : (બ.વ.ઉ.) કાર્યબોજ હળવો બને. કુટુંબના મહત્વના પ્રશ્નો ઉકેલાય.**
**મિથુન : (ક.છ.ઘ.) સંતાન સંબંધિ કાર્યમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય.**
**કર્ક : (ડ.હ.) સ્નેહિથી મતભેદ થાય. જમીન-મકાનના પ્રશ્નો નિવારી શકશો.**
**સિંહ : (મ.ટ.)ઉત્સાહમાં વધારો થાય. નવિન શુભ સમાચાર મળે.**
**કન્યા : (પ.ઠ.ણ.) ભાગીદારીથી આર્થિક લાભ, પડવા-વાગવાથી સંભાળવું.**
**તુલા : (ર.ત.)ગૃહવિવાદ નિવારી શકશો. યશ, માન, કીર્તિમાં વધારો થાય.**
**વૃશ્ચિક : (ન.ય.)માનસિક અસ્વસ્થતા રહે. મનની મુરાદ બર આવે.**
**ધન : (ભ.ફ.ધ.) રચનાત્મક કાર્યમાં સફળતા મળે. પ્રિયજનથી વિરહ રહે.**
**મકર : (ખ.જ.) લાભની તક મળે. નવિન કામગીરીમાં પ્રગત્તિ થાય.**
**કુંભ : (ગ.શ.સ.)વિશ્વાસે વહાણ ન ચલાવવું હિતાવહ. જીવનસાથીનો સહકાર મળે.**
**મીન : (દ.ચ.જ.થ.)પ્રવાસમાં હાનિ, કાર્યબોજ હળવો બને.**

## આજનો દિન મહાન

- યશવંત કડીકર

રાષ્ટ્ર નિર્માતા, યુગપુરૂષ સફળ સેનાપતિ છત્રપતિ શિવાજીની પુણ્યતિથી છે.

એમનો જન્મ ૧૦-૪-૧૬૨૭ ના રોજ જુન્નરના કિલ્લા શિવનેરમાં થયો હતો.

શિવાજી મહારાજે પૂણેની જાગીરની આસપાસ વસતા માવળા જાતિના લોકોને સંગઠતિ કરી તેમને લશ્કરી તાલીમ આપીને ૧૯ વર્ષની નાની ઉંમરે વિજયકૂચ કરીને ૧૬૪૪ માં સિંહગઢ, મકન, તોરણા, પુરંદર, સુપા, રાજગર, બારામતી, ઈનાપુર, કોન્ડાણા, જાવલી વગેરે સંખ્યાબંધ કિલ્લા ઉપરા છાપરી જીતી લઈને મોગલ સેનાપતિઓ અને શહેનશાહ ઔરંગઝેબની ઊંઘહરામ કરી દીધી.

ઈ.સ. ૧૬૭૪ના જૂનની છઠ્ઠીએ રાયગઢમા શિવાજીનો ધામધૂમપૂર્વક મહોત્સવ ઊજવ્યો અને ત્યારથી તેઓ સમગ્ર મહારાષ્ટ્રના 'છત્રપતિ' બન્યા. તેમણે અષ્ટપ્રધાનમંડળની સહાયથી સુંદર વહીવટ કર્યો. જમીનદારી પ્રથા દૂર કરી હજારો ગરીબોના આશિષ મેળવ્યા.

તા. ૪-૪-૧૬૦૮ ના રોજ એમનું અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસ:- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

## તા. ૦૪.૦૪.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

**નિફ્ટી ફ્યુચર ૧૦૩૩૩ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**

**તા. ૦૩.૦૪.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૨૮૦ પોઈન્ટ :- આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૨૩૧ પોઈન્ટના પ્રથમ અને ૧૦૨૦૨ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૩૦૩ પોઈન્ટ થી ૧૦૩૧૭ પોઈન્ટ, ૧૦૩૩૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચરમાં ૧૦૩૩૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

**તા. ૦૩.૦૪.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૪૫૯૭ પોઈન્ટ :- આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૬૭૬ પોઈન્ટના પ્રથમ અને ૨૪૭૭૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૪૫૦૫ પોઈન્ટ થી ૨૪૪૪૦ પોઈન્ટ, ૨૪૩૪૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૪૭૭૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

## હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

**HDFC બેન્ક (૧૯૨૪) :- HDFC ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૯૦૯ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૮૮૭ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૯૪૭ થી રૂ.૧૯૫૫ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૯૫૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**ACC લિમિટેડ (૧૫૫૦) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૫૨૭ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૫૦૯ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૫૬૬ થી રૂ.૧૫૭૭ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ડીવીસ લેબ (૧૧૨૧) :- રૂ.૧૧૦૮ નો પ્રથમ તેમજ રૂ.૧૦૯૬ ના બીજા સપોટ-'થી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૧૩૭ થી રૂ.૧૧૫૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ (૯૦૪) :- રીફાઇનરી સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૯૧૬ થી રૂ.૯૨૩ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૮૮૬ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**લ્યુપિન લિમિટેડ (૭૯૨) :- રૂ.૦૨ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૭૭૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ફાર્મા સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૮૦૩ થી રૂ.૮૧૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**TCS લિમિટેડ (૨૯૧૬) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ટેકનોલોજી સેક્ટર નો આ સ્ટોક રૂ.૨૯૭૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૮૮૮ થી રૂ.૨૮૭૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૯૯૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ઇન્ડસિન્ડ બેન્ક (૧૮૧૯) :- રૂ.૧૮૩૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૮૪૮ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૧૮૦૮ થી રૂ.૧૭૯૭ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૧૮૫૧ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**રિલાયન્સ કેપિટલ (૪૪૩) :- ફાઇનાન્સ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૪૬૧ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૪૨૭ થી રૂ.૪૧૬ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**યશ બેન્ક (૩૧૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ બેન્ક સેક્ટરનો આ સ્ટોક રૂ.૩૨૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૩૦૭ થી રૂ.૨૯૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૩૩૦ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ONGC લિમિટેડ (૧૭૮) :- રૂ.૧૮૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૮૯ ના સ્ટોપલોસે વેચવાલાયકઁ જેં ઓઈલ સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૧૭૧ થી રૂ.૧૬૬ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૧૯૧ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

## ડીસામાં ચૈત્રી નવરાત્રિ નિમિત્તે આચરીનો કાર્યક્રમ યોજાયો


જમીલ મેમણ

પ્રતિનિધિ રાજપુર

ડીસા શહેરમાં વસતા લોધા સમાજ દ્વારા ચૈત્રી નવરાત્રી નિમિત્તે પોતાની આગવી પરંપરા પ્રમાણે અચરીનો પ્રસંગ ઉજવાય છે. જે ચૈત્ર સુદ એકમથી સમગ્ર માસ દરમ્યાન વિવિધ પરિવારોને ત્યાં ધામધૂમપૂર્વક ઉજવાય છે. પ્રથમ હિંગળાજ માતા અને અંબે માતાના મંદિરે બાદમાં સાતો માતાના મંદિરે અચરીની ઉજવણી કરવામાં આવે છે. જેમાં લોધા સમાજ મિત્ર મંડળના યુવકો પોતાની આગવી અને ઉતર પ્રદેશની ભાષામાં ગીત સંગીત સાથે અચરી રજુ કરે છે. ગતરાત્રે ડીસા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં ભગવાનસિંહ ખેમચંદજી લોધા પરિવાર દ્વારા અચરીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડીસા શહેર અને અમદાવાદમાં રહેતા સમાજના ભાઈઓ જોડાયા હતા. જેમાં ધર્મપ્રેમી ભક્તોનું પૂજન કરાયું હતું. ઉપસ્થિત લોકોને પ્રસાદીરૂપે ચા નાસ્તો આપવામાં આવ્યો હતો. ઉત્સાહપૂર્વક માહોલમાં અચરીની ઉજવણી કરાઈ હતી.

## પ્રિતિનગર પ્રા.શાળામાં શિક્ષકનો વિદાય સમારંભ યોજાયો


ભરત સુંદેશા

ડીસા

ડીસા તાલુકાની પ્રિતિનગર (ભોંયણ) પે.કે.શાળામાં શિક્ષક કેસરાભાઈ એચ. પરમારના વય નિવૃત્તિના લીધે વિદાય સમારંભ બનાસકાંઠા જિલ્લા પ્રા.શિક્ષક સંઘના પ્રમુખ ચમનભાઈ વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. નિવૃત્ત થતા કેસરાભાઈએ શાળામાં પ્રેરણારૂપ ઉમદા શૈક્ષણિક કાર્ય કરી ગામમાં લોકપ્રિયતા મેળવી શ્રેષ્ઠ શિક્ષકનું ઉદાહરણ પુરૂ પાડેલ છે. વિદાય સમારંભમાં ઉપસ્થિત ડીસા તાલુકા પ્રા.શિક્ષણાધિકારી જાગૃતિબેન દેસાઈ, બીટ કે.નિ.ભરતભાઈ ચૌધરી, બીટ કે.નિ. અશ્વિનભાઈ પટેલ, સિ.મંત્રી મનહરભાઈ તેમજ ડીસા તાલુકા પ્રા.શિક્ષક સંઘના પ્રમુખ પાંચાભાઈ દેસાઈ, મુકેશભાઈ દવે, ખજાનચી શ્રવણભાઈ અનાવાડીયા, બી.આર.સી.કો. અલ્પેશભાઈ હાજરી આપી તેમને નિવૃત જીવન સ્વાસ્થ્યપ્રદ રહે અને સેવાકીય પ્રવૃતિઓમાં પરોવાયેલું રહે તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. શાળાના આચાર્ય હરેશભાઈ પરમારે સ્વાગત પ્રવચન કર્યું હતું.

શાળા પરિવાર તરફથી શ્રીફળ, ચોખા, કંકુ, ફૂલહાર, શાલ તેમજ સોનાની વીટી પહેરાવી કેસરાભાઈનું સન્માન કરાયું હતું.કેસરાભાઈ તરફથી ભોયણ તેમજ પ્રિતિનગર બંન્ને શાળાના બાળકો તથા ચાર આંગણવાડીના બાળકો તથા શિક્ષક સ્ટાફ, ગ્રામજનો, મહેમાનોને સ્વરૂચી ભોજનની વ્યવસ્થા કરી હતી.

## રાહના તાલુકા પંચાયતના સદસ્ય તરફથી ક્રિકેટ રસીકોને ક્રિકેટ કિટની ભેટ

પ્રતિનિધિ રાહ

રાહ હાઈસ્કુલની બાજુમાં વિશાળ મેદાન આવેલું છે. જેમાં રાહના અને આજુબાજુ ગામના ક્રિકેટ રસીકો દર શનિવારે અને રવિવારે અને રજાના દિવસે ક્રિકેટ રમતા હોય છે. ત્યારે રાહ તાલુકા પંચાયતના સદસ્ય જગદીશભાઈ હીરાભાઈ પ્રજાપતિ તરફથી ક્રિકેટ રસીકોને ક્રિકેટ કીટની ભેટ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ભાજપના કાર્યકર્તા યુવાનો પંચાયતના સદસ્યો સામાજીક કાર્યકર્તાઓ અને ક્રિકેટના ખેલાડીઓ હાજર રહ્યા હતા.

## વાવ ખાતે પરશુરામ યાત્રાનું સ્વાગત


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ વાવ

ગતરોજ તા.૩/૪/૧૮ ના રોજ વાવ ખાતે આનંદ પ્રકાશ બોડીંગ ખાતે પરશુરામ યાત્રાનું આગમન થતાં સમગ્ર બ્રહ્મ સમાજ વાવ તરફથી ફુલહાર અને શાલ ઓઢાડી સ્વાગત કરાયું હતું. યાત્રામાં ઉપસ્થિત પૂ.રાજેશ્વરજી મહારાજનું પણ ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂ.રાજેશ્વરજી મહારાજે આ યાત્રાના મૂખ્ય હેતુ વિશે સુંદર પ્રવચન આપ્યું હતું આ પ્રસંગે બહોળી સંખ્યામાં બ્રહ્મ સમાજના અગ્રણીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. વાવ ખાતે આવેલી પરશુરામ યાત્રા સમગ્ર વાવ શહેરમાં આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી.

## કાંકરેજ તાલુકાના કાકર ગામે સમોર માતાજીના મંદિરે હવન - યજ્ઞ યોજાયો

તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકાના કાકર ગામે સમોર માતાજીના મંદિરે થરાના મથુરબેન ઓખારામ ત્રિવેદી પરિવાર દ્વારા હવન - યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. યજ્ઞ આચાર્ય - વિધિકારે અરવિંદભાઈ ત્રિવેદી, પ્રવિણભાઈ ત્રિવેદી, રમેશભાઈ ત્રિવેદી પરિવારને સમોર માતાજીના હવન યજ્ઞમાં મથુરમાના આશિર્વાદ સાથે આહુતિ અપાવી હતી. આ પ્રસંગે હરગોવનભાઈ ત્રિવેદી, યશપાલસિંહ વાઘેલા, ડો.એ.કે. પટેલ, લલીતભાઈ વ્યાસ, સુરેશભાઈ ત્રિવેદી, અંબાલાલભાઈ પટેલ, વસાભાઈ પટેલ, હસુભાઈ પટેલ, નરેન્દ્રસિંહ વાઘેલા, શિવરાજસિંહ વાઘેલા, સરતાનભાઈ દેસાઈ, અજીતભાઈ શાહ, લવજીભાઈ થરાદ, ચેહરાભાઈ ગુર્જર, હસુભાઈ ત્રિવેદી, ગોપાલભાઈ જોષી, સતિષભાઈ પટેલ, પરેશભાઈ ઠક્કર, રાજુભાઈ બારોટ, વકીલ, તેજાભાઈ દેસાઈ ડેલીગેટ, મહેશભાઈ જોષી, ઉપેન્દ્રભાઈ પટેલ, દિનેશભાઈ પ્રજાપતિ, રાજુભાઈ વી.પટેલ, રમેશભાઈ વી.પટેલ, જગદીશભાઈ ત્રિવેદી થરાદ, પ્રભારંજન બી.ઓ.બી., ડો.અતુલ માળી, આહીર હરીભાઈ, દામજીભાઈ આહીર, રમેશભાઈ આહીર તથા સગા સંબંધી મિત્રવૃંદ હાજર રહ્યું હતું.

## વડગામના જલોત્રા ગામે શ્રધ્ધાંજલિ કાર્યક્રમ યોજાયો


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિ. વડગામ

પાલનપુરના જગાણા પાસે તાજેતરમાં વહેલી સવારે પીરોજપુરા (છાપી) થી ઓરકેસ્ટ્રા પાર્ટી પૂર્ણ કરી વતન જલોત્રા પરત ફરી રહેલા બાઈકસવારો મયંકકુમાર શ્રીમાળી, જીગરભાઈ કે.મકવાણા દવ્યાંસકુમાર પરેશભાઈ રાવલને અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં મોત નિપજયાં હતાં જેથી સમગ્ર જલોત્રા ગ્રામજનો દ્વારા ગઈકાલ રવિવારે શ્રધ્ધાંજલિ અર્પવા શોક સભાનું આયોજન કર્યું હતું. જેમાં ગ્રામજનો સહિત, તાલુકા, જિલ્લાના રાજકીય અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

## વડગામ શાખા મેનેજરને સિનિયર મેનેજરમાં બઢતી મળી


પુષ્કર ગોસ્વામી

તા.પ્રતિનિધિ વડગામ

બેંક ઑફ બરોડા વડગામ શાખાના મેનેજર કાંનજીભાઈ એલ.પટેલને સીનીયર મેનેજર (વરિષ્ઠ પ્રબંધક) માં પ્રમોશન મળતાં ગતરોજ સોમવાર તા. ૨/૪/૨૦૧૮ ના રોજ બેંક સ્ટાફ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી વડગામ, માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ, વડગામ મિત્રમંડળ, માનવસેવા મંડળ વગેરે સંસ્થાઓ તથા વેપારીઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

## થરાદ પ્રા.શાળા નં-૨(કન્યા શાળા)ની અનુપમ શાળા તરીકે પસંદગી

પ્રતિનિધિ થરાદ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન બનાસકાંઠા, પાલનપુર આયોજિત અનુપમ શાળા એવોર્ડ પ્રોજેક્ટ અંતર્ગત થરાદ પ્રાથમિક શાળા નં-૨ (વિ.મ.પરીખ પ્રા.શાળા) ની પાટણ, મહેસાણા અને બનાસકાંઠાની ટીમ દ્વારા બ્રાહ્ય મુલ્યાંકન કરવામાં આવેલ. તેમજ શાળાના બાળકોની પરીક્ષા લેવામાં આવેલ અને પરિણામના અંતે શાળાને એ (એ) ગ્રેડ આપવામાં આવેલ છે. શાળાને અનુપમ શાળા બનાવવા માટે ટુંકા સમયમાં શાળાના ઉત્સાહી આચાર્ય ડી.એસ.રાજપુતના સતત માર્ગદર્શન હેઠળ શાળાના તમામ શિક્ષકો ભારે જહેમત ઉઠાવેલ. શાળાની પસંદગી અનુપમ શાળા તરીકે થતાં થરાદનું ગૌરવ વધારેલ છે. થરાદ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી આર.વી. બોચિયા, બી.આર.સી. કો.ઓર્ડિનેટર ડૉ.મહેશકુમાર ડાભી, થરાદ સી.આર.સી. કો.ઓર્ડિનેટર હરેશભાઈ ભાટી તરફથી તમામ સ્ટાફને બિરદાવેલ છે.

## સોમનાથ નાગરિક શરાફી મંડળી દ્વારા મૃતકના વારસદારોને વિમા ચેક અર્પણ



ડીસા

સોમનાથ નાગરિક શરાફી સહકારી મંડળીના સદસ્યો માટે મંડળીના ચેરમેન ગણપતલાલ લધાજી માળીએ દરેકના રૂા.૪,૦૦,૦૦૦/- પ્રમાણે અકસ્માત વિમા લીધેલ જેમાં પાલનપુર સવેરા હોટલ પાસે પ્રકાશચંદ્ર ઈશ્વરલાલ સોલંકી અને ભીલડી રોડ ઉપર રમેશભાઈ ગગલદાસ વીરવાડીયાનું અકસ્માતમાં મૃત્યુ થયું હતું જેમાં ઓરિએન્ટલ વીમા કંપનીના બ્રાન્ચ મેનેજર ગૌતમભાઈ પંડયા અને ડેવલોપમેન્ટ ઓફિસર મુકેશભાઈ પંચાલે બન્નેના વારસદારો પૈકી દરેકને ૪,૦૦,૦૦૦/- ચેક ચેરમેન ગણપતલાલ લધાજીને અર્પણ કરેલ છે. આમ કુલ ૮,૦૦,૦૦૦ ના ચેક ચૂકવ્યા હતા.

## યાત્રાધામ ઢીમામાં ભગવાન ધરણીધર મંદિરની સફાઈ


વર્ધાજી ચૌહાણ

પ્રતિ. ઢીમા

વાવ તાલુકાના સુપ્રિસધ્ધ યાત્રાધામ ઢીમા ખાતે પૂનમનો મેળો સંપન્ન થતાં સ્થાનિક વેપારી મિત્રો દ્વારા ભગવાન ધરણીધર મંદિરના ચોકની સફાઈ કરી ઉમદા કાર્ય બજાવ્યું હતું. મેળા દરમિયાન શ્રધ્ધાળુઓનું ઘોડાપુર ઉમટયું હતું. આથી વેપારીઓએ મેળા સંપન્ન થતાં સ્વયંભૂ સફાઈ અભિયાન હાથ ધર્યું હતું.

## દિયોદર તાલુકાના સરદારપુરા(૨) ગામે સંતવાણી કાર્યક્રમ યોજાયો


નટુજી ઠાકોર

પ્રતિનિધિ કોતરવાડા

દિયોદર તાલુકાના સરદારપુરા (૨) ગામે ઠાકોર રમેશજી વાહજીજી તથા ઠાકોર જયંતિજી વાહજીજી (પોલીસ કોન્સ્ટેબલ) ના માતૃશ્રી સ્વ. ઠાકોર સતુબેન વાહજીજીની ચૈત્ર વદ-૧ ને રવિવારે પુણ્યતિથિ નિમિત્તે રાત્રે સંતવાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. ત્યારબાદ સોમવારના ૨/૪/૧૮ ના રોજ ભોજન પ્રસાદ રાખેલ. આ પ્રથમ વાર્ષિક પુણ્યતિથિ પ્રસંગે દિયોદર ધારાસભ્ય શિવાભાઈ ભુરીયા, વાવ-ભાભર ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, દિયોદર તાલુકા પંચાયતના ઉપપ્રમુખ બળવંતજી ઠાકોર આરોગ્ય સમિતિના ચેરમેન અરજણજી ઠાકોર, દિયોદર કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને કોતરવાડા જિલ્લા પંચાયતના સદસ્ય નરસિંહભાઈ રબારી, ઢીમા જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય ઠાકરસિંહભાઈ દેસાઈ તેમજ દિયોદર ભાભરની તમામ ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાએ હાજરી આપી હતી.

## અમીરગઢ પે. કેન્દ્ર સ્કૂલના બાળકોને ભોજન પીરસાયું


વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢ પ્રાથમીક શાળા માં અભ્યાસ કરતા અંદાજે ૬૦૦ જેટલા બાળકો ને અમીરગઢ નિવાસી બાબુલાલ જે મીણા તરફ થી મંગળવારે મિસ્થાન સાથે ભોજન પીરસવા માં આવ્યું હતું આ પ્રસંગે બાબુલાલ મીણા નો પરિવાર સહિત સમાજ ના પહેલાદ ભાઈ મીણા,ભવર લાલ મીણા સહિત આગેવાનો અને શાળા ના આચાર્ય રાજેશ કુમાર, સ્ટાફ હાજર રહ્યો હતો.

## ભૂતેડી પે કેન્દ્ર શાળા ખાતે ધો.૮ના છાત્રોનો વિદાય સમારોહ યોજાયો


સંજય જોષી

પાલનપુર

આજ રોજ ભુતેડી પે.કેન્દ્ર શાળા ખાતે ધોરણ ૮ ના વિધાર્થીઓ નો વિદાય સમારંભ યોજાયો હતો જેમાં વિધાર્થીઓ દ્વારા શાળાને રમત ગમત માટે ફૂલ રેકેટ ની કીટ તેમજ સ્કૂલ ને ઘડિયાળ ની ભેટ આપવામાં આવી હતી આ વિદાય સમારંભ માં બાળકો દ્વારા આ શાળામાં વિતાવેલ પળો ની ઝાખી કરાવતા વિધાર્થી ઓની આખોમાં આંસુ સરી પડ્યા હતા આ વિદાય સમારંભ માં ગામના સરપંચ તેમસજ શાળાના આચાર્ય તમેજ શિક્ષકો ઉપસ્થિત રહી બાળકોને વિદાય લઈ ઉચ્ચ અભ્યાસ માટેની શુભ કામનાઓ પાઠવી હતી.

# થરાદના સણાવિયા પાસે ભુંડ ટકરાતાં કારચાલકને ઇજા


વિષ્ણુ દવે

પ્રતિનિધિ થરાદ
થરાદ તાલુકાના સણાવિયા ગામના સવજીભાઇ રાજપુત પોતાની આઇટવેન્ટી કાર લઇને ગામ તરફ જઇ રહ્યા હતા.દરમ્યાન રાત્રિના સુમારે તેમની કારને એક કદાવર ભુંડ ટકરાયું હતું.જોકે ભુંડને બચાવવાનો પ્રયાસ કરવા છતાં પણ કાર સાથે ટકરાવાના કારણે કારને આગળના ભાગે નુકશાન સાથે ભુંડનું પણ મોત નિપજ્યું હતું.જ્યારે કારચાલકને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

# બાપલામાંથી બાઈકની ઉઠાંતરી

પ્રતિનિધિ બાપલા
ધાનેરા તાલુકાના બાપલા ગામે આવેલ દૂધ મંડળી તા.૩૧/૩/૨૦૧૮ ના સાંજના સમયે દેવાભાઇ રાવતા ભાઈ પટેલના કુવા ઉપર ભાગીયા તરીકે કરતા ગરાસિયા નવારામ દલાજી. રહે.બાદરપુરા તા.સિરોહી (રાજસ્થાન) વાળા બાપલાંમાં આવેલ દૂધ મંડળીમાં પોતાનું માલિકીનું હીરો સી .ડી.ડિલક્સ મોટરસાયકલ નં.RJ.38 SB 3991 લયી દૂધ મંડળીમાં લગભગ ૭.૩૦થી ૮.૦૦ વાગ્યાના સાંજના સમય દૂધ ભરાવીને દૂધનો પગાર લેવા મંડળીના મંત્રીની કેબિનમાં ગયેલા. દૂધ પગાર લયીને પરત ફરતા પોતાનું ઉપરોક્ત મોટર સાયકલ ન દેખાતા બાઈકની ઉઠાંતરી થયેલ જણાયું હતું. જે શોધ ખોળકરતા નહીં મળતાં આખરે પાંથાવાડા પોલીસને જાણ કરાયી હતી. પાંથાવાડા પી.એસ.આઈ. એલ.પી. રાણા સાહેબ દ્વારા બે અલગ અલગ ટિમ બનાવી બાઈકની શોધખોળ હાથધરાહી હતી. જેની તપાસ બાપલા આઉટ પોલિસ સ્ટે.નાજમાદાર રમેશભાઈ ચલાવી રહ્યાં છે. પરંતુ આ લખાય છે. ત્યાં સુધી એફ.આઈ.આર.ની નોંધ ન કરાતાં ફરિયાદીએ નારાજગી વ્યક્ત કરી છે.

બાપલા રાજસ્થાન બોર્ડરથી માત્ર ૨થી ૫ કી.મી.જેટલું અંતર ધરાવતું હોવાથી અહીં અવારનવાર રોજિંદા કિસ્સાઓ બનવા પામેલ છે. તેમજ આ ચોર રસ્તે અવારનવાર દારૂની ગાડીઓ બદરી ભરેલ ડમ્પરો તેમજ રાજેસ્થાન તરફથી આવતી ગાડીઓ બેફામ રીતે ચાલે છે તેવા વાહન માલિકો સામે પોલીસ પગલાં ભરે તેવી લોક માંગ છે.

# ધાનેરામાં ટ્રેન નીચે કપાઈ જતાં આધેડનું મોત

તા.પ્રતિ. ધાનેરા
ધાનેરામાં ગઈકાલે વહેલી પરોઢે શહેરના કોટડા વિસ્તારમાં રહેતા બાબુભાઈ સેનાભાઈ માજીરાણા રેલ્વે પુલ નીચે ગોગા મહારાજના મંદિર પાસે ટ્રેન નીચે આવી જતાં તેમનું ઘટના સ્થળે કરૂણ મોત નિપજ્યું હતું. આ બાબતની જાણ થતાં પોલીસે ઘટના સ્થળે આવી લાશનું પી.એમ. કરાવી વાલી વારસોને સોંપી હતી.

# વડગામના રૂપાલ ગામે મહેમાનને સગાએ ફટકારતાં સારવાર અર્થે ખસેડાયા

તા.પ્રતિ. વડગામ
વડગામના રૂપાલ ગામે પટણી વાસમાં મહેમાન ગતિ કરવા આવેલ એક યુવકને સગાંએ ફટકારતાં ૧૦૮ ઈમરજન્સી સેવા વડગામ દ્વારા સામુહીક આરોગ્ય કેન્દ્ર વડગામમાં સારવાર આપવામાં આવી હોવાનું ૧૦૮ ઈમરજન્સી સેવાના સૂત્રોએ જણાવ્યું હતું. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ સિધ્ધપુરના પોપટભાઈ પટણી ઉ.વર્ષ ૪૦ ગતરોજ રૂપાલ ગામે પટણી વાસમાં મહેમાન બન્યા હતા જ્યાં કોઈ કારણોસર તેમના સગાંએ ફટકારતાં વડગામ ૧૦૮ ઈમરજન્સી સેવાને જાણ કરતાં ઈએમટી પ્રવિણાબેન અને પાયલોટ પરથીભાઈ ખસોર દ્વારા રેફરલ હોસ્પિટલ વડગામમાં સારવાર અર્થે રીફર કરાયા હતા.

# કુડા પ્રા.શાળામાં સ્ટાફ દ્વારા સ્કોલર ઓફ ધી યર પ્રવૃતિ શરૂ કરાઈ

**વિજેતા વિદ્યાર્થીઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવ્યું**



પ્રતિનિધિ લાખણી
લાખણી તાલુકાના કુડા પે.કે.શાળામાં વિદ્યાર્થીઓમાં બાહ્ય જ્ઞાન ચકાસવા તેમજ આજના સ્પર્ધાત્મક પરીક્ષાના યુગમાં પરીક્ષાનો ડર દૂર કરવાના હેતુથી શાળાના આચાર્ય તથા સ્ટાફ દ્વારા શાળામાં "સ્કોલર ઓફ ધી યર" ની નવી પ્રવ્રુતિ શરૂ કરવામાં આવી હતી અને આ પ્રવ્રુતિ માં પ્રથમ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીને શિલ્ડ તેમજ પ્રમાણપત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

લાખણી તાલુકાના કુડા પગાર કેન્દ્ર શાળા ખાતે વિદ્યાર્થીઓનું જ્ઞાન ચકાસવા તથા વિકસતા વિશ્વના નવીન જ્ઞાન વિશે જાગૃત રહે તેમજ આવનારા સમયમાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓના પડકારનો સામનો કરવાતાં શીખે તે હેતુથી શાળાના આચાર્ય ડૉ.કમલેશ ગોસાઇ તથા સ્ટાફ મિત્રોએ શાળામાં "સ્કોલર ઓફ ધી યર" નામની પ્રવ્રુતિ શરૂ કરી વિદ્યાર્થીઓનું જ્ઞાન ચકાસવામાં આવ્યું હતું. જેમાં વિજેતા થયેલ ધોરણ-૮ ના વિદ્યાર્થી વિજેશ રાણાજી મોદીને ટ્રોફી તથા પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

# ટ્રેઝરી ઓફિસ પાલનપુરના હીસાબનીશ વયનિવૃત્ત થતાં વિદાય સમારંભ યોજાયો



પાલનપુર
બનાસકાંઠા જિલ્લા ટ્રેઝરી ઓફિસ પાલનપુર ખાતે નાયબ હિસાબનીશ તરીકે સેવા આપતાં વિનુભાઇ હીરાભાઇ જોષી તા. ૩૧ માર્ચના રોજ વયનિવૃત્ત થતાં જિલ્લા તિજોરી અધિકારી જે.આઇ.દેસાઇના અધ્યક્ષસ્થાને સ્ટાફ ધ્વારા વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે અધિકારી, કર્મચારીઓ ધ્વારા શાલ, ફુલહાર અને મોમેન્ટો અર્પણ કરી તેમનું સન્માન કરવામાં આવ્યું હતુ. વિનુભાઇ જોષીની ઓફિસમાં

અનુસંધાન પાના નં.૬

**એપ્રિલના આરંભે જ....**

# વાવ - સુઈગામ પંથકમાં ગરમીનો પારો આસમાને

**રણમાં વિહરતા વન્ય જીવોની હાલત કફોડી**

તાલુકા પ્રતિનિધિ વાવ
એપ્રિલના આરંભથી જ વાવ-સુઈગામ પંથકમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રીની હદ વટાવી ચુક્યો છે. બપોરે ૧૨ થી ૪ સુધી 'હીટવેવ' નો ભારે પ્રકોપ જારી રહે છે. સૂર્યદાદા પોતાનું રુદ્રસ્વરૂપ ધારણ કરતાં જનજીવન ઉપર માઠી અસર વર્તાઈ રહી છે. ગરમીના તીવ્ર પ્રકોપ વચ્ચે વૃદ્ધો, નાના બાળકો, સગર્ભા બહેનો તેમજ અસ્થમા, હાર્ટના દર્દીઓ ભારે વિમાસણમાં મુકાઈ ગયા છે. બપોરે ૧૨ થી ૪ ના સમય દરમિયાન ચશ્મા કે ટોપી વિના બહાર નીકળવુ મુશ્કેલ બની ગયું છે. સૂર્યની તીવ્ર પ્રકોપની ભારે અસર વર્તાઈ રહી છે.

સરહદી રણવિસ્તાર ધરાવતા સુઈગામના કસ્ટમ રોડ પર આવેલા સુઈગામ, ભરડવા, ચતરપુરા, અસારા, રાછેણા, લોદ્રાણી, ચોથાનેસડા, ચંદનગઢ, કુંડાળિયા, બારડવી, માવસરી, રાધાનેસડા જેવા ગામોમાં એપ્રિલના આરંભથી જ પારો ૪૫ ડિગ્રીએ પહોંચી ચુક્યો છે.

જો કે મેના અંત સુધીમાં આ વિસ્તારનું તાપમાન ૪૫ ડિગ્રીએ પહોંચી ચુક્યો છે. જો કે મેના અંત સુધીમાં આ વિસ્તારનું તાપમાન ૪૯ ડિગ્રીએ પહોંચી જાય છે. ત્યારે રણવિસ્તારના અભ્યારણમાં ભટકતા વન્ય જીવો પાણી અને છાયાના અભાવે તરફડીને મોતને ભેટે છે. આમ મે માસમાં રણવિસ્તાર ધરાવતા વિસ્તારોમાં વન્યજીવોનું અસ્તિત્વ ભારે જોખમમાં મુકાઈ જાય છે.

મે મહિનામાં આ વિસ્તારમાં અગનગોળાનો વરસાદ વરસે છે. લૂ અને ગરમીનો તીવ્ર પ્રકોપ જારી રહે છે. લોકો બપોરે ૧૨:૦૦ થી સાંજે ૬:૦૦ સુધી બહાર નીકળવાનું ટાળે છે. લોકો તો પોતાના બચાવ માટે પંખા, એરકુલર, એ.સી., ઠંડાપીણાનો ઉપયોગ કરી ગરમીથી બચે છે. પરંતુ વન્યજીવોનું અસ્તિત્વ જોખમાય છે. ત્યારે વનવિભાગ અબોલ જીવો માટે પાણી છાયાની વ્યવસ્થા કરે તે જરૂરી છે.

**રવિયાણાના પડતર પ્રશ્નનું નિરાકરણ**

# કાંકરેજ તાલુકા વિકાસ અધધિકારીની વહીવટી કુનેહથી ગ્રામજનોમાં ખુશાલી


મહાદેવ પરમાર

પ્રતિ. રવિયાણા
કાંકરેજ તાલુકાના રવિયાણા ગામના વોર્ડ નં.-૮ ના રહીશોને છેલ્લા ૭ વર્ષથી ગટરની માંગણીનું સુખદ નિરાકરણ કાંકરેજ તાલુકા વિકાસ અધિકારી અનિલભાઈ ત્રિવેદીએ લાવતા તેમજ તાત્કાલિક નવીન ગટરલાઈન નંખાવી આપતાં વોર્ડના રહીશોમાં આનંદની લાગણી જોવા મળેલ અત્રે એ યાદ આપવું જરૂરી કે વોર્ડમાં છેલ્લા ૭ વર્ષથી ગ્રામકક્ષાએથી તાલુકા તેમજ જિલ્લાકક્ષાએ સ્થાન્કિ રહીશો દ્વારા લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતાં આ પ્રશ્નનું નિરાકરણ આવતું ન હોતું પણ ટી.ડી.ઓ ત્રીવેદીને લેખિત રજુઆત કરતા તેઓ રવિયાણા ગામની મુલાકાત લઈ સ્થળ નિરિક્ષણ કરી નવીન ગટરલાઈનની મંજુરી આપી નવીન ગટર લાઈન તાત્કાલિક ધોરણે નંખાવી ખરા અર્થમાં વહીવટી કાબેલિયત દાખવી છે. જેથી સ્થાનિક રહીશો ટી.ડી.ઓ.ની કામગીરીથી પ્રભાવિત થયેલ.

# બનાસકાંઠા જિલ્લા દેવસ્થાન ટ્રસ્ટ રજીસ્ટાર તપાસ કરશે ખરા ?

તા.પ્રતિ વડગામ
વડગામ પંથકમાં વિકસીત એક ગામમાં કાર્યરત મંદિર ટ્રસ્ટમાં વાર્ષિક મોટું ટર્ન ઓવર સહિતનો વહીવટ ચાલે છે. જેમાં મેનેજીંગ ટ્રસ્ટી અને કારોબારી ટ્રસ્ટીઓ તથા ટ્રસ્ટના વહીવટ માટે માનદ વેતનથી બે વડીલો સેવા આપી રહ્યા છે. છતાં આ ટ્રસ્ટના ક્રાઈટ એરીયામાં ચલાવાતી વિવિધ પ્રવૃત્તિઓ પૈકી કેટલીક પ્રવૃત્તિઓ ટ્રસ્ટના ચોપડે ઉધાર્યા વગર અધ્ધર ચાલે છે જે ગામમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ અંગે ગામના જાગૃત નાગરિક દ્વારા જિલ્લા દેવસ્થાન ટ્રસ્ટ રજીસ્ટારની કચેરીમાં રજુઆત કરી છે.

# શિહોરી વકીલ મંડળના હોદ્દેદારોની બિનહરીફ વરણી


વિજય સિલ્વા

પ્રતિનિધિ શિહોરી
ગત તા. ૨/૪/૨૦૧૮ ના રોજ શિહોરી વકીલ મંડળની એક સામાન્ય સભા બાર રૂમ ખાતે યોજાયેલ. જેમાં શિહોરી વકીલ મંડળના પ્રમુખ તરીકે સર્વાનુમતે અશ્વિનભાઈ વી.શાહની નિમણુંક કરવામાં આવેલ છે. તેમજ અન્ય હોદ્દેદારોમાં ઉપપ્રમુખ તરીકે વકીલ એમ.સી.પરમાર, મંત્રી તરીકે વકીલ કે.એલ.શ્રીમાળી અને સહમંત્રી તરીકે આર.ડી. દરજી તથા ખજાનચી તરીકે બી.કે.ઠાકોરની બિન હરીફ વરણી કરેલ છે.

આ સભામાં સિનિયર વકીલો ડી.વી.દેસાઈ, આર.કે.મનસુરી, પી.બી.જોષી, એમ.આર. મકવાણા, બી.વી.દેસાઈ, દિનુભા ડાભી તથા સર્વ વકીલો હાજર રહ્યા હતા. આ પ્રસંગે નવનિયુક્ત પ્રમુખે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં શિહોરી બારના નવા બિલ્ડીંગ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તથા શિહોરી બારના ઉત્સાહી યુવા એડવોકેટ શિવશંકર એન. જોષી (લીગલ એલ. કન્વીનર કાંકરેજ તાલુકા ભાજપ) દ્વારા પ્રમુખનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

# જુનાડીસામાં નવી આકારણીની કામગીરીનો પ્રારંભ



ડીસા
ડીસા તાલુકાના સૌથી મોટા જુનાડીસા ગામે ૨૦ વર્ષ જુની આકારણીના નવીનીકરણ અને આધુનિકીકરણની કામગીરીનો સરપંચ, ઉપસરપંચ તલાટી અને પંચાયત સભ્યોની હાજરીમાં પ્રારંભ કરાયો છે.

નવાબી નગર જુનાડીસામાં આવેલી મિલકતોની આકારણી ૨૦ વર્ષ જૂની છે. જેનો પૂરતો વેરો પણ ભરાતો નથી. જેને ધ્યાને લઈ રાજ્ય સરકારના અભિગમ મુજબ ગામમાં આવેલ તમામ મિલકતોની આધુનિક નવી આકારણી કરવાનું ગ્રામ પંચાયત દ્વારા ઠરાવવામાં આવ્યું છે. જેનું કામ ખાનગી એજન્સીની ટીમને સોંપવામાં આવ્યું છે. જે ટીમે 'ડોર ટુ ડોર' ફરીને નવી આકારણીના સર્વેની કામગીરી શરૂ કરેલ છે. ત્યારે ગ્રામ પંચાયત દ્વારા ગ્રામજનોને ટીમ નવી આકારણી માટે આવે ત્યારે જરૂરી દસ્તાવેજો સહિતની માહિતી આપી સાથ અને સહકાર આપવા અનુરોધ કરાયો છે.

**નવ મહિના અગાઉ રોડનું સામાર કામ થતું નથી**

# થેરવાડાથી ઝેરડા જતો રોડ વાહન ચાલકો માટે જોખમી



ડીસા
ડીસા તાલુક ના થેરવાડા ગામની પ્રાથમિક શાળા ની પાસે બનેલા નાળા ઉપર નવ મહિના પહેલા ભારે વરસાદ થવાથી નાળો બનતા સમગ્ર નાળા પર તિરોડો ખાડા પડેલ છે આ નાળા ઉપર બનાવેલ રોડ બાઈવાડા વિઠોદર જાવલ જેવા ગામે ઝેરડા થી થેરવાડા રોડ જોડેલ છે અગાઉ નાળુ બનતા માત્ર નામ બન્યું છે એટલું જ નહીં નાળા ની સાઈડ માં પાણી ના ધસમસતા પ્રવાહ ના કારણે ઊંડા ખાડા પડી ગયા છે વાહન ચાલકો માટે આગળ ખાઈ અને પાછળ કુવા જેવા ઘાટ ઘડાવે છે અગાઉ રજુઆત કરવા છતાંય કોન્ટ્રાક્ટર અને તંત્ર ની મિલી ભગત થી આંખ આડા કાન કરવામાં આવ્યા હતા આ બાબતે ગામ ના સરપંચ શ્રી એ જણાવ્યું કે આ નાળા માં ગુણવતા વગર નો હલકો માલ વાપરી શોભા ના ગાંઠિયા જેવું કામ કરેલ છે અને આબાબત્તે ઝેરડા થેરવાડા રોડ વચ્ચે વ્યવસ્થિત નાળો બનાવવા માં આવે તેનું સમાર કામકરવા માટે અમે ૨૯/૦૧/૨૦૧૮ ના રોજ મારા લેટર પેડ ઉપર કાર્યપાલક ઈજનેર સાહેબ માર્ગ અને મકાન પંચાયત વિભાગ માં રજુઆત કરી છે પણ હજુ સુધી તંત્ર દ્વારા આ નાળા ની તાપસ કે સમાર કામ થતું નથી તો આ નાળા નું સમાર કામ કરવામાં આવે એવી ગામ જનોની માગણી છે.

અનુસંધાન પાના નં.૬

# ગણેશપુરા(મુડેઠા) પ્રા.શાળામાં વર્ગખંડના અભાવે બાળકો ખુલ્લામાં અભ્યાસ કરવા મજબુર

**વર્ષ ૨૦૧૫ માં પૂર સમયે શાળાને ભારે નુકશાન થયુ હતું : નવા વર્ગખંડ નહી બને તો વાલીઓની શાળાને તાળાબંધી કરવાની ચિમકી**


સાદુલસિંહ રાઠોડ

પ્રતિનિધિ મુડેઠા
ડીસા તાલુકાની ગણેશપુરા (મુડેઠા) પ્રાથમિક શાળામાં ધો.૧ થી ૮ વચ્ચે માત્ર ચાર ઓરડા હોવાથી બાળકો ખુલ્લામાં બેસીને અભ્યાસ કરવા મજબુર બન્યા છે. નવા વર્ગખંડ બનાવવા વારંવાર રજુઆતો કરવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી. આથી આ બાબત ધ્યાને નહી લેવાય તો આગામી સત્રથી શાળાને તાળાબંધી કરવાની વાલીઓએ ચિમકી આપી છે.

રાજય સરકાર દ્વારા છેવાડાના ગામનું કોઈ બાળક શિક્ષણથી વંચિત ન રહી જાય તે માટે અનેકવિધ યોજનાઓ થકી કરોડો રૂપિયાની ગ્રાન્ટો ફાળવવામાં આવે છે. પરંતુ કેટલીક જગ્યાએ દીવા તળે અંધારા જેવી સ્થિતિ જોવા મળે છે. ડીસા તાલુકાના મુડેઠા નજીક આવેલ ગણેશપુરા (મુડેઠા) પ્રાથમિક શાળાના છ ઓરડા પૈકી બે ઓરડા વર્ષ ૨૦૧૫ માં આવેલ વિનાશક પૂરમાં ક્ષતિગ્રસ્ત થયા હતા. આથી તે બે ઓરડા બંધ કરી દેવામાં આવ્યા છે.

અનુસંધાન પાના નં.૬

# ડીસામાં ડેન્ગ્યુનો રીપોર્ટ ખોટો આપનાર લેબોરેટરી વિરૂધ્ધ આરોગ્ય વિભાગમાં રજુઆત

ડીસા
ડીસાના માલગઢ ખાતે રહેતા કેશવલાલ ઈશ્વરલાલ માળી (પઢિયાર) ના પુત્ર કિર્તીભાઈની તાવ આવતો હોઈ તા.૨૦/૩/૧૮ ના રોજ ડીસાની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયો હતો. જ્યા ડોક્ટરે તેની લેબોરેટરી કરાવવાનુ રહેતા શહેરની ક્રિષ્ના લેબોરેટરીમાં બ્લડ સેમ્પલની ચકાસણી કરાઈ હતી. જેમાં કિર્તીભાઈને ડેન્ગ્યુ પોઝીટીવ હોવાનો રીપોર્ટ આપતાં તેને અમદાવાદ ખાતે વધુ સારવાર માટે લઈ જવાયા હતા. અમદાવાદની ઝાયડસ કેડીલા હોસ્પિટલના તબીબે કિર્તીભાઈનો ફરીથી રીપોર્ટ કરાવતા ત્યાંની લેબોરેટરીમાં ડેન્ગ્યુ નેગેટીવ હોવાનું જાણવા મળ્યું હતું. આમ આવા ખોટા રીપોર્ટના આધારે કેશવલાલ માળીને રૂ.૨૫ હજારનો ખોટો ખર્ચ કરવો પડ્યો હતો. આથી તેઓએ ડીસાની ક્રિષ્ના લેબોરેટ-રી પાસે વળતર અંગેની સ્પષ્ટતા માટે તાલુકા હેલ્થ ઓફીસરને લેખીત રજુઆત કરી છે.

# ક્ષત્રિયોના સાત ગુણોના નિર્માણ માટે શ્રી ક્ષત્રિય યુવક સંઘની ગામેગામ યાત્રા

**સંઘ સંદેશને જીવનમાં ઉતારવા સમાજના લોકોએ કટીબધ્ધતા બતાવી**


સંજય જોષી

પાલનપુર
ભગવત ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ ક્ષત્રિયની અંદર સાત ગૂણો બતાવ્યા છે. આ ગૂણોને દરેક ક્ષત્રિય જીવનમાં ધારણ કરે તે માટે બનાસકાંઠા જિલ્લામાં શ્રી ક્ષત્રિય યુવક સંઘ દ્વારા ગામેગામ યાત્રા કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ત્રણ ટીમો બનાવી ત્રણ દિવસમાં ૪૬ ગામોનો સંપર્ક કરી સંઘ સંદેશ અને શાખાનું મહત્વ જણાવવામાં આવ્યું હતુ. જ્યાં સંઘ સંદેશને જીવનમાં ઉતારવા સમાજના લોકોએ કટીબધ્ધતા દાખવી હતી.

બનાસકાંઠા શ્રી ક્ષત્રિય યુવક સંઘની શાખા દ્વારા ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણએ વર્ણવેલા ક્ષત્રિયોના સાત ગૂણો દરેક ક્ષત્રિય ધારણ કરે તે માટે સંપર્ક યાત્રા કરવામાં આવી હતી. ત્રિદિવસીય આ સંપર્ક યાત્રામાં ત્રણ ટીમો બનાવવામાં આવી હતી. જેમાં પ્રથમ ટીમમાં દિગ્વિજયસિંહ (પલવાડા), અજીતસિંહ (કુણઘેર), ગુમાનસિંહ (માડકા), ધાનસિંહ (લોરવાડા), તનેગજસિંહ (લોરવાડા)એ થરાદ, વાવ અને સૂઇગામના સત્તર ગામો જ્યારે ટીમ નં. બેમાં છનુભા (પછેગામ, ભાવનગર), ઈશ્વરસિંહ (આરખી, દાંતીવાડા), અર્જુનસિંહ

અનુસંધાન પાના નં.૬

# વાવ - ઢીમા રોડ ઉપર આગ લાગતા ખેડૂતનું ઝુંપડું બળીને ભસ્મીભૂત


વિષ્ણુ પરમાર

તા.પ્રતિ. વાવ
વાવ ઢીમા રોડ પર વાવથી ૪ કી.મી.ના અંતરે આવેલા ભીખાભાઈ ઉમટ (રાજપૂત) ના ખેતરમાં ભાગીયા તરીકે કામ કરતા વજાભાઈ માનાભાઈ ઠાકોર ખેતરમાં કાચુ ઝુંપડું બનાવી વસવાટ કરે છે. ગતરોજ તા.૩/૪/૨૦૧૮ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે કાચા ઝુંપડામાં આકસ્મીક રીતે આગ લાગતા ઝુંપડીમાં પડેલું અનાજ, ઘરવખરી, એરંડા, જીરૂ તેમજ રોકડ રકમ સહિત બળીને ભસ્મીભૂત થઈ ગયું હતું જોકે આ બાબતની જાણ થતાં આજુબાજુમાં રહેતા રહીશોને પાણી ટેન્કર લાવી આગને કાબુમાં લીધી હતી. પરંતુ એક ગરીબ પરિવારના ઝુંપડાની તમામ ઘરવખરી બળીને ભસ્મીભૂત થતાં ઠાકોર પરિવાર ભારે વિમાસણમાં મુકાઈ ગયો હતો. જે સંદર્ભે વાવ મામલતદાર અને ટી.ડી.ઓ.ને પણ જાણ કરી હોવાનું જાણવા મળેલ છે.

# જીપીસીબી દ્વારા નર્મદા કલીન ટેકના ૧૪ ડાયરેકટરોને લીગલ નોટીસ ફટકારતા હડકંપ

અંકલેશ્વર
ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા નર્મદા કલીન ટેકના ૧૪ ડાયરેકટરોને નર્મદા કલીન ટેક દ્વારા આઉટલેટના નોર્મ્સ નહીં મેળવવા બદલ લીગલ નોટીસ પાઠવીને ૧૫ દિવસમાં ખુલાસો માંગવામાં આવ્યો છે. જેને લઈને ડાયરેક્ટરની દોડધામ વધી ગઈ છે. આગામી રણનીતિ તૈયાર કરવાની ગડમથલ વધી ગઈ છે.

જીપીસીબી દ્વારા નર્મદા કલીન ટેકના ચેરમેન, વાઈસ ચેરમેન સહિત ૧૪ ડાયરેક્ટરોને ૨૨ મી માર્ચે લીગલ નોટીસ ફટકારતા સોપો પડી ગયો છે. છ પાનાની આ નોટસમાં નર્મદા કલીન ટેક દ્વારા આઉટલેટના નોર્મ્સ ન પાળવા માટે ખુલાસો માંગવામાં આવ્યો છે. આ ઉપરાંત હેઝાર્ડસ વેસ્ટના મિસમેનેજમેન્ટનો પણ ખુલાસો માંગવામાં આવ્યો છે. તેમજ ઈનલેટના નોર્મ્સનુ પાલન ન થતું હોવાને લઈને મેમ્બર ઈન્ડસ્ટ્રીઝને શિસ્ત પાલન કરાવવામાં નિષ્ફળ ગયા છે. સાથે સાથે હાઈડ્રોલીક લોડ ઉપર કાબુ નથી. તેના નિયત માત્રા કરતા વધારા ઉપર પણ ખુલાસો માંગવામાં આવ્યો છે.

આ ઉપરાંત નિયત સમયમાં અપગ્રેડેશન કરવાનો જે એકશન પ્લાન જૂન-૨૦૧૭

અનુસંધાન પાના નં.૬

**ડીસા નગરપાલિકા**
**જાહેર નિવિદા**
સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ડીસા નગરપાલિકા વિસ્તારમાં રહેણાંક મિલ્કત ધારકોમાં જે મિલ્કત ધારક સને ૨૦૧૮/૧૯ ના વર્ષનો પાછલી બાકી સહીત ચાલુ વર્ષનો વેરો ચુકતે કરશે તેમને નગરપાલિકા તરફથી સુકો અને ભીનો કચરો અલગ અલગ રાખવા બે ડસ્ટબીન ફ્રી (મફત) માં આપવામાં આવશે જેની દરેક રહેણાંક મિલ્કત ધારકોએ નોંધ લેવા વિનંતી છે.
નં.ન.પા.સેની/વશી સને ૨૦૧૮/૧૯
નગરપાલિકા કચેરી
ડીસા તા.૦૩-૦૪-૨૦૧૮ ડીસા નગરપાલિકા

**ગુજરાત સરકાર**
**નર્મદા જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**ઓન લાઈન ટેન્ડર જાહેર નિવિદા નં.૯ સને ૨૦૧૭-૧૮**
કાર્યપાલક ઈજનેર, જળ સંપતિ સંશોધન વિભાગ, ટી - ૧૬, સેવા સદન - ૨, જોરાવર પેલેસ, પાલનપુર - ૩૮૫૦૦૧ ફોન નં.૦૨૭૪૨ - ૨૫૮૭૧૬ ની કચેરીએથી કુલ ૧(એક) કામ જેની અંદાજી રકમ રૂા.૧૬૮.૮૨ લાખની છે. જેમાં "બી" વર્ગ અને ઉપરની શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીગ પધ્ધતિ દ્વારા ટેન્ડરો માંગવામાં આવે છે. વિગતવાર નોટીસ વેબ સાઈટ ઉપર તા.૦૪/૦૪/૨૦૧૮ અને ત્યારબાદ જોઈ શકાશે, અને ડાઉન લોડ કરી શકાશે.
આ કામની વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીનો સંપર્ક સાધવાથી મળી શકશે તથા નોટીસ માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com પર પણ જોઈ શકાશે.
ક્રમાંક: નામાનિ/પાલન/૧/૧૮-૧૬

## તંત્રી સ્થાનેથી ...

### આનંદ એ પરમાત્માનું સ્વરૂપ છે.

# હસવાનું થયું ખસવું ?

દેશની સંસદ હવે ગંભીર સ્થાન નથી રહી. સામાન્ય રીતે સંસદમાં ગંભીર મુદ્દાઓ પર ચર્ચાઓ થતી હોય છે. પણ ક્યારેક થોડી હળવી પળો પણ સાંસદો-મંત્રીઓ ચૂટકી લઈને માણી લેતા હોય છે. પણ આજકાલ કોઈની વાત પર એકાદ ટકોર કરીને આનંદ લેવાને બદલે અન્યોને ઉતારી પાડવા, તેમની ભદ્દી મજાક ઉડાવવાના પ્રયાસો થવા લાગ્યા છે. ક્યારેક ટીડીપી તરફથી સંસદમં ચૂંટાઈને અટલ બિહારી વાજપાયીના વડપદ હેઠળની એનડીએ સરકારમાં મંત્રી રહી ચૂકેલા રેણુકા ચૌધરી ૨૦૦૪ પછી સત્તા વિહોણા થઈ જતાં કોંગ્રેસમાં જોડાઈ ગયા છે અને 'ગાંધી ભક્તિમાં' ઓતપ્રોત થઈ ગયા છે. કોની ભક્તિ કરવી તે વ્યક્તિનો પોતાનો અધિકાર છે. એ માટે એ માટે કોઈ મર્યાદા નથી. પણ કોઈને નફરત કરવા માટે સ્વનિયંત્રણ હોવું જરૂરી છે. જે સાંસદો જાળવતા નથી. બુધવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સંસદમાં રાષ્ટ્રપતિના અભિભાષણ બદલ આભાર પ્રસ્તાવ પર પ્રવચન કરી રહ્યા હતા ત્યારે કોંગ્રેસી નેતા રેણુકા ચૌધરી આ મર્યાદાનું ઉલ્લંઘન કરીને તેમના દરેક વાક્ય પર અટ્ટહાસ્ય કરીને તેમની સતત મજાક ઉડાવી રહ્યા હતા. વડાપ્રધાનની વાતો પર તેમને કંઈ કહેવાનું હોય તો તેઓ પાછળથી જરૂર કહી શકતા હતા પણ શેરીના મવાલી છાપ છોકરાઓની જેમ વડાપ્રધાન જેવી વ્યક્તિના બોલેબોલ પર અટ્ટહાસ્ય કરીને તેમને મજાકનું પાત્ર બનાવવાનો તેમનો આ પ્રયાસ અશોભનીય હતો. સતત વણઅટકી તેમની હરકતોથી રાજ્યસભાના અધ્યક્ષ વેંકૈયા નાયડુ પણ ત્રાસી ગયા હતા અને તેમણે રેણુકાને શાંતિ જાળવવા કહેવું પડ્યું હતું. વેંકૈયાની ટકોરને હળવાશમાં પલટાવવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, 'તમે એમને હસતા ન રોકો. રામાયણ સિરિયલ બાદ વરસો પછી આવું હાસ્ય સાંભળવા મળ્યું છે.'

અટહાસ્ય જેવી હરકત સામે મોદીની આ સામાન્ય મજાક હતી. તેમણે રેણુકાના હાસ્યને કોઈ ચોક્કસ હસ્તી સાથે સીધું સરખાવ્યું નહોતું. પણ રામાયણ સીરિયલમાં આવું અટ્ટહાસ્ય રાવણ અને સુપર્ણખા જેવા રાક્ષસ કુળના લોકો કરતા હતા. જો રેણુકા અટ્ટહાસ્ય કરીને મોદીને ઉતારી પાડવાની કોશિશ કરવાનો પોતાનો અધિકાર સમજતા હોય તો મોદીને તેમના પર થોડી ટકોર કરવાનો અધિકાર તેમણે માન્ય કરવો પડે. રેણુકા જાતે મર્યાદા ચક્યા પછી બીજાને મર્યાદાનો પાઠ પઢાવી શકે નહીં. હવે તેઓ ભારતીય મહિલાઓના ગૌરવ અને ગરિમાને ઝાંખપ લગાડાયાનો આક્ષેપ કરી રહ્યા છે. ખરેખર તો મહિલાઓના ગૌરવ અને ગરિમાને આ ઝાંખપ તેમણે પોતે જ લગાવી છે.

ભારતીય મહિલાઓ તો સદ્ભાવ અનેસૌજન્યની મૂર્તિ ગણાય છે. તેઓ કદી આછલકાઈ ન કરે એવી સૌની માન્યતા અને સમજણ છે. કોઈ ઉપર હસવું એ ખોટું નથી પણ કોઈ પણ અટ્ટહાસ્ય કરવું અભદ્ર છે. રેણુકા પોતે જ મહિલાઓની ગરિમાની મર્યાદા તોડીને અટ્ટહાસ્ય હર્યું હતું. કોંગ્રેસી નેતાઓ આ ઘટનાના પગલે મેદાનમાં ઉતરી આવ્યા છે અને મોદી પર અભદ્ર ટિપ્પણી કરવાનો આક્ષેપ કરી તેઓ માફી માગે એવી માગણી કરી રહ્યા છે. પરંતુ તેઓ એ ભૂલી રહ્યા છે કે, તેમના નેતાઓ અવારનવાર કોઈ ને કોઈ ટાંકણે અભદ્ર ટિપ્પણીઓ કરતા રહ્યા છે. પોતે ગોળ ખાય છે છતાં બીજાને ગોળ નહીં ખાવાની સલાહ આપે છે મણિશંકર ઐયરે બે મહિના પહેલાં જ વડાપ્રધાનને નીચ કહેવા સુધીની નીચતા કરી હતી તે વાત કોંગ્રેસના નેતાઓ ભૂલી ગયા છે.

મોદી માટે અભદ્ર શબ્દોનો મારો ચલાવવાની શરૂઆત તો કોંગ્રેસના સર્વોચ્ચ નેતા અને પૂર્વ અધ્યક્ષા સોનિયા ગાંધીએ કરી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રસંગે મોદી માટે 'મૌત કા સોદાગર' શબ્દોનો પ્રયોગ તેમણે કર્યો હતો. ત્યારે તેઓ શું મોદી પર ફુલ વરસાવતા હતા ? કોંગ્રેસ નેતા આનંદ શર્માએ મોદીને માનસિક રીતે અસ્થિર કહ્યા હતા તે કોઈ ભૂલ્યું નથી. દિગ્વિજયસિંહે મોદી સરકારને રાક્ષસરાજ ગણાવી હતી એ કોંગ્રેસીઓ કેમ ભૂલી જાય છે ?યુપી કોંગ્રેસના અધ્યક્ષ રહી ચૂકેલા પ્રમોદ તિવારીએ મોદીને હિટલર, મુસોલિની અને ગદાફી જેવા નેતાઓની યાદીમાં મૂકતું નિવેદન કર્યું હતું તે શું વખાણવા લાયક હતું ? જયરામ રમેશે મોદીને ભસ્માસૂર સાથે સરખાવ્યા હતા અને કોઈ એક નેતાએ વાંદરા કહ્યા હતા. બેની પ્રસાદ શર્માએ તો હદ વટાવીને પાગલ કુતરાની ઉપમા આપી હતી. ગુલામનબી આઝાદી ગંગુ તેલી કહીને નરેન્દ્ર મોદીની ઠેકડી ઉડાવી હતી. મોદીના ટુકડા ટુકડા કરી નાખવાની વાત કરનાર ઈમરામ મસૂદને કોંગ્રેસે ટિકીટ આપી હતી તે તેમણે ભૂલવું જોઈએ નહીં.ખૂદ રેણુકા ચૌધરીએ નરેન્દ્ર મોદીએ વાયરસ કહ્યા હતા. રાક્ષસોના તો કોઈ અનુયાયી પણ હોઈ શકે, વાયરસની તો કોઈ નજીક પણ જવાનું પસંદ ન કરે. એવુ નથી કે રેણુકા ચૌધરી જ અભદ્ર વ્યહાર કરી શકે છે અને અભદ્ર ભાષા વાપરી શકે છે. એવું પણ નથી કે આ માટે માત્ર કોંગ્રેસ જ બદનામ છે. દરેક પક્ષોમાં અભદ્ર ભાષા અને અભદ્ર વ્યવહાર કરનારા કોઈને કોઈ ભર્યા પડ્યા છે. આવો પ્રયોગ થાય ત્યારે સામાનો કાન પકડવા કરતાં દરેક જણે પોતાના ગરેબાનમાં નજર કરીને પોતાને અને આસપાસનું વર્તુળ સુધારવાનો પ્રયાસ કરવો જોઈએ. ગાંડીએ ડાહીને સાસરે જવાની શિખામણ આપવા પહેલાં પોતે સાસરે જઈને ડાહી માટે દાખલો બેસાડવો જોઈએ

<u>આત્મચિંતન</u>

## સુખ અને દુઃખનું અસ્તિત્વ

દુઃખી રહેવું માનવીય પ્રવૃત્તિ નથી. આ એક નિકૃષ્ટ પ્રવૃત્તિ છે જે મનુષ્યને શોભા નથી આપતી. તો પણ મહત્તમ લોકો દુઃખી દેખાય છે. હવે પ્રશ્ન એ ઉઠે છે કે જો દુઃખી રહેવું માનવીય પ્રવૃત્તી નથી. તો છેવટે મનુષ્ય દુઃખી કેમ રહે છે ? શું એવી અદ્રશ્ય શક્તિ છે જે મનુષ્યને તેવી પ્રવૃત્તિથી વિરૂદ્ધ દુઃખી રહેવા માટે વિવશ કરે છે ?

પરંતુ વાસ્તવિકતા એવી છે કે, કોઈ બાહ્ય કારણ અથવા અદ્રશ્ય શક્તિ મનુષ્યને દુઃખી નથી રાખતી, મનુષ્યના પોતાના અજ્ઞાન અને દુર્બળતાને કારણે, વિના કારણે જ દુઃખી રહે છે. આમ તો સુખ કે દુઃખ બંનેમાંથી કોઈનું વાસ્તવિક અસ્તિત્વ જ નથી જે સુખ-દુઃખમાં આભાસિત થાય છે.

અદ્રશ્ય શક્તિને આ પ્રસંગમાં વચ્ચેથી નિકાળી દેવામાં આવે એ ઠીક રહેશે. કારણ કે અદ્રશ્ય શક્તિ તટસ્થ અને નિરપેક્ષ શક્તિ હોય છે. તે ચેતના આપવા સિવાય મનુષ્યના જીવનમાં વધારે હસ્તક્ષેપ નથી કરતી. જો તેને વચ્ચે લાવવામાં આવશે તો માનવીનું પૃથ્વી પર સુખ-દુઃખ અને તેના કારણોનું વિવેચન કરવું કઠિન થઈ જશે.

**- ગાયત્રી શક્તિપીઠ,ડીસા**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# 'સોનિયે બહારવટિએ કહ્યું, આવવા દે ઈ ગાંધીવાળાને આજ તો ટચકાવી દઈએ એમ કહીને તેણે બંદૂકનું નાળચું આવનાર સામે તાક્યું



સોનિયો બહારવટિયો આજ બહુ ખુશ હતો. ગઈકાલે સાંજે એક જાનને લૂંટી હતી. અઢળક સોનુ અને નાણું મળ્યું હતું. દારૂના પેગ ભરાતા હતા. બધા બહારવટિયા રંગમાં હતા. મહેસાણા જિલ્લાના સુણસર ગામને અડીને વહેતી પુષ્પાવતી નદીની ખૂબ ભેંકાર કોતરો હતી. એ કોતરની એક ઊંચી ભેખડ ઉપર બેસીને સોનિયો અને તેના સાથીઓ મહેફિલ માણતા હતા. ત્યાં અચાનક સોનિયાની બાજ જેવી નજરે દૂરથી કોઈ અણસાર આવતો ભળાયો. સોનિયે તરત જ બંદૂક સંભાળી.

'અલ્યા રઘા, જો તો પેલું કોણ આવી ર' યું છે? ' રઘો બહારવટિયો છલંગ મારીને બીજી ઊંચી ભેખડ પર ચડ્યો... તેણે આંખ ઝીણી કરીને જોયું. 'કોઈ ઊંચો- પાતળો આદમી સડસડાટ આવી રહ્યો છે.' રઘલે વર્ણન કર્યુ.

'કોણ હશે.. મરવા માટે અહીં આવે?'

પાછલી રાતના ચાંદરણામાં... ખાદીનાં ઊજળાં કપડાં રઘલાને દેખાયાં.

'સોનાજી, આ તો પેલો આપણા ગામમાં ગાંધીજીવાળો છે ને ઈ આવતો લાગે છે.'

'આવવા દે. આજ તો અને ટચકાવી નાખીએ. માળો મને પકડીને ઈનામ મેળવવા માગે છે, કાં?' સોનિયે કહ્યું.

મહેસાણા જિલ્લામાં સોનિયા બહારવટાનો ભારે જુલમ. ગામડાંઓ એના નામથી ધ્રુજે. ગાયકવાડી સરકારે એને પકડવા ફોજ ઉતારી. પણ સોનિયો પકડાતો ન હતો. એ સમયે સુણસર ગામમાં આવીને રવિશંકર મહારાજે ધામા નાખ્યા. મહેસાણા જિલ્લાનું સુણસર ગામ મેવાસી ઠાકોરોથી ભરેલું. ચોર, ડાકુ અને બહારવટિયાઓનું ધામ. લોકો એ ગામને પાદરે ધોળે દિવસે પણ ના જઈ શકે. દૂર- દૂરથી ચોરી લૂંટફાટનો માલ સુણસરમાં આવે અને ગારદ થઈ જાય. આ જાતિના લોકો પોતાની જાતને રાજપૂત જાતિના વંશવારસો ઠરાવી, અફીણ- કસુંબાના ઘેનમાં ઓળઘોળ થઈ પડ્યા રહેતા. ઠાકોર ભાયડાનું બિરૂદ લગાવી મૂછોનાં થોભિયાંને આમળતા- આમળતા મોટો તાવ દેતા. નાની - મોટી ચોરીઓ કરીને પોતાના શૂરાતનને પોષતા હતા. સરકારનો તો એમને ડર જ ન હતો. ચાબખાનો માર કે નેતરની મીઠુ પાયેલી સોટીના મારની સજા એમને કોઠે પડી ગઈ હતી. સાવ રીઢા બની ગયેલા. તાલુકાનાં અને જિલ્લાના જેલખાનાં એમનાથી ઊભરાતાં હતાં. એ બધામાં સોનિયા બહારવટિયાની ધાક એવી જામી ગયેલી કે ભલભલા એનું નામ પડતાં ધ્રુજી ઊઠતા.

આ સમાચાર રવિશંકર મહારાજને મળ્યા. રવિશંકર મહારાજે ખેડા જિલ્લાના બહારવટિયાઓનાં હૃદય પરિવર્તન કરાવ્યાં હતાં. મહારાજને ખેડા જિલ્લાના બારૈયા ઠાકરડાઓનો અનુભવ હતો. પણ સુણસરના આ ઠાકરડા તેનાથી પણ વધારે આકરા અને તીખા. વાતવાતમાં તલવાર, ધારિયાં ઉછાળે. મહારાજે આ ગામમાં આવીને ઝૂંપડું બાંધ્યું ને રહેવા લાગ્યા. તેમણે ભાઈચારા અને ધીરજથી કામ શરૂ કર્યુ. મહારાજ ઘણીવાર તાલુકા અને જિલ્લાની કચેરીઓમાં હડીઓ કાઢે. ઠાકરડાઓ ઝીણી નજરે બધું જોયા કરે. આમ તો મહારાજને ય લૂંટી લે એવા. પણ મહારાજ પાસે બે જોડી કપડાં એક ચરખો અને થોડો સાર સરંજામ રહે. મહારાજ ધીમે ધીમે બધાને બોલાવે. મળે. ઠાકરડાઓ પૂછે- 'મહારાજ, તમે અમને કિયા ધંધે વળગાડવા ઈચ્છો છો?' 'મહેનત મજૂરીનાં' મહારાજ ગામને નાકે આવેલી પોતાની ઝૂંપડીમાં બેઠાં-બેઠાં કાંતતા જાય ને આગળ વાતો કરતા જાય.

'અમે, અહીં તે શું મજૂરી કરીએ?'

'હું બતાવું? જુઓ, આ તળાવ છે ને એને ખોદીને ઊંડું કરો. દાડિયું સરકાર આપશે. તેની ચોતરફ જમીનમાં શાકભાજીની વાડીઓ ઊગાડો. તમારા ઉજ્જડ ખેતરોમાં ખેતી કરવા માંડો. હળ, બળદ અને બીજાં ઓજારો હું લાવી આપું. જમીન જોઈએ તો જમીન અપાવું પછી કાંઈ?'

'બસ.. બસ.. દાદા.. અમારે એટલું જ જોઈએ છે. જો પેટ ભરવા જોગું મળે તો અમારે તો હાંઉ?' કેટલાક ઠાકરડાઓ કહેતા હતા.

અઠંગ ચોર ગણાતા ઠાકરડાઓ પણ વિચારતા થઈ ગયા હતા. તેમનામાં પણ રામ જાગ્યો હતો.

મહારાજ કહે- 'નાની- નાની હાટડીઓ માંડો?'

'પણ દાદા, એવો વેપલો તો અમારા બાપદાદાઓએ કિયે દાડે કર્યો છે. તી અમને આવડે?'

રવિશંકર દાદા કહે, 'હું શિખવાડું.' કહીને એ ધંધાની વાત કરે. પછી છોકરાંઓને જોઈને કહે, 'આ ધૂળમાં આળોટતાં છોકરાંઓને નિશાળમાં મૂકો. બે આંકડા ભણશે તો કાંક દા'ડો વળશે.'

બધા માથું ખંજવાળે. 'પણ દાદા નિશાળ ક્યાં?'

રવિશંકરદાદાએ નિશાળની જોગવાઈ કરાવી. એ વખતના ગાયકવાડી રાજ્યના અમલદારો અને પોલીસખાતું આ ગામને કાયદાની ચૂંગાલમાં વાતે વાતે રોકટોક કરે નહીં, એવો બંદોબસ્ત મહારાજે કરાવ્યો. સરકારી ચોરે રોજ ઠાકરડાઓની હાજરી લેવાય એ સરકારને વિશ્વાસમાં લઈને તથા ઠાકોરોના આગેવાનની ખાતરી સાથે કઢાવી નાખી. ગામમાં નાનાં- મોટાં સૌ હવે મહારાજને આદર આપવા માંડ્યા હતા. પણ સોનિયો મહારાજથી દૂર ને દૂર ભાગે. એનાં કરતૂતો વધતાં જતાં હતાં. મહારાજે અને ઠેકાણે લાવવાનો પ્રયત્ન ચાલુ રાખ્યો. પણ સોનિયો નામ પડતાં ઓઠું લેતો હતો એની ઝપટે ચડી ગયેલાં લોકો મહારાજ પાસે આવીને રડતાં. એની ફરિયાદો વધતાં મહારાજ સોનિયાને બોલાવતા હતા. પણ સોનિયો આવતો નહીં. મહારાજે જાતે એને શોધવાનું શરૂ કર્યુ. સોનિયાના ઉપરા-ઉપરી બનતા ગુનાથી તંગ આવી ગયેલી સરકારે તેને પકડવા માટે ઈનામ જાહેર કર્યું હતું. સોનિયો દેખાય ને છટકી જાય. ત્યાં આજ રવિશંકર મહારાજ પોતે જાતે જ અને શોધતા આવી પહોંચ્યા હતા... (ક્રમશઃ)

કનુ આચાર્ય

## ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (અમૂલ) રૂ. ૨૯૨૨૦ કરોડનું ટર્નઓવર પાર કર્યું

આણંદ

અમૂલના નામે દૂધ અને દૂધની પેદાશોનું વેચાણ કરતા ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન લિમિટેડે તા. ૩૧ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ પૂરા થચેલા નાણાંકિયવર્ષ ૨૦૧૭-૧૮માં રૂ.૨૯,૨૨૦ કરોડનું પ્રોવિઝનલ ટર્નઓવર નોંધાવ્યુ છે. અહીં એ નોંધવુ મહત્વનું બની રહેશે કે અગાઉના વર્ષની તુલનામાં તેની બ્રાન્ડેડ કન્ઝયુમર્સ પ્રોડકટસે ૧૪ ટકાથી વધુ વૃધ્ધિ દર નોંધાવ્યો છે. ચીઝ, માખણ,દૂધનાં પીણાં, પનીર, ક્રીમ અને છાશનો વૃધ્ધિ દર ૨૦થી ૪૦ ટકા જેટલો રહ્યો છે.અગાઉના વર્ષની તૂલનામાં અમૂલ ફેડરેશનના કુલ ટર્નઓવરમાં ૮ ટકાનો વૃદ્ધિ દર નોંધાયો છે, સ્થાનિક અને વિદેશનાં બજારોમાં નિરૂત્સાહી વલણને કારણે કોમોડીટીના વેચાણમાં ૬૦ ટકા જેટલા ઘટાડાને પરિણામે જોવા મળ્યો છે. અમૂલ ફેડરેશન દૂધના વધુ એકત્રિકરણ, નવાં બજારો ઉમેરીને સતત વિસ્તરણ નવી પ્રોડકટસ રજૂ કરવાને કારણે અને દેશભરમાં નવી પ્રોસેસિંગ ક્ષમતાઓના ઉમેરાને કારણે છેલ્લા ૮ વર્ષથી ૧૮ ટકાથી વધુ એકંદર સરેરાશ વાર્ષિક વૃધ્ધિ દર નોંધાવતી રહી છે. દેશનાં આંતરિયાળ બજારોમાં પહેંચવા માટે અમૂલ દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ૧૫ નવી શાખાઓ શરૂ કરવામાં આવી છે. વધુમાં ગ્રાહકોને ગુણવત્તા ધરાવતી પ્રોડકટસ વ્યાજબી ભાવે મળી રહે તે માટે નાનાં ગામ અને નગરોમાં કેટલાક ડીસ્ટ્રી બ્યુટર્સની પણ નિમણુંક કરી છે. આ ઉપરાંત ગ્રાહકોની વધતી જતી બદલાતી જતી જરૂરિયાતોના સંદર્ભમાં અમૂલ ફેડરેશન દ્વારા છેલ્લા બે વર્ષમાં ૫૦ નવી પ્રોડકટસ બજારમાં મુકી છે. અમૂલ ફેડરેશનના ચેરમેન શ્રી રામસિંહ પરમારે ભારપૂર્વક જણાવ્યું હતું કે અમૂલ ફેડરેશનને વ્યાપક વિસ્તરણના મંત્રનુ ખૂબ જ સમૃધ્ધ ડિવિડન્ડ હાંસલ થયું છે."

## દીલજીત દોસાન્જેના સુપર સીંઘના વર્લ્ડ ટીવી પ્રિમિયરને શુક્રવારે, ૬ એપ્રીલે રાત્રે ૮ વાગે ઝી સીનેમા પર માણો

અમારા સુપર હીરો સુપર સીંઘને મળો, તે ઉડી શકે છે, તે લાત મારી શકે છે, અને તે દુનિયાને બચાવવા નિકળ્યો છે અને તે તમને ખુલ્લા હૃદયથી હસાવી શકે છે. રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ડિરેક્ટર અનુરાગ સીંઘ દ્વારા પ્રસ્તુત અને એક્તા કપુર દ્વારા પ્રોડ્યુસ, ઝી સિનેમા, હોમ ઓફ બ્લોકબસ્ટર્સ સુપર સીંઘનું વર્લ્ડ ટીવી પ્રીમીયર શુક્રવારે, ૬ એપ્રીલે રાત્રે ૮ વાગે દર્શાવશે. આ સુપરહીરો કોમેડી અને મસ્તીભર્યું સાહસીક મુવી જેમાં દીલજીત દોસાન્જે અને સોનમ બાજવા મુખ્ય ભુમિકામાં છે અને તેમની સાથે મહાન કલાકાર પવન મલ્હોત્રા સહ કલાકારમાં છે. સુપર સીંઘ એ સજ્જન સીંઘની અનોખી વાર્તા છે, જેનું જીવન અજાણતા મેળવેલી શક્તિથી અચાનક બદલાઈ જાય છે.




દલજિત દો સાંજેની આ મૂવીમાં તે એક અદ્દભુત કલાકાર તરીકે ઉભરી આવ્યો છે, તેની રમૂજી કોમિક ટાઈમિંગ, વિટી બેન્ટર્સ અને આશ્ચર્યજનક વનલાઈનર્સ અને આકર્ષક ડાયલોગ ડિલિવરી તમને હસાવીને લોટપોટ કરી નાખશે. આ મૂવીમાં મધુર ગીતના ટ્રેક જેવા કે, 'હવા વિચ' પણ વેગ આપે છે, જેમાં સુનિધી ચૌહાણ અને દલજીત દોસાંજનો સુમધુર અવાજ સાંભળવા મળશે. સુપર સિંઘ તમને પંજાબના ગામડાઓના હરિયાળા ખેતરોમાંથી લઈને મોનેટ્રેલ કેનેડાના સુંદર સ્થળો પર લઈ જશે, કારણકે, સજ્જન સિંઘની સાથે તમને કેટલાક નવા સુપર પાવર પણ જોવા મળશે.

## એમજંક્શન ફ્યુચરાસ્ટિક ટેકનોલોજી શરૂ કરવાની તૈયારીમાં

ભારતની સૌથી મોટી બી ૨ બી ઇ-કોમર્સ કંપની એમજંક્શન સર્વિસીસ, સ્ટીલ પ્રોડક્ટ્સ અને સ્ટીલ સ્ક્રેપ આગળના ઓક્શનની સેવાઓ માટે ઈ-ઓક્શન પ્લેટફોર્મમાં મશીન લર્નિંગ અમલમાં મૂકે છે. જેમ કે ડિફેક્ટિવ અને સેકન્ડ. યોગ્ય ખરીદદારને ઓળખવા માટે અને સામગ્રીની સંભવિત વેચાણ કિંમતનો અંદાજ કાઢવા માટે તેના બે વિશિષ્ટ ઘટકો હશે. દરરોજ આશરે ૧૫૦ ઓક્શન સાથે, કલાકની જરૂરિયાત એક બુદ્ધિશાળી સિસ્ટમ હોવાની હતી, એક એલ્ગોરિધમનો કે જે કોઇ ચોક્કસ પ્રોડક્ટ માટે યોગ્ય ખરીદદારને ઓળખી કાઢશે જે ક્લાયન્ટના કામગીરીના વિસ્તાર પર આધારિત છે. ઓક્શનની સફળતા માટે સામગ્રીની સંભવિત વેચાણ કિંમતનો અંદાજ કાઢવો એ પણ નિર્ણાયક છે, કારણકે ઓક્શન તે ભાવે ખોલે છે. અત્યાર સુધી, એપ્લિકેશન ફક્ત સેકન્ડ અને ખામીઓની હરાજી માટે લાગુ પડશે અને પછીના તબક્કે અન્ય સેગમેન્ટ્સમાં વિસ્તૃત થશે. એમજંકશનના સીઈઓ શ્રી વિનય વર્માએ જણાવ્યું કે, "અમે ઉભરતી ટેકનોલોજી અપનાવવા તરફ છલાંગ લગાવી છે, જેનાથી ખરીદદારો અને વેચાણકર્તાઓ બંનેને લાભ થશે. યોગ્ય ઉત્પાદનો માટે યોગ્ય બિડર્સની ચોક્કસ ઓળખથી હરાજી પ્રક્રિયાની કાર્યક્ષમતા અમે અસર કારકતાંમાં વધારો થશે." સ્વયંસંચાલિત પ્રણાલી માત્ર ચોક્કસ હરાજી માટે યોગ્ય બોલીદારોને પસંદ નહિ કરે, પરંતુ એક ચોક્કસ બોલી બોલનાર માટે સંબંધિત હરાજી પણ કરશે.

## ક્યારેય વિચાર્યું છે કે શા માટે દરેક માળામા ૧૦૮ મણકા હોય છે?

ભારતીય પૂજા પદ્ધતિમાં ધ્યાન એટલે કે મેડિટેશનને સૌથી વધુ અસરકાર અને મહત્વનું ગણવામાં આવ્યુ છે. એવું મનાય છે કે ધ્યાનમાં ઊંડે ઊતરવાથી આત્માનો પરમાત્મા સાથે સાક્ષાત્કાર થાય છે. આ ભક્તનો ભગવાન સાથે સંવાદ સ્થાપિત કરવાનો રસ્તો છે. ધર્મશાસ્ત્રોમાં અનેક મનુષ્યો, દેવો અને અસુરોનું વર્ણન જોવા મળે છે, જેમણે વર્ષો સુધી તપસ્યા કરી ધ્યાન લગાવી પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો, તેમના દર્શન કર્યા અને ઈચ્છિત વરદાન પ્રાપ્ત કર્યુ. એટલે કે ધ્યાન એક એવી શક્તિ છે, જે ભગવાનને પણ પ્રકટ થવા મજબૂર કરે છે. શા માટે માળાનો જાપ કરવામાં આવે છે? ધ્યાન લગાવવું, મનને એકાગ્ર કરવું થોડુ અઘરું કામ છે, કારણ કે માણસનું મન અત્યંત ચંચળ છે. ધ્યાનમાં બેઠા પછી પણ તે અનેક જગ્યાએ ભટકી આવે છે. આ મનને બાંધવા માટે હિંદુ ધર્મ પદ્ધતિમાં ધ્યાન સાથે માળાનો જાપ કરવાનો નિયમ બનાવવામાં આવ્યો છે. દરેક વ્યક્તિના ભાગ્યફળના અધ્યયન માટે કુલ ૧૨ રાશિઓ નક્કી કરવામાં આવી છે. હવે ૯ ગ્રહો અને ૧૨ રાશિઓનો ગુણાકાર કરવામાં આવે તો સંખ્યા આવે છે તે છે ૧૦૮. આ રીતે ભારતીય પંચાંગ ૨૭ નક્ષત્રોની પણ ગણના કરે છે. દરેક પ્રકારની માળામાં ૧૦૮ મણકા એવું મનાવામાં આવે છે કે માળાના મણકા ગણવાની સાથે જાપ કરવામાં આવે તો તેટલા સમય માટે મન બંધાઈ જાય છે અને મન આમતેમ ભટકતુ નથી. ધ્યાન કરવા માટે અનેક પ્રકારની માળા ઉપલબ્ધ છે અને દરેકમાં એક જ વાત સમાન છે તેમાં રહેલા દાણાની સંખ્યા. ધ્યાન કરવા માટે કોઈપણ માળા તમે લો, તેમાં ૧૦૮ મણકા અથવા દાણા કે મોતી હોય છે. આવું શા માટે આવો જાણીએ માળાની પસંદગી માળા અંગે એક વાત જાણી લઈએ કે, તમે કયા ઈષ્ટદેવનું ધ્યાન કરી રહ્યા છો, તેને અનુરૂપ માળાની પસંદગી કરવામાં આવે છે. જાપ કરવા માટે બજારમાં રુદ્રાક્ષ, તુલસી, સ્ફટિક, મોતી અથવા અલગ અલગ માણકાઓથી બનેલી માળા ઉપલબ્ધ છે. આ દરેક માળાની અસર અલગ છે અને દરેક દેવ પ્રમાણે એક માળા નક્કી છે. આ માળાઓમાં ખાસ પ્રકારની ચુંબકીય અને વિદ્યુત તરંગો હોય છે, જે જાપ કરવાની સાથે સાધકના શરીર અને આસપાસના વાતાવરણમાં પ્રસરે છે. પરિણામે પૂરતી માહિતી બાદ જ જાપની માળાની પસંદગી કરવી જોઈએ. જો તમે વિના કોઈ ઉદેશ્યે માત્ર મનની શાંતિ માટે ધ્યાન કરવા ઈચ્છતા હોવ તો તે માટે સૌથી શ્રેષ્ઠ છે રુદ્રાક્ષની માળા, રુદ્રાક્ષની માળાને ફેરવતા વાતાવરણમાં ચુંબકીય અને વિદ્યુતીય સાથે કીટનાશક તરંગો પણ નીકળે છે. જે સાધકની સાથે સાથે આસપાસનું વાતાવરણ પણ સ્વસ્થ અને બીમારી રહિત બનાવે છે.

૧૦૮ મણકાનું રહસ્ય આપણા જ્ઞાની સાધુઓએ ધાર્મિક કાર્યોમાં ઉપયોગ કરનારી દરેક વસ્તુઓને અનંત વૈજ્ઞાનિક શોધ બાદ કેટલાક નિર્ણયો લીધા છે. પૂજાની દરેક વસ્તુ તેમાંથી નીકળતી તરંગો અને પ્રકૃતિ પર પડનારી તેની અસરને અનુસાર માન્ય થઈ છે. જાપની માળા માટે પ્રકૃતિના વિભિન્ન ગ્રહો, નક્ષત્રો અને રાશિઓની ગણના કરીને જ મણકાની સંખ્યા નક્કી કરવામાં આવી છે. માળાના ૧૦૮ મણકાની સંખ્યાનો આધાર આ ગણના છે- બ્રહ્માંડમાં નવગ્રહોને જ્યોતિષ ગણનામાં લેવામાં આવ્યુ છે. દરેક નક્ષત્રના ૪ ચરણ મનાય છે. હવે ૨૭ને પણ ૪ સાથે ગુણવામાં આવે તો સંખ્યા ૧૦૮ જ આવે છે. તેનો અર્થ એ છે કે જ્યારે કોઈ સાધક માળા ફેરવી રહ્યો હોય તો તે પોતાના દરેક સ્પર્શથી બ્રહ્માંડના ૯ ગ્રહો, ૧૨ રાશિઓ અને ૨૭ નક્ષત્રોનો જાગૃત કરી રહ્યો હોય છે. આ કારણ છે કે નિયમિત રીતે, પવિત્ર મનથી, પૂરાં ધ્યાનથી માળા ફેરવવાથી તેના ચમત્કારી પરિણામો સામે આવે છે.

## દુનિયાને આયુર્વેદ બચાવશે કે એલોપથી

આપણામાં કહેવત છે કે 'પહેલું સુખ તે જાતે નર્યા' આપણામાં એવી કોઈ કહેવત નથી કે પહેલું સુખ તે ચકાચક રસ્તા, સ્વેન્કી ટ્રકો અને વિશાળ ગોડાઉનો' ભારતને ફરીથી સુપર પાવર બનાવશે ભારતીય ચિકિત્સા પદ્ધતિ. આયુર્વેદ વત્તા પ્રાણાયામ વત્તા યોગ જેમાં કુદરતી ઉપચાર પદ્ધતિ તેમ જ ઘરગથ્થુ કે દેશી વૈદુનો પણ સમાવેશ થઈ ગયો.

દુનિયાને આજે કોઈ એક વાતની જરૂર હોય તો તે છે પ્રજાની જીવનશૈલીને અભડાવ્યા વિના પ્રજાને નીરોગી રાખી શકે અને દર્દમાંથી મુક્તિ અપાવી શકે એવી ઓછામાં ઓછા ખર્ચે મળતી ઉપચાર પદ્ધતિ. દુનિયાના અન્ય કોઈ દેશ પાસે આવા કોમ્બિનેશનવાળી ઉપચાર પદ્ધતિ નથી. ક્યાંક યુનાની પદ્ધતિ છે, તો ક્યાંક એક્યુપંકચરની તો ક્યાંક અન્ય પ્રકારના ઘરગથ્થુ ઈલોજોની પદ્ધતિ છે. સ્વામી આનંદે 'કુળકથાઓ'માં ધનીમા વિશે લખતાં એક જિક્ર કરી છે કે ધનીમાએ કેસૂડાંના ફુલ બાફીને એનો લેપ દર્દીના પેટ પર કર્યો ત્યારે દર્દીએ 'તગારું ભરીને પેશાબ કરીને' દર્દમાંથી રાહત મેળવી. આવા વિવિધ નાનામોટા ઉપચાર તો દરેક સંસ્કૃતિમાંથી મળી આવે પણ યોગ - પ્રાણાયામ - આયુર્વેદવાળી સર્વગ્રાહી ઉપચાર પદ્ધતિ માત્ર ભારતની જ દેણ છે.

એલોપથીનો આરંભ તો માંડ બસો વર્ષ પહેલા થયો. આની સામે આપણે ત્યાં અઢી હજાર વર્ષ અગાઉ ચરકસંહિતા અને સુશ્રુત સંહીતા લખાઈ જેમાં અનુભવ સંચિત જ્ઞાનને શબ્દસ્થ કરવામાં આવ્યું. આ અનુભવો તો એના કરતાંય જુના, છેક વૈદિક કાળના અલમોસ્ટ પાંચેક હજાર વર્ષ પુરાણા. યોગ અને પ્રાણાયામની પદ્ધતિઓ એથીય પ્રાચીન.

એલોપથીની શોધ થઈ તે પહેલા ત્યાંના લોકો દર્દીઓની સારવાર સાવ જંગલી રીતે કરતાં. શરીરમાં ફરતું લોહી બાગડયું છે એટલે આ રોગ થાય છે એવી વ્યાપક માન્યતા અને એનો ઈલાજ શું ? શરીરનું વધુ લોહી વહી જવા દો - કાપો મૂકીને. નવું લોહી શરીર બનાવશે. આમાંને આમાં દર્દીઓ મરી જતાં. મનોચિકિત્સા માગી લેતા દર્દીઓના તો એથીય ક્રૂર રીતે ઈલાજો - ગળામાં પથ્થર બાંધીને પર્વત પરથી નીચે ફેંકવામાં આવતા. બસો વર્ષ પહેલાં એલોપથીનો આવિષ્કાર થયો તે મુખ્યત્વે યુદ્ધના મેદાનમાં ઘાયલ થતા સૈનિકોને જીવાડવા માટે રણમોરચે કોઈ સૈનિક માંદો પડે કે ઘાયલ થઈને નકામો થઈ જાય તે પરવડે નહી એને કોઈ પણ ભોગે અને કોઈ પણ ખર્ચે સાજો કરીને તાત્કાલિક ફરીથી યુદ્ધ કરતો થઈ જાય એવો કરવો જ પડે અથવા તો કમસે કમ જીવતી હાલતમાં પોતાના ઘરે પહોંચી જાય એવો કરવો પડે.આવું કરવામાં એના શરીરને લાંબા ગાળાનું નુકશાન થાય તેની પરવા નહોતી. યુદ્ધનો સમયગાળો સચવાઈ જવો જોઈએ. પછી શરીરનું જે થાવનું હોય તે થાય. મોર્ફિન અને એની પછીના દર્દશામક એન્ટિબાયોટિકસથી લઈને ટેમ્પરરી તાકાતવર્ધક સ્ટરોઈડ્સ સુધીની અનેક ઉપચાર પદ્ધતિઓ એની આડઅસરોને ગણ્યા વિના પ્રચલિત થતી ગઈ અને જોતજોતામાં પ્રશ્ચિમી પ્રજામાં એનો પ્રચાર કરી ફાર્મા કંપનીઓ અબજો ડોલરની કમાણી કરતી થઈ ગઈ.આયુર્વેદનો આરંભ યુધ્ધકાળ દરમિયાન નહી, પણ પ્રજાના શાંતિકાળ દરમિયાન, પ્રજા નિરામય જીવન જીવી શકે, તે માટે થયો. રોગથી બચવા માટે પ્રાણાયામ અને યોગનો આવિષ્કાર થયો. જેમાં પ્રજાની સુખાકારીનો હેતુ કેન્દ્રમાં હતો. શરીર અને મન સાથેનો સંબંધ અને તેનું બેલેન્સ જાળવવાનું કામ યોગ દ્વારા થયું.યોગનો મતલબ જ આ બેઉનું મિલન. પ્રશ્ચિમી દેશો સાયકોસોમેટિક રોગો વિશેની સમજણ હજુ હમણાં વિકસાવી. વિખેરાયેલા મનની અસર શરીર પર પડતા શરીરતંત્ર પણ ડિસ્ટર્બ થઈ જાય અને શરીર ખોટકાઈ જાય ત્યારે મન ડહોળાઈ જાય એવી વાત એમને આજકાલમાં જ ખબર પડી. આપણે ત્યાં તો છેક 'ચરકસંહિતા' માં સાયકોસોમેટીક રોગના ઉલ્લેખો છે. બાપાલાલ ગ. વૈદ્યનું ખૂબ ઉપયોગી પુસ્તક દરેક ઘરમાં હોવું જોઈએ. ઘરગથ્થુ વૈદક ની પ્રથમ આવૃત્તિ ૧૯૩૩ માં પ્રગટ થઈ હતી. અત્યારે નવી સંવર્ધિત આવૃત્તિ બજારમાં મળે છે. પ્રસ્તાવનામાં બાપાલાલ વૈદ્યે ઈ.પૂ.૩૦૦ ના અરસામાં રચાયેલા 'ચરકસંહિતા' ગ્રંથના બે શ્લોક ટાંકયા છે અને એનો ભાવાનુવાદ પણ આપ્યો છેઃ

'જે માણસનો આહાર તેમ જ વિહાર હિત છે., જોઈ વિચારીને જે કામ કરનાર છે, વિષયોમાં જેની આસક્તિ નથી, જે દાતા છે, જિતેન્દ્રિય છે. સત્ય બોલનાર છે, ક્ષમાવાન છે, આપ્તોની સેવા કરનાર છે - એવા માણસને રોગો થતા નથી.' અને તરત જ આ બીજો શ્લોકઃ

'જેનાં મતિ, વચન અને કર્મ સુખાનુબંધી છે, જેનું મન પોતાના કહ્યામાં છે અથવા વશમાં છે, જેની બૃદ્ધિ વીશદ છે, જે જ્ઞાનયુક્ત છે, તપસ્વી છે અને યોગમાં જેની તત્પરતા છે - એવા માણસને રોગો થતા નથી.'

પ્રશ્ચિમી દુનિયાને એલોપથીના રવાડે ચડાવવામાં ચર્ચનો બહુ મોટો હાથ હતો. ચર્ચ એટલે ખ્રિસ્તી ધર્મના સર્વોચ્ચ વડાઓનો સમુહ. આજની તારીખે પણ ચર્ચની ઘણી મોટી ઈન્ફ્લ્યુઅન્સ ફાર્મા કંપનીઓ પર તેમ જ વૈશ્વિક આરોગ્ય સંસ્થાઓ પર છે. આ અસરો આડકતરી રીતે ઊભી કરવામાં આવતી હોય છે. પણ અસર છે એ વાત નિઃશંક, યોગ - આયુર્વેદની સારવાર પદ્ધતિ આજની તારીખે ભારતની મલ્ટિનેશનલ કંપનીઓને હંફાવી રહી છે. એ જ્યારે વૈશ્વિક સ્તરે પહોંચશે ત્યારે ચર્ચ સાથે જબરજસ્ત ટક્કર થવાની છે. ભારતે આ ટક્કર ઝીલવા માટે તેયાર રહેવું પડશે કારણ કે આપણે કંઈ આપણા એકલાના કલ્યાણ માટે કામ નથી કરાતા. આપણો ઉદેશ વસુધૈવ કુટુંબકમ છે. સમગ્ર વિશ્વને એક કુટુંબ જેવું ગણતા આપણે ક્યારેય આપણી ઉપચાર પદ્ધતિને પેટન્ટ કરાવી નથી. આયુર્વેદની ઔષધિઓ પર કોઈનો હક્ક નથી, સમગ્ર વિશ્વ એનો ઉપયોગ કરી શકે છે. એવું જ યોગ અને પ્રાણાયામનું આપણા માટે આ કંઈ કમાઈના સાધનો નથી કલ્યાણના સાધનો છે. આપણે જ્ઞાનને વેચ્યુ નથી, વહેચ્યું છે. વેદ - ઉપનિષદ પર કોઈ કોપીરાઈટ નથી ન તો વેદ વ્યાસે કે ન તો વાલ્મિકિ, તુલસીદાસે ક્યારેય મહાભારત - ગીતા - રામાયણ પર તમારી પાસેથી રોયલ્ટી માગી છે ? પ્રશ્ચિમી વિજ્ઞાને હંમેશા માંગી છે એટલું જ નહીં આપણે જેના ઉપયોગોને હજારો વર્ષથી પુરવાર કરતા આવ્યા છીએ તે હળદર, લીમડા ઈત્યાદિને પેટન્ટ કરવાનું શૂર એ લોકોનું ચડયું હતું. ભારતના આ જ્ઞાન સાગરને દુનિયા સ્વીકૃતિ આપે કે ન આપે એ વિજ્ઞાનનો મહાસાગર બનીને આખી દુનિયા પર છવાઈ જવાનો જ છે. તમે જો જો.

- સૌરભ શાહ

# પાલવના પડછાયા

નારી જગત માટે ઉપયોગી અને સમૃદ્ધ, માર્ગદર્શક માહિતી...




## સ્વાદમાં લાજવાબ કુરકુરા મગની દાળના ડોસા....

મગદાળના ઢોસા ખાવામાં સ્વાદિષ્ટ અને પૌષ્ટિક પણ હોય છે. તેને તમે રોજ ખાવામાં કે નાસ્તામાં સહેલાઈથી બનાવી શકો છો. તા આવો જાનીએ કેવી રીતે બનાવાય છે મગની દાળના ડોસા.

સામગ્રી - ૧/૨ કપ મગ દાળ, ડુંગળી એક મીડિયામ, લીલા ધાણા - ઝીણા સમારેલા, મીઠુ સ્વાદ મુજબ. લીલા મરચા -૧.

બનાવવાની રીત - છાલટાવાળી મગની દાળને પાણીમાં ૩-૪ કલાક પલાળી દો. હવે દાળને સારી રીતે મસળીને છાલટા કાઢી નાખો અને સાધારણ કકરી વાટી લો. તેમા લીલા મરચા અને જરૂર મુજબ પાણી નાખીને વાટી શકાય છે. મિશ્રણને એક મોટા વાસણમાં કાઢી લો. હવે આ મિશ્રણમાં મીઠુ, ડુંગળી અને લીલા ધાણા નાખીને મિક્સ કરી લો. મિશ્રણ ન તો વધુ પાતળુ હોય કે ન તો વધુ ઘટ્ટ હોવુ જોઈએ. ઢોસા બનાવવા માટે નોનસ્ટિક તવો ગેસ પર મુકો. હળવો ગરમ થતા તેમા થોડુ તેલ નાખો અને ફેલાવો. હવે તેના પર થોડુ મગની દાળનુ ખીરુ નાખીને ફેલાવો. ઢોસાને ગોલ્ડન બ્રાઉન થતા સુધી સેકવા દો. બધા ડોસા આ રીતે બનાવીને તૈયાર કરી લો.



# માનવતાને જીવવા માટેની એકમાત્ર આશા સ્ત્રીની નરમાશ છે, સખતાઇ નહી

### નારી ચેતના

સ્વતંત્રતા અને સ્વચ્છંદતા આ બંને શબ્દોમાં જમીન આસમાનનો ફરક છે. સ્વતંત્ર થવું એક અલગ બાબત છે. અને સ્વચ્છંદ થવુ એ પણ એક અલગ બાબત છે. આ વાત અહીં એટલે યાદ આવી રહી છે કારણ કે આજની યુવતી સ્વતંત્ર નહી પરંતુ સ્વચ્છંદ થઇ રહી છે. મોડે સુધી બહાર રહેવું, કરીઅર-કૉન્શિયસ થઈ જવું, સંબંધો તોડી નાખવાની હિંમત કરવી અને જો કોઇ મુશ્કેલીનો કોઇ જ રસ્તો ન નીકળે તો વ્યસનતરફી થઇ જવુ. તમને આગળ વધુ ભણવા માટે, જોબ કરવા માટે પરવાનગી મળે છે, તમને સ્વતંત્રતા મળે છે એનો મતલબ એ નથી કે તમે એ વાતનો દુરુપયોગ કરો. તમારા પેરેન્ટ્સ તમારા પર વિશ્વાસ રાખીને તમને બહારગામ ભણવા માટે, જોબ કરવા માટે મોકલે છે પરંતુ એમને ઘરે શું ખબર કે એમની દીકરી ખોટા રવાડે ચડી ગઇ છે. આ વાત થોડી ખરાબ લાગશે પણ અત્યારે ધીરે ધીરે આ હકીકત બનતી જઇ રહી છે.જયારે મહિલાઓને બહાર કામ કરવાની કે આગળ ભણવાની પરવાનગી નહોતી મળતી ત્યારે એવુ કહેવાતુ કે મહિલાઓને આઝાદી નથી મળતી. પરંતુ જેવી તેમને પરમિશન આપવામાં આવી કે બધુ બદલાઇ જ ગયું. મહિલા પુરુષોની હરોળમાં દોડવા લાગી. અને એ બહુ સારી વાત પણ છે કે આજે મહિલાઓ પુરુષ સમોવડી છે. પરંતુ અત્યારે યુવતીઓને પરમિશન શું આપી દેવામાં આવી છે કે એક શૂન્યાવકાશ સર્જાઇ ગયો. આ વાત દરેક કિસ્સામાં કે દરેક યુવતીને લાગુ નથી પડતી. પણ અત્યારે મોટા ભાગે આવા કિસ્સાઓ જોવા મળે છે.

નારીગુલામી કે નારી પર અંકુશ રાખવાની વાત કરીએ તો એ આમ તો અઢારમી સદી સુધી જ સીમિત રહી છે. કારણ કે ત્યાર પછી તો જરૂરિયાત મુજબ અને સંજોગોને ધ્યાનમાં લઈને નારીઓને છૂટછાટ આપવામાં આવી જ છે. અને ઈંદિરા ગાંધી તેનુ સ્પષ્ટ ઉદાહરણ છે. નારી ત્યારે જ આઝાદ થઇ ગઇ હતી. પરંતુ હજુ પણ ઘણા વિસ્તારો એવા છે કે જયાં નારીને આજે પણ કોઇ આઝાદી નથી. આજે પણ દિકરી જેવી જન્મે તેવી તેને દૂધપીતી કરી દેવામાં આવે છે. પરંતુ શહેરોમાં તો આજે યુવતી બિન્દાસ્ત ફરી શકે છે. પ્રોફેશનલી કરીઅર બનાવી શકે છે, વ્યસનની તલબ લાગે તો એ પણ જાહેરમાં પૂરી કરી શકે છે. આ બધાને કારણે હવે તેને એવું લાગી રહ્યું છે કે હવે અમે હવે સંપૂર્ણ આઝાદ છીએ, પણ મારું માનવું છે કે આ બધામાં ક્યાંક થોડી સ્વચ્છંદતા પણ ભળી ગઈ છે. આ આઝાદી નથી.

આજે કેટલાક ઘરની યુવતી રાતે ૧૦ વાગ્યા પછી બહાર નહી દેખાતી હોય તો કેટલાક ઘરની યુવતી રાતે એક વાગે પણ તમને બહાર ફરતી દેખાશે. મિત્રો સાથે રસ્તા પર ગ્રુપ બનાવીને ગપ્પા મારતી દેખાશે. આવી યુવતીઓને જોઇને કેટલાક લોકો વિચારતા હશે કે શું આ યુવતીઓને શું ઘરેથી તેમના માતા પિતા કાંઇ કહેતા નહી હોય. આવા ઘણા બધા સવાલ આપણા મનમાં આવે. પરંતુ આમા યુવતીઓના માતા-પિતાનો કોઇ જ દોષ નથી હોતો. અને યુવતીઓ એટલી સ્વચ્છંદ થઇ ગઇ હોય છે કે માતા-પિતાની વાતને તો આમ ઉડાડી દે છે. આજકાલની છોકરીઓ મન પડે ત્યારે જાગે છે અને જો એકલી રહેતી હોય તો ઘરમાં રસોઈ કરવાને બદલે બહારથી ફૂડ મગાવી લેશે. પણ આ કેટલા અંશે યોગ્ય છે?

લજ્જા, સંવેદના, મમતા આ બધા જ ગુણો એક સ્ત્રીના આભૂષણ છે. જ્યારે પણ આપણે કહીએ છીએ કે મારે આકાશ આંબવુ છે તો એ યાદ રાખો કે આકાશ પક્ષીઓનું પણ નથી. તેમને પણ પોતાના દાણા માટે જમીન પર આવુ જ પડે છે. છતાં પણ તેમની ઉડાન મુક્ત હોય છે. જ્યારે પિંજરામાં તે ઘૂંટાઇ જાય છે. એટલે જ દરેક સ્ત્રીએ કોઈપણ ધ્યેય કરતા પહેલા અને પછી ક્યારેય પોતાના સ્ત્રીત્વ અને સંવેદનાનો ભોગ ક્યારેય ન લેવો જોઈએ. રજનીશજીના શબ્દોમાં કહીએ તો માનવતાને જીવવા માટેની એકમાત્ર આશા સ્ત્રીની નરમાશ છે, સખતાઇ નહી.

# બન્નેમાંથી કોનું કહ્યું બાળકો કેમ માને છે ?

### બાળ ઉછેર

ઘણીવાર એવું બને છે કે બાળકો પેરેન્ટ્સ એટલે કે મા-બાપમાંથી કોઈ એકનું જ સાંભળે છે. તમને પણ આવી ફરિયાદ હોઈ શકે છે કે તમારા બાળકો પોતાના પિતાનું માને છે અથવા તો પછી એની ઊલટી ફરિયાદ તમારા પતિની હોઈ શકે છે. બાળકો તમારૂં કે તમારા પતિમાંથી કોઈ એકનું માને છે તો એનો મતલબ એ નથી, એ ખરાબ પેરેન્ટ-મા-બાપ છે. અસલમાં બાળકોના આ વ્યવહારની પાછળ કોઈક કારણ હોય છે.

**બન્નેમાંથી એકસાથે મેળ ખાતો સ્વભાવ :**

બાળકો અને મા-બાપના સ્વભાવમાંથી જેનો સ્વભાવ એકબીજા સાથે જેટલો મળતો આવતો હશે,બાળકો એનું જ માનશે. જો તમારૂં બાળક એકદમ તન્દુરસ્ત અને શક્તિશાળી હશે તો બાળક સ્વભાવિક રૂપે એ જ પેરન્ટની સાંભળશે, જે એની સાથે દોડી શકે,ખૂબ રમે, પાર્કમાં લઈ જાય. બાળક એ પેરેન્ટને પસંદ નહીં કરે જે એને નહીં ગમતી રમત રમાડવાની કોશિશ કરશે. બાળકના વ્યવહાર અને સ્વભાવનો સમજીને તમે એ પ્રમાણે ચાલો. એનાથી બાળક બીજા પેરન્ટની વાત સાંભળવા-સમજવા અને માનવા લાગશે.

**એક પેરન્ટ બહુ જ બોલ-બોલ કરે તો :**

જે પેરન્ટ વધારે વાત કરે છે, એની વાત ઓછી માનવામાં આવે છે. સતત બાળકોને અમુક વસ્તુઓનું કહેતા રહેવુ, જેમ કે બેસ,બેસ, ટેબલ ન વગાડ ,ચૂપ બેસ...થી બાળકો તમારૂં સાંભળવાનું જ છોડી દે છે. જે પેરન્ટ બાળકો સાથે ત્યારે જ બોલે છે, જ્યારે બોલવાનું જરૂરી હોય છે તો બાળકો એની વાત પર ધ્યાન આપે છે અને એનું કહેવું પણ માને છે. તમારે બાળકોની પ્રવૃત્તિમાં સમય વિતાાવવો જોઈએ, એ દરમિયાના એની સાથે ઘણી બધી વાતો કરવી જોઈએ.

**બાળકો સાથેનું નરમાશભર્યું વર્તન :**

બાળકોને કહેવા માટેની ઘણી બધી રીતો હોય છે. એક પેરન્ટ બાળકને સીધું કહી નાખે છે, અને બીજો પેરેન્ટ એ જ વાતને બહુ નમ્રતાથી કહે છે. બોલવાની ભાષા પણ આમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. નમ્રતાભર્યો વ્યવહાર કરવાથી ઘણો ફરક પડે છે.

બાળક કોઈ એક પેરન્ટની નજીક હોય છે : અસલમાં બાળક તમારા વિશે શું અનુભવે છે, એમાં એક મોટો રોલ એની પસંદ-નાપસંદનો પણ હોય છે કે એ તમારા નીતિ-નિયમોને માનશે કે નહીં. આ કંઈક એવું છે,

જેમ કે ઓફિસમાં બોસ સારો છે તો તમે એની વાત માનો છો

અને મન લગાવીને કામ કરો છો એ જ રીતે બાળક એ જ પેરન્ટ પ્રત્યે સારો વ્યવહાર કરશે, જે એને આદરને પાત્ર લાગશે. એટલે બાળક સાથે ફક્ત વધારે સમય વિતાવવો જરૂરી નથી, જરૂરી એ છે કે તમે સારો સમય વિતાવો.


**લેખિકા : કુમારી અંજના સોનકર**


### રસથાળ

**મેથીના થેપલા**

સામગ્રી- લોટ ૧ કપ ચણાનો લોટ ૧/૨ કપ, સમારેલી મેથી ૧-કપ , લાલમરચાનો પાવડર ૧ નાની ચમચી, બે ચમચી દહી, ૧ ચમચી ખાંડ, અડચી ચમચી વરિયાળી અને અજમો, મીઠું સ્વાદપ્રમાણે , તેલ

બનાવવાની રીત- લોટ અને ચણાનો લોટ જુદા-જુદા ચાળી લો.ઘઉંના લોટ ,ચણાના લોટ, મેથી ,લાલમરચાંનો પાવડર ,મીઠું દહી,ખાંડ, વરિયાળી, અજમો, અને પાણી મિક્સ કરીને લોટ બાંધી લો. હવે આ લોટને ૧૦ મિનિટ માટે મુકી દો. આ લોટના લૂંઆ કરી રોટલી જેવી વણી લો. અને તવા પર બન્ને સાઈડ તેલ લગાવીને સેકો અને ગરમા ગરમ સર્વ કરો.

નોંધ - તમે ચણાના લોટને બદલે બાજરીનો લોટ પણ લઈ શકો છો. આ પ્રમાણ બે લોકો માટે લગભગ ૫-૬ થેપલાનું છે.. તમે તમારી જરૂરિયાત મુજબ અંદાજ લઈ શકો છો

0000

**મેથી મલાઈ પનીર**

સામગ્રી - પંનીર - ૨૦૦ ગ્રામ ક્યૂબ્સ, લીલા મરચા - ૧, ડુંગળી - ૧, આદુ-લસણની પેસ્ટ ૧ ચમચી, ટામેટા-૧, મેથી પત્તી - ૧૦૦ ગ્રામ, ધાણાજીરુ - એક ચમચી, લાલ મરચાંનો પાવડર - ૧/૨ ચમચી, હળદર પાવડર - ચપટી, ગરમ મસાલો એક ચમચી, દૂધ - ૨ ચમચી, તાજી ક્રીમ એક કપ, કાળા મરી - ૧ ચમચી, ઘી - ૧ ચમચી.

બનાવવાની રીત - એક પેનમાં ઘી ગરમ કરો અને તેમા પનીરના ક્યૂબ્સ નાખીને ૨ મિનિટ સુધી ફ્રાઈ કરો. પનીરને નિતારી એક તરફ મુકી દો. હવે એ જ કઢાઈમાં થોડુ વધુ તેલ નાખીને તેમા સમારેલા મરચાં અને ડુંગળી નાખીને ફ્રાય કરો. ત્યારબાદ આદુ લસણનું પેસ્ટ નાખો અને ૫ મિનિટ માટે થવા દો. ત્યારબાદ તેમાં સમારેલી મેથી નાખી દો. હવે તેમા બધા મસાલા જેમ કે લાલ મરચુ, ધાણાજીરુ, હળદર, ગરમ મસાલો નાખો અને ૨ મિનિટ સુધી હલાવતા રહો. હવે આ ફ્રાય મસાલામાં દૂધ અને ક્રીમ નાખો અને થોડીવાર માટે થવા દો. હવે ગ્રેવીમાં કાળા મરીનો પાવડર અને તળેલા પનીરના ટુકડા નાખો તેમજ ૨ મિનિટ સુદેહે થવા દો પછી ગેસ બંધ કરી દો.

**મેથીના ગોટા**

સામગ્રી- ૫૦૦ ગ્રામ મેથીની ભાજી, ૨૫૦ ગ્રામ ચણાનો લોટ, આદુ , ૫૦ ગ્રામ ઘઉંનો દરદરો લોટ, સ્વાદપ્રમાણે મીઠું, ૫-૭ લીલા મરચા મરચું,૧/૨ચમચી હળદર,૧/૨ચમચી ધાણાં, અડધી વાટકી દહી, તેલ તળવા માટે.

રીત - મેથીની ભાજીને સાફ કરી સમારી પાણીથી ત્રણ-ચાર વખત ધોઈને બધું પાણી કાઢી લો. ચણાના લોટમાં ઘઉંનો કરકરો લોટ નાંખી એક ચમચો તેલ નાંખો. મેથીની ભાજી, આદુ મરચાં વાટીને નાંખો, ધાણાં, મીઠું, મરચું, હળદર, દહીં નાંખી ખીરૂ તૈયાર કરો. એક કડાહીમાં તેલ ગરમ કરો . એક ચમચી ગરમ તેલ ખીરામાં નાંખી હલાવી ગોળ ગોટા તળો. ગરમ ગરમ ગોટા લીલી ચટણી સાથે સર્વ કરો. ઘણાં જ સ્વાદિષ્ટ લાગે છે.

# જિંદગી રે જિંદગી

### આગ ભીતર ભીતરની


રેણુ વિષ્ણુકુમાર બારોટ


નાના હતા.રખડવાની મજા આવતી.રોજ કોઈને કોઈ જગ્યા ઝપટે ચડી જતા. ત્યાં પહોંચી જતા અને રમવા માંડતા.વચ્ચે વચ્ચે કોઈ નાની બાબતે વળી રીસાઈ જતા અમારી રીસ આકાશી વાદળ જેવી રહેતી હતી. ઘડીકમાં છવાઈ જાય અને ઘડીકમાં વિખેરાઈ જાય. પાછા બુચ્ચા થઈ જતા. જેમ કિટ્ટા કરવામાં આનંદ હતો એનાથી બેવડો આનંદ બુચ્ચામાં હતો પછી બિલાડી બાગે પહોંચી જતા. અમારા ગામનો એ બાગ બિલાડી બાગના નામે ઓળખાતો હતો જોકે ત્યાં માંડ એકાદ કોઈ બિલાડી હશે.એ મામલે અમોએ બાગના રખેવાળ એવા માળીને પુછેલુ 'રાધે શ્યામજી..' બિલાડી બાગના રખેવાળ માળીનું નામ રાધે શ્યામજી...'આ બાગનું નામ બિલાડી બાગ કેમ છે.?' અહીં તો એકેય બિલાડી દેખાતી નથી.કાયમ ગરમ ટોપી પહેરી રાખતો રાધેશ્યામજી હસતો. અમને જવાબ આપતો નહી. પણ એની પત્નિ જાનકી અમોને વઘારેલા મમરા અને ચણા આપતી. પછી કહેતી 'અબ જાવ..ઝુલે પે જાકર ઝુલો..' જાનકીએ આપેલા મમરા લઈ ઝુલે હિંચકે જતા અને ઝુલવા માંડતા. જુની થઈ ગયેલી સાંકળો..કડાં..એવા અવાજ કરતા કે આખાય બિલાડી બાગમાં ઘુમરાઈ વળતાં. એ અવાજને સાંભળી રાધેશ્યાનજી એના ખાટલામાં પડ્યો પડ્યો ત્યાંથી જ બુમ પાડતો...સાલે..ગીરોગે...મરોગે.. .. પણ અમે જીવતા હતા. બિલાડી બાગમાં બે-ત્રણ કલાકની ધમાધમી રહેતી. પછી ઘાસમાં આવતા પંખીઓ જોતા. ક્યાંક લક્કડખોદ ઝાડના સુકા થડને એની ચાંચથી કાણુ પાડવા પ્રયાસ કરતો તો ન જોણે ક્યા ઝાડ પરથી તુક..તુક..તુક...તુક..પંખીનો અવાજ આવતો. અમે ઘટાદાર વૃક્ષોમાં નજરના અશ્વને છુટા મુકતા પણ એ અવાજ કરનારું પંખી પકડાતું નથી. બગીચામાં અમે ઘણાય દિવસો સુધી એ પંખીને પકડવાનો પ્રયાસ કર્યો પણ..

પણ કુવારા પાસેના પાણીમાં પાંખો ફફડાવી સ્નાનમાં લિપ્ત થયેલા કબુતર જોવા મળી જતા. અક્કડ-ફક્કડ એવી કાબર.. અમને કોઈ ધનવાન શેઠાણી જેવી લાગતી. ઘણીવાર કહેતા 'જો જો શેઠાણી આવ્યા છે. અમોને ઠસ્સો જો જો...' અમને કબુતર કરતા કાબર શેઠાણીમાં વધુ રસ પડતો પણ એતો અમારી ભાવનાની પરવા કર્યા વિના જ અમારી કશી નોંધ કર્યા વિના ઉઠી જતી. એની વીંજાતી પાંખોમાંથી ફટ ફટ ફટ અવાજ આવતો અમે ચારે જણ એ ભણી આંગળી કરતા અમે જોયેલી શેઠાણી તરીકે માનેલી એ કાબર ક્યાંક ખોવાઈ જતી પણ અમને થતુ. આપણે જો પંખી હોત તો..આમ ઉડી જાત ના નોકરી ની ચીંતા..ના ભણવાની..

અમને ચારે જણને ભણવાનું જરાય ગમતું ન હતું.અમને થતુ અમારા ચાલે તો ભણવાની બધી ચોપડીઓ ગામમાં આવેલા ધૂણપું તળાવમાં પધરાવી આવત એ પછી કિનારે બેસીને શોક કરત..બિલકુલ સ્મશાનમાં કોઈ ખેલ કરે છે એવો પણ એતો અમારી રોજની કલ્પના હતી.ભણવાની બાબત પર ગુસ્સો..ચોપડીઓની જળસમાધી પછી નિશાળનો એ સમય યાદ આવી જતો ના માઈક ના ઢોલ કે ના કોઈ હોર્મોનિયમ..પ્રાર્થના ગવાતી વંદે માતરમ ગવાતુ.શાળાના રઈબહેન પટેલ સમાચારની ચાર લાઈનો કહેતા. બાદમાં શિસ્તબધ્ધ રીતે દાદરેથી ઉપર જતા. આ દરમિયાન કોઈ કાંઈ શરારત કરતું નહીં.જો શરારત કરી હોય તો દેવાની બહેન શાહની ચશ્માની બીજા પારે આવેલી ચકોર આંખ પકડી પાડતી અને ગુનેગારને બે ફુટપટ્ટીનો માર હાથ પર ઝીલવો પડતો. ચુપચાપ વર્ગમાં જઈને જગ્યા નિર્ધારિત હોય ત્યાં બેસી જતા.

શાળામાં રઘલો પ્રાર્થનાઓ સરસ ગાતો તેથી અમને તેની પર અદેખાઈ આવતી.ક્યાંક એને સાઈકલની ટ્યુબે મારવાની ઈચ્છાઓ જાગી આવતી પણ એકતો એ સાહેબોનો પ્યારો હતો. સાહેબોને જી જી કરતો રહેતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં રઘલો છવાઈ જતો. આચાર્ય સાહેબની ખુરશી પાસે એને ઉભા રહેવા મળતું. ગાવા મળતું. અમે ચારે એને જોઈને દાઝે બળતા પણ પણ કશું વળતું નહી. અમને મારનો ડર હતો.એમાંય દેવયાની બહેનનો તો ખાસ, અમે તો એમને જોતા કે જાણે આઘાપાછા થઈ જતા.

શાળા જીવનમાં અમારી છાપ રેઢીયાળની હતી.વર્ગમાં કશુંક આડું અવળું થાય તો સીધી જ આંગળી અમારી સામે આવતી. અમારી સચ્ચાઈની પરખ વગર જ વહેયારે માર રૂપી નફો મળતો અમારા ચાર પૈકીનો જૈતિયો વાસ્તવમાં એનું નામ જયંતી હતું અમે જેંતિયો કહેતા એ અમને કહેતો "આ શાળાના એક એક માસ્તરના ટાંટીયા તોડી નાખીશ..." અમે એની સામે જોતા. એના ચહેરા ઉપર ઉભી થયેલી આક્રોશની આંધી અમે બરોબર રીતે પામી જતા પણ..આભમાં ઉભી થયેલી આંધી-કુદરતી રીતે જ વિખેરાઈ જાય છે એમ જૈંતિયામાં ઉભી થયેલી આંધી વિખેરાઈ જતી.

અમારી શાળાના એક એક સાહેબ અમને બરાબરના ધોતા.ધૂણયું તળાવના પથ્થર પર કોઈ ધોબી મેલાં કપડાનો મેલ કાઢવા પછાડતો હોય એમજ..અમને ધોબી ..જેને અમે ધોબો કહેતા હતા અને અમારા સાહેબોમાં કશો ફેર લાગતો નહી.ધોબી જેમ એની દાઝ કપડા પર કાઢતો. સાહેબો અમારી પર..પણ અમે રીઢા ગુનેગાર બની ગયા હતા. માર મારવો સાહેબને મન આનંદ હતો. અમારી મજબુરી અમારાથી ના શરારત છુટતી ના અમે માર ખાવામાંથી બચતા..અઠવાડિયામાં ગમે ત્યારે અમારામાંથી ગમે તેનો નંબર આવી જતો.

અમે ચારે જણા રેઢીયાળ કહેવાતા. માર ખાવાના માસ્ટર પીશ હતા. શરારતમાં અમારું નામ અવ્વલ હતું. શાળા છુટે એટલે ઝાંપો પહેલા પાર કરી દેવામાં શિવાજી હતા. રઘલો જ્યારે પ્રાર્થના ગાતો હોય ત્યારે એક આંખ ખોલીને પડખેના છોકરાની દશા જોવી જાણે અનિવાર્ય હતી.ગુનો કરીને પકડાતા...ક્યાંક આચાર્ય સાહેબ પાસે જતા તો... હા સાહેબ...હા..સાહેબ કહીને માથુ નમાવાના તો અમે બેતાજ બાદશાહ હતા. અમારા આચાર્ય સાહેબ કહેતા આમને કંઈ કહેવાનો, શિખામણ આપવાનો કશો અર્થ નથી. પથ્થર પર પાણી ત્યાર બાદ આચાર્ય સાહેબના ઓરડામાંથી જેવા બહાર આવતા કે પટાવાળો શંકરીયો અમારી સામે કતરાતા કતરાતા કહેતો 'મારું ચાલે તો મારી મારીને ગધેડો બનાવીને ઓરડામાં પુરી દઉ...'

શંકરિયો અમારો વેરી હતો.પહેલા વેરી અમારા સાહેબો, બીજો વેરી શંકરિયો..એ ઘણીવાર અમારી ચડ્ડીના ખિસ્સા પર રેડ પાડતો એમાંથી કોઠા પકડાતા, કાતરા પકડાતા, લખોટીઓ તો ઓલ ટાઈમ ખીસ્સામાં રહેતી.વળી લખોટીઓ અમને પ્રાણપ્રિય હતી.શંકરિયો ક્યાંક અમારી લખોટીઓ પણ ચંપત કરી જતો.


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


# રાષ્ટ્રચેતનાના ધબકારની શબ્દ દેહે અભિવ્યક્તિ

### શબ્દ સમીપે


- નટવર હેડાઉ


આજે આપણે સ્વતંત્ર ભારતના નાગરીકો વિશ્વની સૌથી મોટી લોકશાહી વસ્તી ધરાવતા દેશ તરીકે આપણને આળખાવીને ગૌરવ અનુભવીએ છીએ. લોકશાહીમાં લોકોનું મહત્વ છે. કોઈપણ રાષ્ટ્રના અસ્તિત્વ અને વિકાસ સાથે વ્યક્તિના અસ્તિત્વ અને વિકાસનો સીધો સંબંધ હોય છે.વ્યક્તિનો રાષ્ટ્ર પ્રત્યેનો પ્રેમ, રાષ્ટ્ર પ્રત્યેની શ્રધ્ધા અને સવિચલ નિષ્ઠા વ્યક્તિને અને રાષ્ટ્રને ઉન્નત બનાવે છે.

ત્યારે આ તબક્કે એમ કહેવાનું મન થાય કે જો આપણે આપણા આ જનતંત્રને મજબુત કરવું હશે તો રાષ્ટ્ર ચેતના અને અસ્મિતા સાથે દરેક વ્યક્તિએ અનુસંધાન સ્થાપવું પડશે. રાષ્ટ્રની ભવ્યતા અને દિવ્યતાનો સાક્ષાત્કાર જો આપણે કરવો હોય તો રાષ્ટ્રજીવન સાથે એકરૂપ એકાકાર થવું આવશ્યક છે.વ્યક્તિ જયારે પોતાની સર્વશક્તિઓ, બધા સદગુણો અને બધી લાક્ષણિકતાઓ રાષ્ટ્રને સમર્પિત કરી દે ત્યારે એ મહામાનવ અને યુગપુરૂષ બની જાય છે.વ્યક્તિનો રાષ્ટ્ર, સમાજ, ધર્મ, સંસ્કૃતિ, પરંપરા અને ઈતિહાસ સાથેનો સંબંધ અને એ બધા પ્રત્યે પોતાનું કર્તવ્ય એ જેના ચિંતનનો વિષય રહ્યો છે તેવા રાષ્ટ્રીય ચેતના સાથે બોધપૂર્વક સંલગ્ન અને જેમની ચેતનામાં રાષ્ટ્રીય ચેતનાનો વાસ છે તેવા લેખક હર્ષદભાઈ શાહના પુસ્તક રાષ્ટ્ર ચેતનાની વાત મારે આજે તમને કરવી છે.

પ્રત્યેક રાષટ્રને પોતાનું કેન્દ્રસ્થ તત્વ હોય છે જેના આધારે તેની આજુબાજુ રાષ્ટ્રની પ્રજા, સંસ્કૃતિ અને પ્રજાની જીવનશૈલી આકાર ધારણ કરે છે.જેમકે ઈટાલી કળા અને સાહિત્યનું કેન્દ્ર છે, ઈંગ્લેન્ડ રાજકીય ડહાપણનું કેન્દ્ર છે, જર્મની શક્તિનું કેન્દ્ર છે, ચીન એ ઉદ્યમશીલતાનું કેન્દ્ર છે. તો ભારત ? ભારત આધ્યાત્મનું કેન્દ્ર છે.તેથી ભારતની રાષ્ટ્રીય ચેતના અધ્યાત્મથી રસબસ થયેલી છે.

આ પુસ્તકમાં રાષ્ટ્રીય ચેતના એટલે શું ? એ વાતને લેખકે ખુબજ વિસ્તૃત રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો છે. અહી આપણે જોઈ શકીએ છીએ કે લેખકની રાષ્ટ્રીય ચેતનામાંથી ચાલીસ ધબકાર પ્રગટ થયા છે.એટલે કે આ પુસ્તકમાંથી પસાર થતાં તે ચાલીસ પ્રકરણોમાં વહેંચાયેલુ છે.જેમાં રાષ્ટ્રીય ચેતનાનો ધબકાર અહીં શબ્દ દેહે અભિવ્યક્ત થયો છે.યુવાનોમાં રાષ્ટ્રીય ચેતનાને જાગૃત કરી શકે તેવી અઢળક સામગ્રી આ પુસ્તકમાં સંગ્રહિત છે.લેખકે અનેક ભિન્ન ભિન્ન દષ્ટિકોણથી રાષ્ટ્રીય ચેતનાને સમજવાનો અને સમજાવવાનો અહીં સફળ પ્રયત્ન કર્યો છે.વિષયને અનુરૂપ ભાષા હોવાથી આ પુસ્તકનાં પ્રકરણો વૈધક બની શક્યા છે.અહીં વિષયનું વૈવિધ્ય પણ


**અનુસંધાન પાના નં.૬ પર**


# માત્ર સારી ફીગર એટલે સુંદરતા

### નારી

થોડી જાડી કાયા ધરાવતી યુવતીઓ પણ એટલી જ ગુણવાન અને કાબેલ હોઇ શકે છે પરંતુ જે રીતે સમાજનો મોટો વર્ગ માત્ર પાતળી કાયાનેપ્રાધાન્ય આપે છે તે યોગ્ય નથી

અત્યારે ટીવી સિરિયલમાં કે બોલીવુડમાં કે મોડેલિંગમાં પણ પાતળી કાયા ધરાવતી યુવતીઓની બોલબાલા છે. ઘણી વખત આ રીતે પાતળી કાયા ધરાવતી યુવતીઓની બોલબાલા જોઇને પ્રશ્ન થાય કે શું મેદસ્વી કે થોડી જાડી કાયા ધરાવતી યુવતીઓ કાબેલ જ છે જ નહી. યુવતીની કાબેલિયત માત્ર તેની કાયામાં જ છે. ધીરે ધીરે આ બાબત સમાજમાં ઘર કરી જવા લાગી છે જે યોગ્ય નથી. થોડી જાડી કાયા ધરાવતી યુવતીઓ પણ એટલી જ ગુણવાન અને કાબેલ હોઇ શકે છે પરંતુ જે રીતે સમાજનો મોટો વર્ગ માત્ર પાતળી કાયાને પ્રાધાન્ય આપે છે તે યોગ્ય નથી. આપમા સમાજમાં જે માતા-પિતાની પાતળી કરતાં સહેજ વધુ ગણાય તેવી કાયા ધરાવતી પુત્રી હોય તેઓને હંમેશા એ બાબતનું ટેન્શન રહે છે કે તેઓની પુત્રીના લગ્નમાં કોઇ સમસ્યા તો નહી આવે ને. ખાસ કરીને યુવકો પણ પાતળી કાયા ધરાવતી સ્ત્રીઓને પસંદ કરતાં હોવાથી આવી કાયા ધરાવતી પુત્રીઓને તકલીફ થાય તે સ્વાભાવિક છે.

પરંતુ આપણા શાસ્ત્રોમાં લખ્યું છે કે વ્યક્તિ ક્યારેય દેખાવથી મહાન બનતી નથી પરંતુ તે માટે યોગ્ય ગુણો હોવા જરૂરી છે. જાહેરખબરમાં પણ કહેવાતું હોય છે કે તમે તમારૂ વજન ઘટાડો અને સુંદર દેખાવ. હવે જ્યારે આવી જાહેરાત આવે ત્યારેપ્રશ્ન થાય કે જાડી વ્યક્તિ ક્યારેય સુંદર હોઇ શકે નહીં. જાહેરખબરમાં તો ત્યાં સુધી કહેવાય છે કે જો તમે પાતળા થઇ જશો તો તમારા પતિનો પ્રેમ મેળવી શકશો. હવે જે પતિ માત્ર કાયા જોઇને પ્રેમ કરે તેને પ્રેમ કહી શકાય કે કેમ તે જ મોટો સવાલ છે. આ સિવાય અન્ય પણ એક જાહેરખબર આવે છે કે ફલાલી ક્રીમ લગાવો અને માત્ર આટલા દિવસમાં ગોરા બની જાવ. હવે અહીં આ લોકોને એ પૂછવાનું ન થાય કે શું શ્યામવર્ણી કાયા ક્યારેય સુંદર હોઇ શકે નહી? દરેક પ્રકારની ક્રીમની જાહેરાત જોશો તો તેમાં એવું જ બતાવવામાં આવે કે ફલાણી ક્રીમ લગાવાથી તમે


**અનુસંધાન પાના નં.૬ ઉપર**


# નેઇલ પોલિશ દૂર કરવા માટેના પાંચ ઘરેલુ નુસખા

### રૂપના રખોપા

જે પ્રકારની વ્યવસ્થા પ્રકૃતિએ શરીર માટે કરી છે, તેમાં દરેક તત્ત્વની ભૂમિકા મહત્વપૂર્ણ છે. ડોપામીન જેવુ રસાયણ પણ તેમાં સામેલ છે. તેનું અસંતુલિત સ્તર અનેક સમસ્યાઓ ઊ ભી કરી શકે છે. શરીર જ નહીં, મગજના કાર્યો પર પણ તેની અસર થઇ શકે છે

મહિલાઓને ઘણી વખત આ મુશ્કેલીનો સામનો કરવો પડે છે કે ડ્રેસિંગ ટેબલ પર નેઈલ પોલિશ સાફ કરવા માટે પહોંચે પરંતુ તે સમયે જ રિમૂવરની બોટલ ખાલી મળે છે. આ ખાલી બોટલ જોઇને બધો ઉત્સાહ મરી જાય છે. આવી સ્થિતિમાં પણ તમે તમારા ઘરમાં જ રહેલી કેટલી આઇટમનો ઉપયોગ રિમૂવર તરીકે કરી શકો છો. આજે અમે આવી જ પાંચ ઘરગથ્થુ વસ્તુઓની જાણકારી આપીશું જેમને તમે નેઇલ પોલિશ રિમૂવર તરીકે ઉપયોગમાં લઈ શકો છો.

આલ્કાહોલ જો તમારા ઘરમાં આલ્કાહોલ છે તો તમે તેના ઉપયોગથી નેઈલ પોલિશ રિમૂવ કરી શકો છો. જેના માટે તમારે એક કોટન બોલ લઇ તેને આલ્કાહોલમાં ડૂબાવી લો. ત્યારબાદ તેની મદદથી તમે ધીરે ધીરે નખ પર ઘસો. આમ કરવાથી નેઇલ પોલિસ સાફ થઇ જશે. વિનેગર વિનેગરની મદદથી પણ તમે નેઇલ પોલિશ દૂર કરી શકો છો. જો તમારે ઝડપી પરિણામ જોઇતું હોય તો એક વાટકીમાં વિનેગર લઇ તેમાં લીંબુના કેટલાક ટીપાં ઉમેરો. ત્યારબાદ તેને મિક્સ કરી નેઈલ પોલિશ સાફ કરો.

ગરમ પાણી નેલ પોલિશથી છૂટકારો મેળવવા માટે સૌથી સરળ રસ્તો છે ગરમ પાણી. એક વાટકીમાં ગરમ પાણી લેવું અને ત્યારબાદ તમારા નખને તેમાં ૧૦ મિનિટ સુધી ડૂબાડી રાખો. ત્યારબાદ કોટનથી નખ પર ઘસો એટલે નેઈલ પોલિસ નિકળી જશે. ટૂથપેસ્ટ આ સાંભળવામાં થોડું અલગ લાગશે, પરંતુ ટૂથપેસ્ટની મદદથી પણ તમે નેઈલ પોલિશ રિમૂવે કરી શકો છો. નેઈલ પોલિશ શું તમને ખબર છે કે દરેક નેઈલ પોલિશમાં રિમૂવલના ગુણ હોય છે. જો તમારી પાસે નેઈલ પોલિશ રિમૂવર નથી તો તમે બીજી કોઈ નેઈલ પોલિશને જૂની નેઈલ પોલિશ પર લગાવીને તુરંત સાફ કરો. આવું કરવાથી જૂની નેઈલ પોલિશ દૂર થઈ જશે.

### જિલ્લામા...

**પાના નં .૧ ચાલુ**

જિલ્લા બહાર બજાવતા પોલીસ કર્મીનુ પણ આ બદલીના ઓર્ડરમાં નામ હતું. જાણવા મળ્યા મુજબ અગજીભાઈ કરશનભાઈ નામના કોસ્ટેબલ હાલ તાલુકા પોલીસ સ્ટેશનમાં ન હોવા છતાં બદલીના ઓર્ડર માં ડીસા તાલુકા પોલીસ સ્ટેશન માંથી થરા ખાતે બદલી દર્શાવવામાં આવી છે.

### ક્ષત્રિયોના સાત...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

(સામરવાડા, ધાનેરા), સુમરસિંહ રામસણ (ડીસા)એ દાંતીવાડા, ધાનેરા અને ડીસા તાલુકાના ગામડાઓ અને ટીમ નં. ત્રણમાં જગતસિંહ (વલાસણા), સુરજસિંહ (વાતમ), ગણપતસિંહ (લાખણી) અને જશપાલસિંહ (ફોરણા)એ કાંકરેજ, દિયોદર તાલુકાના ગામડાઓ મળી ત્રણેય ટીમોએ કુલ ૪૬ ગામોનો સંપર્ક કર્યો હતો. આ ગામોમાં ૧૭ નવી શાખાઓનું આયોજન કરવામાં આવ્યું હતુ. અને નિયમ સમય પ્રમાણે રવિવારની શરૂઆત પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ઉપસ્થિત સમાજના લોકોએ સંઘ સંદેશને જીવનમાં ઉતારવા કટીબધ્ધતા પણ દાખવી હતી.

### જીપીસીબી દ્વારા...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

અને ફેબ્રુઆરી-૨૦૧૮માં બનાવવામાં આવ્યો હતો. તેનું અમલીકરણ કરવામાં નથી આવ્યું. તે મુજબ કાર્ય કરવામાં નથી આવ્યું. આ ઉપરાંત સુપ્રિમ કોર્ટના ચૂકદાનો અમલ નથી કર્યો.

જેમાં આ બાબતો બેદર-કારી નહીં પરંતુ કાયદાનો ભંગ છે. આ બાબતોને સાંકળી લઈને જીપીસીબી દ્વારા એનસીટીના ડાયરેક્ટરોને ૧૫ દિવસમાં ખુલાસો આપવા જણાવાયું છે.

### ગણેશપુરા(મુડેઠા)...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

આથી ધો.૧ થી ૮ ના કુલ ૪૨૬ બાળકો વચ્ચે માત્ર ચાર જ ઓરડા હોઈ બાળકોને બહાર ખુલ્લા મેદાનમાં બેસીને અભ્યાસ કરવો પડે છે. તેમને ઉનાળો હોય કે ચોમાસુ બહાર બેસીને અભ્યાસ કરવા મજબુર થવુ પડે છે.

આ અંગે શાળાના આચાર્ય કમળાબેન દેસાઈએ જણાવ્યુ હતુ કે શાળામાં છ પૈકી બે ઓરડા ક્ષતિગ્રસ્ત થયા છે. જેની ડેમેજ અંગેની મંજુરી તા. ૨૯/૮/૨૦૧૬ ના રોજ મળી હતી. પરંતુ નિકાલ માટે મંજુરી મળતી નથી. આ બાબતે શાળા મેનેજમેન્ટ કમીટીના અધ્યક્ષ બાબુભાઈ તેજાભાઈ દેસાઈ અને ઉપાધ્યક્ષ સોનસિંહ રાઠોડે જણાવ્યુ હતુ કે શાળામાં જો પુરતા ઓરડા બનાવવામાં નહી આવે તો આગામી સત્રમાં શાળાને તાળા બંધી કરવાની ફરજ પડશે.

### થેરવાડાથી ઝેરડા...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ગામ ના પ્રતિષ્ઠિત વ્યક્તિ ચૌધરી અરજણ ભાઈ કરશન ભાઈ ભૂતપૂર્વ તાલુકા ડેલીકેટ જણાવ્યુ હતુ કે થેરવાડા થી ઝેરડા જતો રોડ માં વચ્ચે નાળુ બનાવવા માં આવેલ છે નાળા ની આજુ બાજુ બે તળાવ આવેલ છે અને પશ્ચિમ ભાગ માં પ્રાથમિક શાળા આવેલ છે તેમાં આશરે ચારસો જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તો ચોમાસા ના વરસાદ ના પાણી નો માર હોવાથી નાળો તૂટી ગયેલ છે તો તંત્ર દ્વારા યોગ્ય ગુણવત્તા વાળો માલ વાપરી અને વ્યવસ્થિત નાળા નું સમાર કામ કરે એવી ગામ લોકો ની માંગ છે.

### ટ્રેઝરી ઓફિસ...

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

કામ કરવાની આગવી કુનેહ અને મિલનસાર સ્વભાવની પ્રશંસા કરી તેમને બિરદાવ્યા હતા. તિજોરી અધિકારી દેસાઈએ જોષીની અત્યાર સુધીની કામગીરીની સરાહના કરી ઉજ્જવળ અને સુખ-સમૃધ્ધિ ભર્યા જીવનની શુભેચ્છા પાઠવી હતી.

વિનુભાઈ જોષીએ ૩૮ વર્ષની તેમની સરકારી નોકરીમાં જિલ્લા તિજોરી કચેરી, પાલનપુર અને જિલ્લા આયોજન કચેરી, સહાયક નિરીક્ષકની કચેરી પાલનપુર તથા સબ ટ્રેઝરી ઓફિસ થરાદ ખાતે સરસ કામગીરી કરી કર્મચારીઓમાં આદરભર્યુ સ્થાન મેળવ્યું છે. આ પ્રસંગે તિજોરી અધિક્ષક એચ.જે. ઠકાર, એસ.જી.પ્રજાપતિ સહિત ટ્રેઝરી ઓફિસના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### બનાસકાંઠામાં અનેક..

**પાના નં .૮ ચાલુ**

રસ્તો પણ નથી ત્યારે વાલીઓ સરકાર પાસે સારા ઓરડા રમતગમતનું મેદાન અને રસ્તાઓની આશા ગોગાઢાણી ગામ ના ગણપતભાઈ માળી અને સોમાજી સોંલકી નામના વાલીઓ રાખી રહ્યા છે.

અનેક શાળાઓ એવી છે કે જ્યાં બનાસકાંઠા માં આવેલા વિનાશક પૂરે અસર કરી છે તો ક્યાંક જગ્યા ના અભાવે શાળા બે પાળી માં ચલાવવી પડે છે સર્વ શિક્ષા અભિયાન ની ટિમ દ્વારા શાળાઓ માં સુવિધા વધારવા માટે ટિમ દ્વારા સર્વે કરી રિપોર્ટ બનવાયો છે પરંતુ તેનો અમલ ક્યારે થશે તેની રાહ જોવાઈ રહી છે તો શાળાના સરકારી કાર્યક્રમો નદીના બેટમાં કે ખાનગી હોલ માં કરવા પડે છે તેવું ખુદ રાજપુર પ્રાથમિક શાળાના આચાર્ય ગૌરાંગભાઈ પંચાલ કહી રહ્યા છે.

બનાસકાંઠાના ગોગાઢણી શાળાના બાળકો જે શાળામાં અભ્યાસ કરે છે તે જર્જરિત છે અને જેના માટે વાલીયો રજુઆત પણ કરી ચુક્યા છે અને હાલ જર્જરિત મકાન માં જીવના જોખમે બાળકો અભ્યાસ કરે છે અને શાળામાં રમતગમત માટે મેદાન પણ નથી છતાં પણ શાળા ના આચાર્ય મીડિયા સામે કશુજ બોલવા તૈયાર નથી અને કહે છે કશુજ સમસ્યા નથી અને મેદાન બાબતે કશુજ થવાનું નથી જોકે બાળકો બાબતે મને હવે કોઈ રસ નથી હું આગાઉ એક મેટર માં ફસાઈ ગયો છું માટે હવે હું કશુંક નહિ કહું તેવું આચાર્ય શૈલેષભાઇ પ્રજાપતિ એ જણાવ્યું હતું.

### ડીસા માર્કેટયાર્ડના..

**પાના નં .૮ ચાલુ**

ચેરમેન અને વાઇસ ચેરમેન તરીકે સતત ચોથી ટર્મ માટે બિનહરીફ થતા બનાસકાંઠાના સહકારી ક્ષેત્રમાં આનંદની લાગણી વ્યાપી જવા પામી હતી. આ પ્રસંગે ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડયા સહિત ભાજપના હોદેદારો, કાર્યકરો, ખેડૂતો, વેપારીઓ, શુભેચ્છકો, સામાજીક, રાજકીય અને સહકારી આગેવાનોએ હાજર રહી ચેરમેન અને વાઈસ ચેરમેનને શુભેચ્છાઓ પાઠવી હતી. ધારાસભ્ય શશીકાન્તભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, માવજીભાઈ દેસાઈના નેતૃત્વમાં અગાઉ માર્કેટ કમીટીએ સિધ્ધીના નવા સોપાનો સર કર્યા છે. માટે ખેડૂતોએ તેમનામાં ફરીથી જે વિશ્વાસ વ્યક્ત કર્યો છે, તેને તેઓ સાર્થક કરે તેવી શુભકામનાઓ.

આ પ્રસંગે ચેરમેન માવજીભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, ખેડૂતો અને વેપારીઓના હિતમાં માર્કેટ યાર્ડની ચૂંટણી ૪૨ વર્ષ બાદ સમરસ કરી અમોને ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટી અમારા પર જે વિશ્વાસ મુક્યો છે તે અમે સાર્થક કરીશું. તેમજ ખેડૂતો, વેપારીઓ, હમાલોના પ્રશ્ન અંગે સતત ચિંતા કરી ડીસા માર્કેટને ઉત્તર ગુજરાતમાં પ્રથમ નંબરનું માર્કેટયાર્ડ બનાવવા પ્રયત્નશીલ રહીશું.'

### ભાભરના કુવાળા...

**પાના નં .૮ ચાલુ**

પોલીસ મથકે ભરત ઓડ સામે પોસ્કો એક્ટની કલમ અને જાનથી મારી નાંખવાની ધમકી સહિતની કલમ તળે ગુનો નોંધાતા તેના કુટુંબી બનેવી ઉપર ચોમેરથી ફીટકાર વરસી રહ્યો છે. પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વાવના નાળોદર...

**પાના નં .૮ ચાલુ**

માસ્ટર માઈન્ડ ભેજાબાજે લાખો રૂપિયાની ગેરરીતિ આચરતા ખળભળાટ મચી ગયો છે. જેની મીડીયાએ પણ ગંભીર નોંધ લીધી છે. ત્યારે તપાસનો દોર શરૂ થતા જવાબદાર કસુરવારોમાં ભારે દોડધામ મચી ગઈ છે. આ અંગે એક જાગૃત નાગરીકે મીડીયા સમક્ષ જણાવ્યુ હતું કે નાળોદર ગામે જમીન ધોવાણમાં થયેલી ગેરરીતિઓના મુદ્દે તેમજ સરકારી દફતરો સાથે ચેડા કરી ખોટા દસ્તાવેજો બનાવી ૪૨૦ ના ગુના બદલ પોલીસ ફરિયાદ થશે. આમ નાળોદર ગામે ગેરરીતિઓ અને ઠગાઈના મુદ્દે પોલીસ ફરિયાદના ભણકારા વાગી રહ્યો છે. પોલીસ ફરિયાદ થતાની સાથે જ નાળોદર ગામના માસ્ટર માઈન્ડ સહિત જવાબદાર કસુરવારોને જેલના સળિયા પાછળ ધકેલાવું પડશે. ૨૦૧૭ માં ફરી પાછું ફરિયાદનું ભુત ધુણતા ભ્રષ્ટાચારીઓમાં દોડધામ મચી ગઈ છે. હવે આગળ શું થશે તે જોવાનું રહ્યું?

### વડગામના લિંબોઈ...

**પાના નં .૮ ચાલુ**

ખેરાલુ તાલુકાના બળાદ ગામેથી સ્વીફટમાં બે સવાર વ્યક્તિઓ પાલનપુર જઈ રહ્યા હતા ત્યારે લિંબોઈ નજીક સામેથી આવી રહેલ બાઈક સવારને બચાવા જતાં સ્વીફટે પલટી મારી રોડ સાઈડની ચોકડીઓમાં પટકાતાં (૧) હરેશભાઈ ચૌધરી ઉ.વર્ષ ૩૫, (૨) નરેશભાઈ ચૌધરી ઉ.વર્ષ ૩૨ ને ઈજાઓ થતાં ૧૦૮ ઈમરજન્સી સેવા વડગામને જાણ કરતાં ઈએમટી પ્રવિણાબેન તથા પાયલોટ પરથીભાઈ ખસોર ગણત્રીના સમયમાં ઘટના સ્થળે પહોંચી બન્ને ઈજાગ્રસ્તોને વડગામ રેફરલ હોસ્પીટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા જેમાં સ્વીફટ ચાલક હરેશભાઈ ચૌધરીની ગાદી ખસી જતાં વધુ સારવાર અર્થે પાલનપુર રીફર કર્યા હતા.

### થરાદના મલપુરમાં ...

**પાના નં .૮ ચાલુ**

જઈને અગજીભાઈના માથામાં ફટકારવા કુહાડી વાળી હતી. જો કે તેનાથી બચવા અગજીભાઈએ જમણો હાથ આડો કરતાં તેના પર ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ બનાવની અગજીભાઈની ફરી યાદના આધારે પોલીસે મેવાભાઇ રબારી સામે ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## સોનાની આયાતમાં ૧૯ ટકાનો નોંધપાત્ર વધારો થયો : રિપોર્ટ

અમદાવાદ

નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮માં સોનાની માંગમાં ફરી એકવાર વધારો થઈ રહ્યો છે. અગાઉના નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ની સરખામણીમાં તેમાં ઉલ્લેખનીય વધારો થયો છે. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮માં સોનાની આયાતમાં વધારો થતાં આ આંકડો વધીને ૭૪ મેટ્રિક ટન સુધી પહોંચી ગયો છે જે ૨૦૧૬-૧૭ના વર્ષમાં ૬૨ મેટ્રિક ટન જેટલો નોંધાયો હતો. એટલે કે સોનાની આયાતમાં ૧૯ ટકા સુધીનો નોંધપાત્ર વધારો થઈ ગયો છે. જ્વેલર્સનું કહેવું છે કે, ગોલ્ડ જ્વેલરી માટેની માંગ ફરી એકવાર જોવા મળી રહી છે. લેવાલી સમગ્ર વર્ષ દરમિયાન રહી છે. આ નાણાંકીય વર્ષ દરમિયાન વેચાણ સારુ રહ્યું છે. તહેવારની સિઝન અને લગ્નની સિઝનના પરિણામ સ્વરુપે ગોલ્ડ જ્વેલરી માટેની માંગમાં વધારો થયો છે. કેટલાક જ્વેલર્સ માની રહ્યા છે કે, આયાત વધતા કિંમતોમાં પણ ફેરફારની પણ સ્થિતિ જોવા મળી છે. ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)ના અમલીકરણ પહેલા પણ કેટલાકે મોટાપાયે ખરીદી કરી હતી.

### નારી...

**અનુસંધાન ૫ નું ચાલુ**

સુંદર થઈ જશો. આ જોઈ શ્યામવર્ણી યુવતીઓ લઘુતાગ્રંથી અનુભવવા લાગે છે. આ બધી બાબતોથી એક જ બાબત સ્પષ્ટ કરવાની છે કે તન કરતાં મનની સુંદરતા વધુ મહત્વની છે. વધુ વજન ધરાવતી યુવતીઓની વાત કરીએ તો ઘણી વખત સ્કૂલ કે કોલેજમાં પણ તેઓની મજાક બનાવાતી હોય છે અને આ કારણે તેઓના આત્મવિશ્વાસને પણ ધક્કો લાગતો હોય છે. જે લોકો મજાક ઉડાવે છે તેઓને જાણ હોતી નથી કે તેઓ શું કરી રહ્યાં છે. યુવકોની વાત કરીએ તો કેટલાક અપવાદ છોડી દઈએ તો એવા કેટલાક યુવકો છે કે જેઓ માત્ર ગુણના આધારે લગ્ન કરવા તૈયાર થશે. ખાસ કરીને જો એરેન્જ મેરેજ કરવાના હોય તો એવા કેટલાક યુવકો તમને મળશે જે આવી યુવતીઓને પસંદ કરે. વળી આપણા સમાજની વાત કરીએ તો એક વખત લગ્ન તૂટી ગયા બાદ યુવકને તો કુંવારી યુવતી મળી રહે છે પરંતુ યુવતી પર સેકન્ડ હેન્ડનું લેબલ લાગી જાય છે અને તેને કોઈપણ કુંવારો યુવક પરણવા તૈયાર થતો નથી. આમ પણ ફેશન અને ગ્લેમર વિશ્વ જરૂરિયાત કરતાં પાતળી યુવતીઓને પ્રમોટ કરતો રહ્યો છે ત્યારે તેની સરખામણીએ સામાન્ય યુવતીઓ અપરાધભાવથી પીડાતી થઈ જાય છે. તે આ બધામાં પોતાની જાતને મિસફિટ માને છે.

જ્યારે ભારતીય ટેનિસ પરી સાનિયા મિર્ઝા અને પાકિસ્તાની ક્રિકેટર શોએબ મલિકના લગ્ન થયા ત્યારે શોએબની પહેલી પત્ની અંગે પણ આવી જ વાત ઉડી હતી કે તે મેદસ્વી એટલે કે જાડી છે તેથી જ શોએબે તેને ઠુકરાવી સાનિયા સાથે લગ્ન કર્યાં. સાચી ખોટી વાતમાં પડ્યા વિના એક બાબત સત્ય જ છે કે આયેશાને તેનું જાડું શરીર નડ્યું હતું. આયેશાનું શરીર વધી ગયું હતું અને શોએબને કારણે શરમ આવતી હતી જે કારણ હતું. ખાસ કરીને આપણે સૌ એમ કહેતા હોઈએ કે શરીર કરતાં મનની સુંદરતા વધુ મહત્વની છે ત્યારે આ બાબત સમાજમાં પ્રસ્થાપિત થાય તે જોવું પણ જરૂરી છે. આજે પણ સમાજમાં એવી ઘણી યુવતીઓ છે કે જેઓ માત્ર પોતાના શરીરને કારણે દુઃખ સહન કરે છે. લોકોની મજાક સહન કરે છે. પરંતુ હવે સમાજનો દૃષ્ટિકોણ બદલવો જરૂરી બની ગયું છે. સતત આપણા માથા પર એવું ઠોકી બેસાડવામાં આવી રહ્યું છે કે સુંદરતા તો પાતળી કાયામાં અને ઝીરો ફીગરમાં જ છે. પરંતુ તાજેતરનો દાખલો લઈએ તો 'ડર્ટી પિક્ચર'ની હીરોઈન વિદ્યા બાલને ફિલ્મમાં ઝીરો સાઈઝ ફીગર બતાવી નથી. આ ફિલ્મમાં તો તેણે એવી યુવતીનું પાત્ર ભજવ્યું છે જેની કાયા સામાન્ય કરતાં વધુ જાડી હોય. ફિલ્મમાં ઈમરાન હાશ્મી તેને એક વખત મોટી કહીને સંબોધન પણ કરે છે. આ ફિલ્મ જબરદસ્ત હીટ થઈ. અહીં કહેવાનું તાત્પર્ય એ નથી કે ફિલ્મ માત્ર વિદ્યાની જાડી કાયાને કારણે સફળ થઈ પરંતુ બોલીવુડમાં પાતળી કાયાની બોલબાલા છે અને હીરોઈનો ઝીરો ફીગર માટે જીમમાં જઈને પરસેવો પાડે છે પરંતુ વાસ્તવિકતા તોએ છે કે ફિલ્મ ચલાવવા માટે યોગ્ય અભિનય પણ જરૂરી છે. વિદ્યાએ આ બાબત પુરવાર કરી છે કે ફિલ્મમાં શરીર ભલે જાડુ હોય પરંતુ અભિનય જાડો ન થવો જોઈએ. તેથી કહી શકાય કે હવે સમય આવી ગયો છે કે જ્યાં સમાજની તાપીસ બદલાવી જોઈએ અને યુવકોની માનસિકતામાં પણ પરિવર્તન આવવું જોઈએ.

**રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....**

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરીક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :....................... પતિ/પિતા :.......................
માતા : .......................જ.તા. ................ઉ.વ.
પરિચયઃ ..........................................................
સરનામુ : ..........................................................
મોકલનારની સહી : ...............................................

### શબ્દ સમીપે...

**અનુસંધાન ૫ નું ચાલુ**

ઘણું છે.શિક્ષણ, ઈતિહાસ, વર્તમાન પ્રવાહો, રાષ્ટ્રીય સમસ્યાઓ, દેશ ભક્તિ આદિ અને અનેકવિધ વિષયો આ ગ્રંથના પ્રકરણોમાં પરોવાયેલા છે.

આ પુસ્તકમાં શ્રી અરવિંદ, અટલબિહારી બાજપેયી, ગુરૂ ગોલવળકર જેવા મહાનુભાવોના શબ્દો મુકાયા છે.તો વળી નાની નાની સુંદર સત્ય ઘટનાઓ પણ મુકાઈ છે.આ બધાથી પુસ્તક રસાળ અને અસરકારક બન્યું છે.અહીં આપણને સાંપ્રત રાષ્ટ્રીય અને વૈશ્વિક સમસ્યાઓ અને પરીવાર જીવન, પરીવાર રાષ્ટ્રનું બધુ રૂપ, વ્યક્તિ નહીં રાષ્ટ્ર મહાન એ વાત સાથે સ્વતંત્રતાના સૂરમાંથી વહેતી વ્યથા અને ૧૫ મી ઓગસ્ટે સ્વતંત્ર ભારતની સંવેદનાનો પણ સાક્ષાત્કાર થાય છે.લેખકે પર્યાવરણની વૈશ્વિક સમસ્યાનો ભારતીય ઉકેલ પણ બનાવ્યો છે.તેજ રીતે મૂલ્યનિષ્ઠ શિક્ષણ અને કેળવણીક્ષેત્રના કર્મીઓની ભૂમિકા કે પછી હિન્દુ તત્વજ્ઞાનની નજરે રાષ્ટ્રના આર્થિક સંકટોનું નિરાકરણ જેવા લેખોએ મને ખાસ આકર્ષયો છે.

આ પુસ્તકમાંથી કેટલીક અગત્યની અને મહત્વપૂર્ણ કહી શકાય તેવી બાબતો તારવી ને અહીં મુકી જેમ કે..

- લોક શક્તિનો પ્રભાવ રાજશક્તિ પર હોવો જોઈએ.રાજશક્તિનો પ્રભાવ લોક શક્તિ પર નહીં.ધર્મ(નીતિ)નો પ્રભાવ સત્તા પર હોવો જોઈએ.સત્તાનો પ્રભાવ ધર્મ(નીતિ)પર નહીં.
- માતૃભૂમિની ભક્તિમાંથી જ એકત્મતાની અનુભૂતિ જન્મે છે.એકાત્મતામાંથી જ સામર્થ્યનું સર્જન થાય છે.
- આત્મ ગૌરવ અને રાષ્ટ્ર ગૌરવ સાંમજસ્યમાંથી જ સધાશે રાષ્ટ્રનું પુનઃનિર્માણ.
- સમગ્ર રાષ્ટ્ર આપણું અને આપણે રાષ્ટ્રના એવા અદ્વૈતભાવ જ રાષ્ટ્ર ચેતનાનો આધાર છે.
-ભારતીય જીવન દર્શન કેવળ મનુષ્યના હિત-સુખનો વિચાર કરતું નથી પણ સચરાચર જગત સમગ્ર જડ ચેતન સૃષ્ટિના સુખમય અસ્તિત્વનો વિચાર કરે છે.ભારતીય જીવન શૈલી સહ-અસ્તિત્વના મધુર સિધ્ધાંત પર રચાયેલી છે.
-પશ્ચિમનું વૈશ્વિક દર્શન ભૌતિકપ્રધાન છે.જ્યારે ભારતનું વૈશ્વિક દર્શન અધ્યાત્મના ચૈતન્યથી ઓતપ્રોત છે.અધ્યાત્મ ભારતની ઓળખ છે.
- આત્મ ગૌરવ અને રાષ્ટ્ર ગૌરવના સોમજસ્યમાંથી જ સાધશે રાષ્ટ્રનું પુનઃનિર્માણ.

આ ઉપરાંત રાષ્ટ્રભાષા પ્રત્યેના પ્રેમ અને સ્વદેશી ભાવના જેવી બાબતોને લેખકે ઘણી સુંદર રીતે રજુ કરી છે.

'રાષ્ટ્ર ચેતના'પુસ્તકના લેખક હર્ષદભાઈ પ્રભુદાસ શાહનું સાહિત્યિક અને શૈક્ષણિક પ્રદાન ખૂબ રહ્યું છે.ગત તારીખ ૧૫ મી જાન્યુઆરી ૨૦૧૫ સુધી તેઓ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિનો કાર્યભાર સંભાળતા હતા.તેમણે ચિંતનાત્મક, શૈક્ષણિક, માતૃભાષા ગૌરવ, ઐતિહાસિક અને ચરિત્રલેખન ક્ષેત્રે મહત્વપૂર્ણ પ્રદાન કર્યું છે.તેમાં તેમનું આ પુસ્તક ''રાષ્ટ્ર ચેતના'' આધારસ્તંભ સમાન ગણી શકાય તેવુ છે.રાષ્ટ્રચેતના જાગૃતિના કાર્યમાં પ્રેરક નિવડે તેવું આ પુસ્તક આપવા બદલ હું તેમને ધન્યવાદ પાઠવું છું અને પુસ્તકને આવકારું છું.

- નટવર હેડાઉ

### આગ ભીતર ભીતરની...

**અનુસંધાન ૫ નું ચાલુ**

કોઈ વાઘ પોતાના ઢોરને ઉપાડીને લઈ જતો હોય...ભરવાડ જોઈ રહેતો હોય એવી અમારી દશા થતી ઉપરથી શંકરિયો એના ડોળા કાઢતો અમે ચાલ્યા જતા.

અમને યાદ છે ઢોરોનું દવાખાનું ધૂણયું તળાવ પાસે આવેલું.ઢોરોના દવાખાનામાં દિવસે નામ માત્રના ઢોર આવતા એમાં એક ડોક્ટર..એક કંપાઉન્ડર અને ચોકીદાર રહેતા હતા.કંપાઉન્ડમાં ત્યાં આંબલીના ખુબ ઝાડ હતા.એના પર કાતરા લટકતા જોતા. ખાવાનું મન તો રોજ થતું અને પ્રયાસ કરતા આંબલીના ઝાડ અને રસ્તા વચ્ચે સહેજ ઉંચી પાળ હતી.ક્યાંક પાળે ચડીને તો ક્યાંક રસ્તા પરથી આંબલી ઝાડ પર પથ્થર ફેંકતા કાતરા નીચે પડી પડતા પણ એ કાતરા કંપાઉન્ડમાં પડ્યા હોય અને અમે આ તરફ.. જો કે કશોય ડર રાખ્યા વગર પાળી ચડીને અંદર પડી કાતરા લઈ આવતા પણ ...

પણ એક દિવસ ભારે થઈ પથ્થરો ફેંક્યા, કાતરા પડ્યા એ લેવા જવા અંદર પડ્યા કે ન જાણે વીજળીનો મોટો ગોળો ભમ કરતો ફુટ્યો કે અમે ભટક્યા ભાગવા ગયા એ પહેલા જ ચોકીદાર આવી ગયો.અમને પકડી લીધા.પછી ચોકીદાર કહે 'સાલે..તુમરી રોજાણી આદત હો ગઈ હૈ, અબ તો મૈ પુલીસ બુલાઉંગા ઔર દંડે મરવાકર જેલ ભેજુંગા...'

પોલીસ અને સાથે જેલ શબ્દને સાંભળી અમે ફફડી ગયા હતા.શિકારીએ કોઈ પંખીને પકડ્યુ હોય અને એ ધ્રુજતું હોય એવી દશા હતી.પણ નશીબ પાંસરુ કે પટાવાળો શંકરિયો બહારના રોડ પરથી સાઈકલ પર જતો હતો. એ અમને જોઈ ગયેલો..સાઈકલ ઉભી રાખીને પુછી બેઠેલો 'એલા જૈંતિયા હું થયું ?'

અને એને જાણ થયેલી પહેલા તો ત્યાંજ ગુસ્સો કરતા કહેલું 'હાહરા ઓ, આંય આગળ પણ હખણા રહેતા નથી...'

પણ શંકરિયોએ અમને છોડાવ્યા હતા..એ દિવસે અમને એ શંકરિયો નહી પણ શંકરભાઈ લાગ્યો હતો.

એમ ચાર જણામાં એક જૈંતિયો હતો, બીજો જય કિચન, ત્રીજો હું અને ચોથો દિનેશ હતો. જય કિશન જે જેકલો..દિનેશને દિનીયો એ પછી હું બારોટ એટલે મને બારી કહેતા પણ એનો કોઈ રંજ ન હતો.

અમારી ટોળકી જે કહો તે... રખડવામાં શરારત કરવામાં અવ્વલ હતી. જાણે અમને કોઈ સારું કામ સૂઝતું નહી.

સમયને પાંખે જિંદગીમાં આગળ વધતા હતા. પણ શરારતમાં સહેજે ફેર પડ્યો ન હતો. ઘરવાળાનું આસપડોશીનું, શાળાના સાહેબોનું કહેવું માનવું નહી એ જાણે અમારો જન્મસિધ્ધ હક બની ગયો હતો.

એક દિવસ હા, રામદેવપીરજીનો મેળો હતો. ચારે જણા મેળે જવા નીકળ્યા. જૈંતિયો કહે મારા કપડામાંથી યાર ખુબ વાસ મારે છે. હું હમણા તળાવમાં ડૂબકી મારીને આવું છું...અમે એને કોઈ કહીએ એ પહેલા જ જૈંતિયો એક ભેખડ પર ચઢ્યો અને તળાવના તળાવના પાણીમાં મગર છુપાઈને બેઠો હતો. જેવો જૈંતિયો પડ્યો કે એણે પગ પકડીને ખેંચ્યો, જૈંતિયાથી રાડ નીકળી ગઈ. ઓ બાપા રે..અમે એનો વવલાટ જોઈ રહ્યા. ગામમાં ગયા અને ખબર આપી પણ બધું પુરું થઈ ગયું હતું. એક મિત્ર ગયો.

બીજા મહિને જયકિશન સાઈકલ ચલાવતો હતો.. એય પાછો છુટા હાથે-..એનું બેલેન્સ ગયુ રસ્તા પર પટકાયો, પથ્થર બરાબર માથામાં વાગ્યો, પેસી પણ ગયો એને દવાખાને લઈ ગયા પણ ડોક્ટરોએ હાથ અધ્ધર કરી દીધા. ચાર મિત્રોમાંથી એની બાદબાકી થઈ ગઈ.

બે રહ્યા.

એક દિવસ દિનેશે આવીને કહ્યુ, 'મારા મામા મને શાળાએથી ઉઠાડી મુકીને બીજે ગામ મોકલવા વાત કરી. દિનેશ કશુંય કરી ન શક્યો. હું એને રેલ્વે સ્ટેશને મુકવા ગયો. ગાડી ઉપડે ત્યાં સુધી અમે બે ખામોશ રહ્યા. છેક આગળ જ્યાં એંન્જિન ઉભું હતું. ત્યાની લાલ લાઈટ લીલી થઈ. ખખડી ગયેલા એન્જિનની વિચિત્ર વ્હીસલ સંભળાઈ. દિનેશ ડબ્બામાં ગયો ધીમો એક ધક્કો આવ્યો.

ગાડી ઉપડી.

'લે..નયન..હવે..'

આમતો એ મને કાયમ બારી કહેતો, પણ એ દિવસે મારા નામથી બોલાવ્યો. એ રડી પડ્યો.

હું રડી પડ્યો.

ગાડી ગતિમાં આવી ગઈ હતી.

જોત જોતામાં છેલ્લો ડબ્બો આવી ગયો.

ગાડી છુટી ગઈ.પ્લેટફોર્મ પરની ચહલપહલ ઓછી થઈ ગઈ હું એકલો રહ્યો.જિંદગી હતી, અમે ચાર હતા. પણ..પણ.. વરસાદ છે, વાદળ છે, પવન છે, વિજળીનાં તોફાન છે, ધુણયું તળાવ છે, આંબલીના લીલા કાતરા છે, આંખોમાં એ યાદો છે.

પરંતુ એ બાળપણ નથી. મારા પુત્રો ઘણીવાર કહે છે 'પપ્પા તમારી વાત કહોને..'

મારી પત્ની રેણું કહે છે 'કહોને...'

પણ...

રેણુ વિષ્ણુકુમાર બારોટ
અમદાવાદ

## સ્થાનિક બજાર ભાવ

**ચોકસી બજાર**(કીલોના)
**ચાંદી ચોરસા ૩૯૨૦૦-૩૯૪૦૦**
રૂપુ કાચું ૩૯૨૦૦-૩૯૪૦૦
સોનુ તોલો ૩૧૨૦૦-૩૧૩૦૦
**તેલ બજાર**
**રાધે પામોલીન ૧૧૯૦**
પામોલીન ૧૧૯૦
સોયા રીફાઈન ૧૪૨૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૮૦
**સીંગતેલ૧૫ કી. ૧૪૭૦**
સીંગતેલ ૧૫ લી.૧૬૯૦
**સીગતેલ ૫ લી. ૪૫૫**
તિરૂપતી કપા. ૧૩૮૦
૫ લીટર ૪૩૫
વનસ્પતિ ઘી ૧૧૩૦
કોપરેલ ૧૫ કિલો ૩૩૦૦
૫ કે. કોપરેલ૧૨૦૦
૫લી. અંકુર સીંગતેલ ૪૮૫
**૧૫ લીટર સનફલાય ૧૩૦૦**
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૨૬૦
૫ લી. ૪૦૦
૨ લી. ૧૬૫
**ચોખા-દાળ બજાર**
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૬૪૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
કાયનાત પ્રીમીયમ ૮૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
**ખાંડ બજાર**
(બોરીના ભાવ)
**ખાંડ એસ. ૩૪૦૦-૩૪૫૦**
**ખાંડ એમ. ૩૫૦૦-૩૪૫૦**
ખાંડએલ. ૩૫૦૦-૩૬૫૦
**ચા-બજાર**
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
**આખા મરચાં-હળદર**
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
**ગોળ બજાર**
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
**ખોળ બજાર ૯૫૦-૧૦૦૦**
દાણ ૭૦ કી.ગ્રા.૯૫૦-૧૦૦૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૬૮૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
**પરચુરણ**
સોજી ૭૮૦
મેંદો ૭૫૦
શ્રીફળ એમ. ૧૨૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
**શાકભાજી(૨૦ કિલોના ભાવ)**
દુધી ૧૨૦-૧૮૦
સુકી ડુંગળી ૧૮૦-૨૦૦
લસણ ૩૦૦-૭૦૦
ધાણા ૪૦૦-૫૦૦
મરચાં ૫૦૦-૬૦૦
લીબુ ૧૪૦૦-૧૬૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૮૦૦-૮૪૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૪૦
**ભીંડા ૭૦૦-૮૦૦**
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૫૦૦-૬૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૬૦૦
બાદશાહ બટાકા ૨૦૦-૨૨૦
**સાંગા બટાકા ૨૦૦- ૨૪૦**
તુવેર ૬૦૦-૮૦૦

## હિંગળાજ ગામ નજીક ત્રિપલ અકસ્માત, કોઈ જાનહાનિ નહી

(જી.એન.એસ) હિંમતનગર

હિંમતનગર-ઈડર હાઈવે પર આવેલા હિંગળાજ ગામના રોડ ટચ વડલાના કારણે અનેક અકસ્માતોની ઘટનાઓ સામે આવતાં ગત સપ્તાહે સરપંચ હરેશભાઈ સહિતના ગ્રામજનોએ વડલાને હટાવવા લેખીત રજુઆતો કરી હતી, તેમ છતાં તંત્રનું પેટનું પાણી પણ ન હાલ્યું નથી, ત્યાં તો ગત મધ્ય રાત્રીએ અહીંથી પસાર થઈ રહેલી બોલેરો કારનો ડાબી સાઈડનો ઉપરનો ભાગ વડલાને ટકરાયો હતો. જેથી ગભરાઈ ગયેલા ડ્રાઈવરે બોલેરો સાઈડમાં કરી દીધી હતી, અને ત્યાંથી પસાર થઈ રહેલી આઈ ટવેન્ટી કાર તેની પાછળ આવીને ઉભી તેટલામાંથી ત્યાંથી પસાર થતો ટ્રક પણ વડલાને ટકરાતાં તેણે આઈ ટવેન્ટી કારને પણ અડફેટે લેતાં કાર બોલેરો જઈને ભટકાઈ હતી અને બોલેરો ડીવાઈડર ઉપર ચઢી ગઈ હતી.આમ ત્રિપલ અકસ્માતની ઘટના બનતાં ટ્રાફિકજામ થઈ ગયો હતો. જો કે ગ્રામજનોની મદદથી તમામ સાધનો રોડ પરથી સાઈડમાં કરી દેવાયા હતા, જયારે બોલેરોને ડિવાઈડર ઉપરથી ઉતારવા ક્રેનની મદદ લેવામાં આવી હતી.

## ચાણસ્મા જાયન્ટ્સ દ્વારા પાણી બચાવો જન જાગૃતિ રેલી યોજાઈ

પાટણ

જાયન્ટ્સ ચાણસ્મા દ્વારા ચાણસ્મા પ્રાથમિક કન્યા શાળાના સહયોગથી "પાણી બચાવો અને સ્વચ્છતા અભિયાન" જન જાગૃતિ રેલી ચાણસ્મા નગરમાં યોજાઈ અને બાળકો પાસે પાણી બચાવો અને સ્વચ્છતા અભિયાનનો ઘર-ઘર સંદેશ પહોંચે તે માટે દરેક બાળકો પાસે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી. રેલીમાં શાળાની ૩૦૦ થી વધુ વિદ્યાર્થિનીઓ તથા આચાર્ય સુરેશભાઈ દેસાઈ તેમજ જાયન્ટ્સ પ્રમખ બિપીનભાઈ પટેલ, મંત્રી ચંદુભાઈ આર.પટેલ, ભરતભાઈ પટેલ, ભાઈલાલ ઠાકોર તથા ગ્રામજનો વગેરે રેલીમાં હાજરી આપી રેલીને સફળ બનાવી હતી.

## ટીફિનમાં રોટલી ઓછી આવે છે કહીને વૃદ્ધને માર્યો

પાટણ

ચાણસ્મા તાલુકાના પલાસર ગામે રહેતા પટેલ પ્રહલાદભાઈ બબલદાસ પટેલ તેમના ગામે અન્નક્ષેત્રમાં નીરાધાર માણસોને ટીફિન ઓર્ડર પ્રમાણે પહોંચાડતા હોઈ અને ભોજનાલય ઉપર જતા રસ્તા તેમના ગામના શખસ પટેલ જીતેન્દ્રભાઈ કાન્તિભાઈ ઉશ્કેરાઈ જઈ અપશબ્દો બોલી કહેલ કે તમો ટીફિનમાં કેમ ઓછી રોટલી મોકલેલ છે. જેથી પ્રહલાદભાઈએ કહેલ કે નિયમ પ્રમાણે જે આવે છે તેટલુ ટીફિન મે ભરીને મોકલાવેલ છે. તેમ કહેતા જીતેન્દ્રભાઈ ઉશ્કેરાઈ જઈને ફેંટ પકડી ગડદા પાટુનો માર મારી નાક ઉપર મુક્કો મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાની ચાણસ્મા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## પાટણ જિલ્લા પંચાયતના આઈ.સી.ડી.એસ. વિભાગમાં ૫૦ મહેકમ ખાલી

પાટણ

ગતીશીલ-અડીખમ ગુજરાતની વાતો કરતી ગુજરાત સરકારમાં દરેક જિલ્લામાં મોટા ભાગની ઓફિસોમાં મહેકમનો અભાવ છે અને ઓછા સ્ટાફથી વધુ કામગીરી કરવી પડતી હોય છે. પાટણ જિલ્લા પંચાયત દ્વારા આઈસીડીએસ વિભાગ કાર્યરત છે, આ વિભાગમાં ૫૦ ટકા જેટલું જ મહેકમ છે, છતાં ઓછા સ્ટાફથી પણ આ વિભાગ નોંધપાત્ર કામગીરી કરી રહ્યું છે. આઈસીડીએસ વિભાગમાં કુલ ૧૪ પોસ્ટ છે, કચેરી અધિક્ષક, સીડીપીએ સુપર વાઈઝર, સીનીયર કલાર્ક, આંકડા મદદનીશ, જુની કલાર્ક, અને વર્ગ ૪ ની છે ત્રણ પોસ્ટ સહિત સમી, હારીજ, રાધનપુર, સાંતલપુર પાટણ-૧, પાટણ-૨, ચાણસ્મા તાલુકામાં આવે છે. પાટણમાં પ્રોગ્રામ ઓફિસરની છેલ્લા કેટલાય વર્ષોથી જગ્યા ચાલી છે ત્યારે કચેરી અધિક્ષકની જગ્યા પણ ખાલી છે. સીડીપીઓની વાત કરીએ તો સમી-હારીજમાં ૧-૧ જગ્યા બાકી છે.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| | **ડીસા** | રાયડો | ૬૯૦-૭૧૮ |
| એરંડા | ૭૯૦-૮૦૦ | એરંડા | ૭૭૫-૭૮૫ |
| રાયડો | ૬૮૫-૭૧૨ | ચિકુડી | ૧૦૬૦-૧૨૦૦ |
| રાજગરો | ૮૫૧-૯૫૧ | વરિયાળી | ૧૨૫૦-૧૫૩૦ |
| ઘઉં | ૩૦૦-૪૨૨ | | **ધાનેરા** |
| બાજરી | ૨૪૫-૨૬૦ | ઘઉં | ૨૯૧-૩૫૧ |
| જીરૂ | ૨૪૭૫-૨૭૭૭ | બાજરી | ૨૪૧-૨૮૧ |
| વરીયાળી | ૧૦૦૦-૧૨૩૫ | જવ | ૨૭૮-૩૧૧ |
| ઈસ. | ૧૧૮૧-૧૩૭૧ | ગવાર | ૭૧૯-૭૮૭ |
| સુવા | ૮૦૦-૯૦૮ | સરસવ | ૭૯૬ |
| | **લાખણી** | રાયડો | ૬૬૧-૭૨૨ |
| રાયડો | ૬૭૦-૭૧૧ | એરંડા | ૭૭૮-૭૯૧ |
| એરંડા | ૭૭૫-૭૮૮ | ઈસ. | ૧૦૮૫-૧૩૧૩ |
| વરીયાળી | ૧૦૦૦-૧૬૮૧ | જીરૂ | ૨૨૫૦-૨૭૪૫ |
| રાજગરો | ૮૦૦-૮૫૫ | મેથી | ૬૧૫-૬૭૪ |
| સુવાર | ૮૦૦-૮૭૦ | સુવા | ૬૫૦-૮૪૫ |
| ગવાર | ૭૪૦-૭૫૫ | વરીયાળી | ૭૦૦-૧૨૫૯ |
| ઈસ. | ૧૩૦૦-૧૪૩૬ | રાજગરો | ૮૦૦-૯૩૧ |
| ઘઉં | ૩૦૦-૩૭૧ | અન્ય | ૬૩૨- ૧૨૦૧ |
| જીરૂ | ૨૩૦૦-૨૭૦૦ | | **થરા** |
| | **પાલનપુર** | જીરૂ | ૨૪૫૦-૩૨૫૦ |
| ઘઉં | ૨૯૦-૫૦૧ | એરંડા | ૭૮૦-૮૧૦ |
| બાજરી | ૨૩૫-૨૫૦ | રાયડો | ૬૭૫-૭૧૦ |
| ચણા | ૬૭૦-૨૫૦ | ઘઉં | ૨૯૪-૩૪૫ |
| ચણા | ૬૭૦-૭૧૨ | બાજરી | ૨૪૫-૨૫૮ |
| એરંડા | ૭૮૧-૮૦૫ | જુવાર | ૫૨૦-૫૬૦ |
| રાયડો | ૬૭૨-૭૧૭ | ચણા | ૬૬૦-૬૬૭ |
| વરીયાળી | ૧૦૦૦-૨૭૩૫ | સુવા | ૮૦૦-૮૧૬ |
| રાજગરો | ૭૫૧-૯૪૩ | રાજગરો | ૭૨૦-૭૫૦ |
| જવ | ૨૮૨-૨૮૫ | | **પાટણ** |
| | **થરાદ** | જીરૂ | ૨૪૦૦-૨૮૫૦ |
| રાયડો | ૭૦૦-૭૩૬ | વરીયાળી | ૧૦૦૦-૧૫૨૬ |
| એરંડા | ૭૭૩-૭૯૫ | મેથી | ૫૫૦-૬૬૦ |
| જીરુ | ૨૩૨૫-૩૦૦૦ | સુવા | ૮૦૦-૯૫૦ |
| મેથી | ૫૫૦-૧૨૩૧ | રાયડો | ૬૩૫-૭૩૬ |
| ગવાર | ૭૨૫-૭૫૭ | એરંડા | ૭૭૫-૮૦૫ |
| ઈસબગુલ | ૧૨૦૦-૧૫૮૦ | ઘઉં | ૨૯૦-૪૧૦ |
| ધાણા | ૭૦૦-૮૮૦ | બાજરી | ૨૩૦-૨૬૦ |
| વરિયાળી | ૧૨૦૦-૧૪૬૦ | રાજગરો | ૭૯૦-૮૦૦ |
| અજમો | ૧૦૦૦-૧૮૮૦ | અડદ | ૬૨૪-૭૦૦ |
| | **રાહ** | કપાસ | ૭૦૦-૧૦૬૫ |

## વ્યસન એ આપણા જીવનમાં પૈસા અને શરીરને બરબાદ કરે છે : ડૉ. કાંતિભાઈ પટેલ




પાટણ

આ શબ્દો હતા ડૉક્ટર કાંતિભાઈ પટેલ જેઓ વૈદિક ક્ષ્ી-ક્ષ્ક્ષ્ફ્રૈક્ષ્ૈહ સેન્ટરમાં કાંતિભાઈ પટેલે કહ્યું કે આપ સહુ ખૂબ જ ભાગ્યશાળી છો. ભગવાનની નજર આપની ઉપર પડી છે .આ શ્રમજીવી સોસાયટી દિવ્ય નગરી બની જશે. કોઈપણ પ્રકારની આશા વિના કુમાંરીડ દ્વારા નિસ્વાર્થ સેવાઓ કરવામાં આવે છે. આ સંસ્થા દ્વારા વ્યસનમુક્તિની સેવા ખુબ સરાહનીય છે.વ્યસન ના કારણે જ ઘરમાં ઝઘડા થાય છે. આથિક પાયમાલી પણ આવે છે .ઘરેલું હિંસા વધતી જાય છે. જો આપણી શરાબ તમાકુ ગુટખા ક્ષ્રક્ષ્ક્ષ્જિ કોઈપણ પ્રકારનું વ્યસન કરતા હોઈએ. તો આજના દિવસે . મુક્ત જીવન બનાવાનુ દ્રઢ સંકલ્પ કરીએ.. આપણે બધા જાણીએ તો છીએ કે વ્યસન ખૂબ જ નુકસાનકારક છે વ્યસન કોઈને પસંદ આવતું નથી પરંતુ ખરાબ સંગ થી દૂર રહીએ. નિધીબેન સંસ્થા ની ગતિવિધિઓથી અવગત કરાવતો સુંદર પરિચય આપતાં કહ્યું કે ગીતા ના વાયદા પ્રમાણે ભગવાન વર્તમાન ધર્મ જ્ઞાનીનાં સમયે ધરા પર આવી સત્યજ્ઞાન અને રાજયોગનો અભ્યાસ શીખવે છે રાજયોગના વ્યાસની આપણું મનોબળ મજબૂત બને છે અને આપણા જીવનમાં રહેલા અવગુણોને દૂર કરવાની શક્તિ મળે છે. નીલમ દીદીએ આશીર્વચન આપતા કહ્યું કે કોઈપણ પ્રકારનું વ્યસન એ જીવનને બરબાદ કરવા વાળું છે આપણી પાસે પરિવાર ચલાવવા માટે પૂરતું ધન ન હોય ,તનતોડ મહેનત કરીને પણ વ્યસન કરીએ તો આપણાં બાળકોનું શિક્ષણ અને તેમના પાલન પોષણમાં કમી રહી જાય છે છેલ્લા ત્રણ માસથી તૈયાર રાજયોગનો અભ્યાસ ચાલી રહ્યું છે જેના કારણે ઘણાના જીવનમાં પરિવર્તન આવ્યું છે શારદાબેને ૫૦ વર્ષથી બીડી પિતા હતા નીલમ દીદીના કહેવાથી તુરત જ બીડી છોડી દીધી. ૫૦ બીડી નું સેવન કર્યું જ નથી વિચાર કરો કે રોજના ચાલીસ રુપિયા ખર્ચ મહિને બાર સો રૂપિયા બીડી ના ધુમાડા પાછળ ફૂંકીને શરીર અને પરિવારની બરબાદી સામેથી લાવીએ છીએ માટે સર્વ ભાઈઓ એક સંકલ્પ કરો કે અમારે ઘર-ઘરમાંથી વ્યસનને નાબૂદ કરી સાચા અર્થમાં આ શ્રમજીવી વિસ્તારની દિવ્યનગરી બનાવી છે .નીલમ દીદી વધુમાં કહ્યું કે નાના બાળકોને પણ મૂલ્ય શિક્ષણની સાથે ભણતર પણ દર રવિવારે આઠ વાગે આપવામાં આવે છે પ્રૌઢ શિક્ષા, સ્વચ્છતા અને સાથે-સાથે વ્યસનમુક્તિ ની પણ સેવાઓ કરવામાં આવશે બેનોને બાળકોને સ્વચ્છતાનો સંદેશ આપતા કહ્યુ કે આપણા ઘરનો કચરો રસ્તા ઉપરનો ફેંકતા યોગ્ય સ્થાને નાખીએ આપણી સોસાયટીની સ્વચ્છ બનાવીએ કાર્યક્રમમાં મનસુખભાઈ ગઈ સર્વનો આભાર વ્યક્ત કર્યો હતો

## એમ.કે. કોલેજ-પાટણ ખાતે મેગા રોજગાર ભરતી મેળો યોજાશે

પાટણ

પાટણ જિલ્લાના રોજગારવાંચ્છુ ઉમેદવારોને રોજગાર મળે તે માટે ખાનગીક્ષેત્રના નોકરીદાતા દ્વારા મેગા રોજગાર મેળાના માધ્યમથી ભરતી કરવા માટે એક મેગા રોજગાર મેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પાટણ દ્વારા કરવામાં આવેલ છે. જેમાં ધોરણ ૧૦ પાસથી ગ્રેજયુએટ સુધીની લાયકાત ધરાવતા ઉમેદવારો આ ભરતીમેળામાં ઉપસ્થિત રહી શકશે. ઉંમર મર્યાદા ૧૮ થી ૩૦ ની રહેશે. આ મેગા રોજગાર ભરતીમેળામાં ખાનગીક્ષેત્રના નોકરીદાતાશ્રીઓ હાજર રહી તેમની ખાલી જગ્યાઓ માટે સ્થળ પર પ્રાથમિક પસંદગી કરનાર છે. મેગા રોજગાર ભરતી મેળાની તારીખ- ૦૭/૦૪/૨૦૧૮, શનિવાર, સમય-૧૦-૦૦ કલાકે રહેશે. એ મ . કે . કો લે જ આ ૅ ફ અ ૅ ન્જી ન ી ય ર ી ં ગ (એમ.કે.એજયુકેશન કેમ્પસ) પાટણ-ડીસા રોડ, માતરવાડી વિસ્તાર, મુ.તા.જિ.પાટણ ખાતે રાખેલ છે. નોકરીદાતા અલગ અલગ ખાનગીક્ષેત્રના રહેશે. ખાલી જગ્યાઓ જેવી કે કસ્ટમર કેર, ઓપરેટર, ટ્રેઈની, મશીન ઓપરેટર, લાઈન ઓપરેટર, ટેલી કોલર, સેલ્સ વગેરે જગ્યા ઉપર લાયકાત ધરાવતા ઉમેદવારોએ સ્વખર્ચે ઈન્ટરવ્યુમાં ઉપસ્થિત રહેવાનું રહેશે. તમામ અસલ અને નકલ પ્રમાણપત્રો સાથે બે ફોટોગ્રાફ તેમજ ૬ થી ૭ નકલ બાયોડેટા સાથે ઈન્ટરવ્યુમાં હાજર રહેવા જણાવવામાં આવેલ છે. આ મેગા રોજગાર ભરતીમેળામાં રોજગાર કચેરી ખાતે નામ નોંધણી કરાવેલ ન હોય તેવા ઉમેદવાર પણ ભાગ લઈ શકશે તેમ રોજગાર અધિકારીશ્રી, પાટણની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## મહેસાણાના જોટાણા પંથકમાં લાલચટ્ટાક મરચાંના ઢગલા ખડકાયા

મહેસાણા

મસાલા ભરવાની સિઝનમાં ગૃહિણીઓ જોટાણાના લાલ મરચાં પર પહેલી પસંદગી ઉતારે છે. અહીં દેશી મરચાં ઉપરાંત રેશ્મી, ટામેટા, કાશ્મીરી, ડબી અને તેજા જાતનાં મરચાંની મળી રહે છે. કુલ આવકના ૯૦ ટકા હિસ્સો જોટાણામાંથી જ આવે છે. ફેમસ બનેલું જોટાણાનું મરચું તેમજ આખાં મરચાં પસંદ કરી નજર સમક્ષ દળીને તૈયાર કરેલો પાવડર ખરીદી શકાતો હોઈ જિલ્લાવાસીઓ મરચું ખરીદવા અહીં આવે છે. હાલમાં સિઝનને લઈ સૂકવણી સહિતની કામગીરીમાં ખેડૂતો-વેપારીઓ વ્યસ્ત બન્યા છે, તો ફેક્ટરીઓ પણ ધમધમી રહી છે. ગત વર્ષ કરતાં ભાવમાં પ્રતિ કિલોએ રૂ.૩૦નો વધારો જોવા મળે છે.

## રાધનપુરમાં શિવમ અને શિવશક્તિ સોસાયટીના રહીશો ટ્રાફિકથી ત્રાહિમામ



કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુર શહેરના મધ્યમાં પોસ્ટ ઓફિસ સામે આવેલી શિવમ અને શિવશક્તિ સોસાયટીઓના રહીશો છેલ્લા કેટલાક સમયથી આડેધડ વાહનો પાર્કિંગ થવાથી અને ટ્રાફિકથી ત્રાહિમામ પોકારી ગયા છે.એમાંય જયારથી બેંક ઓફ બરોડા આ વિસ્તારમાં આવી છે,ત્યારથી તો રહીશોને પોતાના વાહનો લઈને બહાર નીકળવું હોય તો સો વાર વિચારવું પડે છે.બેન્ક ઓફ બરોડા અને આજુ-બાજુની દુકાનોમાં વાહનો લઈને આવતા ગ્રાહકો જેમ મન ફાવે તેમ વાહન પાર્ક કરીને જતા રહે છે,જેના કારણે આ બંને સોસાયટીઓના રહીશોને પોતાના વાહનો લઈને જવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. બેન્ક ઓફ બરોડાના મેનેજર અને દુકાન માલિકોને વારંવાર રજુઆત કરવા છતાંય કોઈ ધ્યાન ના આપતું હોઈ સોસાયાટીના રહીશો ભુપેન્દ્ર ભાઈ ઠક્કર,ચેતનકુમાર કંદોઈ, દિનેશકુમાર જોબન પુત્રા, આર.કે.ઝૂલા, હસમુખ ભાઈ ઠક્કર સહિતે મંગળવારે જિલ્લા કલેક્ટર, પ્રાંત અધિકારીને, બેન્ક ઓફ બરોડાની મહેસાણા કચેરીને, નાયબ પોલીસ અધિક્ષક અને પી.એસ.આઈ.ને લેખિતમાં રજુઆત કરીને આ ત્રાસદાયક પરિસ્થિતિમાંથી છુટકારો અપાવવા જણાવ્યું છે,અને જવાબદારો સામે કાયદેસરના પગલાં ભરવા પણ રજુઆત કરી છે.

## સાસરિયાંના ત્રાસથી કંટાળી મહિલાએ દવા પી લેતાં મોત

મેઘરજ

મેઘરજ તાલુકાના છીકારી ગામે સાસરીયાઓ દ્વારા પરિણિતાને માનસિક અને શારીરક ત્રાસ આપતા મહિલાએ ત્રાસથી કંટાળી ઝેરી દવા ગટગટાવી લેતા મહિલાનું મોત નીપજતાં બનાવના ૧૦ દિવસ બાદ મહિલાના પતિ સહિત ચાર સાસરીયા સામે ફરિયાદ નોંધાઈ હતી.

ઢેકવાના નારણભાઈ મંળાભાઈ ફેરાના બહેન મનિષાના લગ્ન છીકારીના લક્ષ્મણ કાના રાંત સાથે થયા હતા. લગ્ન બાદ મનિષાબેનને નાની નાની વાત ઝઘડો કરી મારઝુડ કરતો હતો. મનિષાનો પતિ મારી જેઠાણીની બહેન મણિબેન પારગી સાથે આડો સબંધ ધરાવે છે અને કઈ કહું તો મારી સાથે મારઝુડ કરે છે તેવી માતા-પિતા સાથે વાત કરતા ઝઘડાનું સમાધાન કરી છીકારી મુકામે મોકલી હતી. ગત ૧ માર્ચે ફરી ઝઘડો પિયરમાં ચાલી ગયા બાદ મનિષાબેને ૨૦ માર્ચે પતિ અને સાસરીયાઓના ત્રાસથી કંટાળી જઈ અંતે ઝેરી દવા ગટગટાવી જીવન ટુંકાવી મોતને વ્હાલુ કરી લેતાં.

મૃતકના ભાઈ નારણભાઈ મંગળાભાઈ ફેરાએ બહેનના પતિ અને સાસરીયાઓ વિરુદ્ધ ત્રાસ આપી મરી જવા સુધી દુષ્પ્રેરણનો ગુનો નોંધાવતા ઈસરી પોલીસે પતિ- લક્ષ્મણ રોત, જેઠ-કનુ કાનાભાઈ રાંત, જેઠાણી-શારદાબેન કનુ રાંત અને પતિ સાથે આડો સબંધ ધરાવનાર મણીબેન દિનેશભાઈ પારઘી વિરુદ્ધ ગુનો નોંધી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

## આર્યાવ્રત નિર્માણ, યુવા ફાઉન્ડેશન અને જયવિદ્યા ફાઉન્ડેશનના સયુંકત ઉપક્રમે હુતાત્મા સ્મૃતિ દિવસની ઉજવણી

પાટણ

આર્યાવ્રત નિર્માણ, યુવા ફાઉન્ડેશન અને જયવિદ્યા ફાઉન્ડેશન ના સયુંકત ઉપક્રમે હુતાત્મા સ્મૃતિ દિવસ ઉજવણી ૨૦૧૮ કાર્યક્રમ કરવામાં આવ્યો. જેમાં પાટણ ના ૧૮૫૭ ના ક્રાંતિકારી શહીદ મગનલાલ ભૂખણદાસ વાણિયાની ખાંભી થી શહીદપરિવારોના હાથે પુષ્પાંજલી કરી શહીદ સન્માનયાત્રા યુનિવર્સિટી સુધી કરવામાં આવી. શહીદ સ્મૃતિ પીપળ વન સબજેલ સુજનીપુર ખાતે ભગતસિંહ, રાજગુરૂ, સુખદેવ, ગોપાલસિંહ, પ્રદીપસિંહ, માવજીભાઈ, સોહાગકુમાર, હરદીપસિંહ એમ આઠ શહીદોના નામે વૃક્ષારોપણ કરી શ્રધ્ધાંજલી આપવામાં આવી. રાત્રે રંગભવન હોલ ખાતે બી.એસ.એફ. બેન્ડ અને સીમા સુરક્ષા દળના જવાનો, પાટણના પ્રબુદ્ધ નાગરિકો ની ઉપસ્થિતિમાં પુષ્પો, મીણબત્તી, સંકલ્પ અને મૌનથી , દેશભક્તિ ના ગીતો થી શ્રધ્ધાંજલી આપવામાં આવી.

વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માં બોર્ડર પર શહિદ થયેલા પાંચ શહીદવીર ગોપાલસિંહ ભદોરીયા અમદાવાદ, શહીદ હરદીપસિંહ ઝાલા કચ્છ, શહીદ માવજીભાઈ મકવાણા સુરેન્દ્રનગર, શહીદ પ્રદીપસિંહ કુશવાહ અમદાવાદ અને શહીદ સોહાગકુમાર પ્રજાપતિ મહેસાણા આ તમામ પરિવારો નું શાલ, બુકે, મોમેન્ટો અને એકાવન એકાવન હજારના ચેક અર્પણ કરીને સમગ્ર પાટણ વતી સન્માનિત કરવામાં આવ્યા.આ પ્રસંગે ક્રાંતિકારી સંત સ્વામી નિજાનંદજી, પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા, બી.એસ.એફ.ના અધિકારી અજયકુમાર તિવારી ઉપસ્થિત રહ્યા અને પ્રેરણાત્મક પ્રવચન કર્યા. ત્રણે સંસ્થાના પ્રમુખ નિલેશ રાજગોર, વિશાલ પટેલ, વૈશાલીબેન પંડિત અને સૌ સદસ્યો દ્વારા સૈનિકોનું શાલ અને ગુલાબના ફૂલ દ્વારા સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમમાં પાટણના વિવિધ સંસ્થાઓ ના પ્રમુખ શ્રી સ્નેહલ પટેલ, લાલેશ ઠક્કર, જતીન પટેલ, મેહુલ પટેલ, કમલેશ ઠક્કર, સુરેશ-મહેન્દ્ર જોશી વગેરે ઉપસ્થિત રહ્યા અને કાર્યક્રમના અંતે મલ્હાર સોસાયટીના સૌ રહીશો દ્વારા સૌ સૈનિકો, શહિદ પરિવાર, મહેમાનોને ને સન્માન પૂર્વક ભોજન કરાવવામાં આવ્યું.

## મા-બાપ જમતાં રહ્યાં અને ચાર વર્ષનો પુત્ર હોજમાં પડતાં મોત

મહેસાણા

મહેસાણા નજીક રામપુરા ચોકડી પાસે આવેલી હોટલ પર સોમવારે બપોરે મા-બાપ દાલબાટી જમી રહ્યા હતા અને તેમનો ચાર વર્ષનો પુત્ર નજીકના સર્વિસ સેન્ટરના પાણીના હોજમાં પડી ગયો હતો. જમીને ઉઠેલા દંપતીએ પુત્ર નહીં જોતાં કરેલી શોધખોળ દરમિયાન તેમના વ્હાલસોયો પુત્ર હોજમાંથી મળી આવતાં મહેસાણા સિવિલમાં લઈ આવ્યા હતા. જ્યાં તબીબે તેને મૃત જાહેર કરતાં પરિવારે પીએમ કરાવવાનું ટાળ્યું હતું.

મૂળ કચ્છના અને છેલ્લા કેટલાક મહિનાઓથી મહેસાણાના વિવિધ વિસ્તારોમાં ફરી સાવરણી બાંધવાનું અને તૈયાર સાવરણી વેચી રોજગારી કમાતાં અશોકભાઈ વાઘેલા અને તેમની પત્ની ચાર વર્ષના પુત્ર સાથે સોમવારે બપોરે રામપુરા ચોકડી નજીક આવેલી દાલબાટી રેસ્ટોરન્ટમાં ગયા હતા. દંપતી અહીં મોજથી દાલબાટી જમી રહ્યું હતું, જ્યારે તેમનો ચાર વર્ષનો પુત્ર રમત-રમતમાં નજીકમાં આવેલા સર્વિસ સેન્ટર સુધી પહોંચી ગયો હતો અને એકાએક ખુલ્લા હોજમાં પડતાં ડૂબી ગયો હતો.

કેટલાક સમય બાદ જમીને ઉઠેલા અશોકભાઈ અને તેમને તેમની પત્ની પુત્ર ન જોઈ ચોંકી ગયા હતા અને શોધખોળ કરી હતી. જેમાં તપાસ કરતાં ૮ ફૂટ ઊંડા હોજમાંથી તેમનો પુત્ર નિશ્ચેતન હાલતમાં મળી આવ્યો હતો. પુત્ર જીવતો હોવાની આશા સાથે તેને મહેસાણા સિવિલમાં લઈ આવ્યા હતા. પરંતુ હાજર તબીબે તેને મૃત જાહેર કરતાં શ્રમિક દંપતી ભાગી પડ્યું હતું. જોકે કોઈ કારણોસર તેમને પુત્રના મૃત્યુની જાણ મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશને કરવાનું અને લાશનું પીએમ કરાવવાનું ટાળી પુત્રની લાશ લઈ વતન ચાલ્યા ગયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## અરવલ્લી કોંગ્રેસનું દલિતોના હિતમાં સુપ્રિમ કોર્ટમાં રીવ્યુ પીટીશન કરવા આવેદનપત્ર

મોડાસા

અરવલ્લી જિલ્લા કોંગ્રેસે દેશમાં દલિતો ઉપર વધતાં જતાં અત્યાચારો અને નામદાર સુપ્રિમ કોર્ટના ૨૦ માર્ચના ચુકાદામાં અનુસુચિત જાતિ, જનજાતિ અત્યાચાર ધારાના ૧૯૮૯ નીચે આરોપીને ત્વરીત ધરપકડ કરવાની જોગવાઈને અર્થહિન બનાવવાના વિરોધમાં કલેક્ટરને આવેદનપત્ર રાખી વિરોધ નોંધાવ્યો હતો. આવેદનપત્રમાં જણાવવામાં આવ્યું છે કે, દલિત ઉપરના અત્યાચારોની સંખ્યામાં ૬૬ ટકા વધારો થયાના અહેવાલો છે. જ્યારે બીજીબાજુ કોર્ટ દ્વારા જે ચુકાદો આપવામાં આવ્યો છે. તેના દ્વારા અત્યાચાર નિવારણ ધારાને નિરર્થક બનાવવામાં આવી રહ્યો છે.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજીને આવેદન પત્રમાં વિનંતી કરતાં જણાવ્યું કે, ભારત સરકારને સંસદમાં સુધારાત્મક પગલાં લેવા અને નામદાર સુપ્રિમ કોર્ટમાં પણ યોગ્ય પગલાં લેવા વિનંતી કરાઈ હતી. અને નામદાર સુપ્રિમ કોર્ટમાં રીવ્યુ પીટીશીયન કરવા જણાવવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મોડાસા ખાતે મોટી સંખ્યામાં કોંગી કાર્યકરો અને અનુસુચિત જાતિના યુવાનો હાજર રહ્યા હતા. જેમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવાર, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, તાલુકા સંઘના ચેરમેન અરૂણભાઈ પટેલ, પ્રમુખ સોમસિંહ પરમાર, સૈયદ કાદરઅલી, રાહુલ પટેલ, જિલ્લા સદસ્ય રેવાભાઈ ચમાર, નારણભાઈ રાઠોડ, રાજુભાઈ અને સંજયભાઈ પટેલ ઉપસ્થિત રહી કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

## પાટણમાં કારની ટક્કરે એક્ટિવા ચાલક યુવતી ઘાયલ

પાટણ

પાટણ શહેરના જલારામ મંદિર બાજુમાં આવેલ જલારામ કોમ્પલેક્ષમાં રહેતા નવિનભાઈ કાનજીભાઈ લવારિયા મારવાડીની દીકરી વંદનાબેન રવિવારે સવારે ૯ કલાકે તેમનું એક્ટિવા લઈને પસાર થઈ રહ્યા હતા. ત્યારે કાર જીજે૦૨એસી ૮૨૮૫ના ચાલકે પૂરઝડપે ટક્કર મારતાં વંદનાબેન સહિત બે જણને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. જે અંગે પાટણ સીટી-બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

# ડીસા માર્કેટયાર્ડના ચેરમેન પદે સતત ચોથી વખત માવજીભાઈ દેસાઈ બિનહરીફ ચૂંટાયા


ભરત સુંદેશા

**ડીસા ધારાસભ્ય શશીકાન્ત પંડ્યા અને માર્કેટ ચેરમેન માવજીભાઈ દેસાઈની કુનેહથી અગાઉ આખી પેનલ બીન હરીફ થઈ હતી**

ડીસા

રાજ્યના અગ્રગણ્ય માર્કેટયાર્ડોમાં ગણાતા ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તરીકે સતત ચોથી વખત માવજીભાઈ દેસાઈની બિનહરીફ નિયુક્તિ કરાઈ છે. જ્યારે વાઈસ ચેરમેન પદે કરશનભાઈ કણબીની પણ બિનહરીફ વરણી થવા પામી છે. નવા ચેરમેન, વાઈસ ચેરમેનને ખેડૂતો, વેપારીઓ, શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા હતા. રાજ્યભરના માર્કેટયાર્ડમાં અગ્રગણ્ય સ્થાન ધરાવતી ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા (ડીસા માર્કેટયાર્ડ) ના સંચાલક મંડળની ચૂંટણી સમરસ થતાં મંગળવારે જિલ્લા રજીસ્ટાર સહકારી મંડળીઓ પાટણના અધ્યક્ષ સ્થાને ડીસા માર્કેટયાર્ડના સભાગૃહ ખાતે ચેરમેન અને વાઈસ ચેરમેનની ચૂંટણી યોજાઈ હતી. જેમાં ચેરમેન તરીકે માવજીભાઈ દેસાઈ અનેવાઈસ ચેરમેન તરીકે કરસનભાઈ સતાભાઈ કણબી બિનહરીફ વિજેતા જાહેર થયા હતા.

અનુસંધાન પાના નં.૬

### સતત ચોથી ટર્મ માટે બિનહરીફ વિજેતા

ડીસા માર્કેટયાર્ડના ચેરમેન તરીકે માવજીભાઈ દેસાઈને સતત ચોથી ટર્મ માટે બિન હરીફ નિયુકત કરવામાં આવ્યા છે. આ વખતે સંચાલક મંડળની ૧૪ બેઠકો માટે ૭૪ જેટલા ફોર્મ ભરાયા હોવા છતાં ૬૦ જેટલા ઉમેદવારોને ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા અને માર્કેટના ચેરમેન માજીભાઈ દેસાઈએ આગવી કુનેહ અને કોઠાસૂઝથી સમજાવટ કરી ફોર્મ પરત ખેંચાવી ચૂંટણી સમરસ કરવામાં સફળતા મેળવી હતી.

### માર્કેટની સેવાકીય પ્રવૃત્તિઓ વિસ્તરશે

ડીસા બજાર સમિતિ દ્વારા હાલ ડીસા માર્કેટયાર્ડ, ભીલડી પેટા માર્કેટયાર્ડ તેમજ શાકભાજી સબ માર્કેટયાર્ડનું સંચાલન થાય છે. સાથેસાથે માર્કેટયાર્ડ દ્વારા અનેકવિધ સેવાકીય પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. સમગ્ર તાલુકાની જનતાને અકસ્માત વીમા કવચ, રાહત દરે દવાઓનું વિતરણ, વિદ્યાર્થીઓને ચોપડાનું વિતરણ, રાહત દરે આરોગ્ય સેવા,ખેડૂતલક્ષી વિવિધ સેમિનારો સહિતના આયોજન તેમજ સેવાકીય પ્રવૃત્તિઓ માર્કેટયાર્ડ દ્વારા કરવામાં આવે છે. જેમાં હજુ પણ વધારો કરી ડીસા માર્કેટયાર્ડ દ્વારા લોકોપયોગી કાર્યો કરવામાં આવશે.

# બનાસકાંઠામાં અનેક શાળાઓ સુવિધાથી વંચિત

## શિક્ષણ વિભાગ અને સરકાર માત્ર કાગળો પર ચાલે છે : અનેક શાળાઓમાં રમતગમતના મેદાનો નથી




ભરત સુંદેશા

ડીસા

રાજ્ય સરકાર રમતગમતને પ્રોત્સાહન આપવા ખેલ ગુજરાત અને ખેલ મહાકુંભ તેમજ શાળાકીય રમત ઉત્સવ સહિતના આયોજન કરે છે પરંતુ બનાસકાંઠામાં અનેક શાળાઓ એવી છે કે જ્યાં રમતગમતના મેદાન કે શાળાઓમાં કમ્પાઉડવોલ જેવી સુવિધાઓ નથી.

અત્યારે કોમનવેલ ગેમ્સ શરૂ થઈ છે દરેક લોકો દેશના ખેલાડીઓ આ ગેમ્સમાં મેડલ મેળવે તેવી આશા રાખી રહ્યા છે ગુજરાત સરકાર પણ રાજ્યના ખેલાડીઓને પ્રોત્સાહન મળે તેમજ શાળાઓમાંથી જ બાળકોમાં રમતગમતનું કૌશલ્ય જળકે તેવા પ્રયાસો કરી રહી છે જે માટે સરકાર ખેલ ગુજરાત અંતર્ગત ખેલ મહાકુંભ, શાળાકીય રમોત્સવ તેમજ ખેલમહાકુંભ પાછળ કરોડોનું ખર્ચ કરે છે પરંતુ બનાસકાંઠાની અનેક શાળાઓમાં રમતગમત માટે મેદાન જ નથી ત્યારે સરકારનો આ ખર્ચ વ્યર્થ થતો લાગે છે શાળાઓમાં રમતના મેદાનો જ નથી પરંતુ અનેક પ્રકારની સુવિધાઓનો અભાવ છે. ક્યાંક ઓરડા નથી તો ક્યાંક કમ્પાઉન્ડ વોલ નથી મધ્યાહન ભોજન માટે રસોડા નથી તો ક્યાંક શૌચાલય પણ નથી ત્યારે શાળાના બાળકો શુ કહે છે સાંભળીયે.ડીસા ના ગોગાઢાણી પ્રાથમિક શાળામાં કેટલાક ઓરડા જર્જરિત હાલતમાં છે અને બાળકો જીવના જોખમે અભ્યાસ કરે છે તો શાળામાં રમતગમતનો મેદાન પણ નથી. શાળાના બાળકો કહે છે રીશેષમાં રમવાની જગ્યાએ બાંકડા પર બેસી રહેવું પડે છે.

બાળકોને અભ્યાસ સાથે રમતગમતમાં પ્રોત્સાહન આપવા વાલીઓ પણ આતુર છે પંરતુ શાળાઓના સુવિધાઓના અભાવે બાળકો આગળ વધી શકતા નથી અને વાલીઓને ના છૂટકે ખાનગી શાળાઓમાં સહારો લેવો પડે છે ગામડાઓની શાળાના જર્જરિત મકાનોમાં ક્યાંક બાળકો અભ્યાસ કરે છે તો ક્યાંક બાળકોને ચાલવા માટે અનુસંધાન પાના નં.૬

સરકાર શાળાઓમાં મૂળભૂત સુવિધાઓ માટે અનેક દાવાઓ કરી રહી છે પરંતુ વાસ્તવિક પરિસ્થિતિ ખરેખર જુદી છે અધિકારીઓ અને નેતાઓ ઓફિસમાં બેસી વહીવટ કરવાના બદલે આવી શાળાઓની રૂબરૂ મુલાકાત લે તો ચોક્કસ સાચી વાસ્તવિકતા શુ છે જેનો ખ્યાલ આવી શકે. જોકે બનાસકાંઠાની અનેક શાળાઓની આવી જ દશાઓ છે ત્યારે હવે સરકાર આ અહેવાલ બાદ શુ પગલાં લે છે તે જોવાનું રહ્યું.

# ભાભરના કુવાળા ગામે પ્રજ્ઞાચક્ષુ સગીરા સાથે દુષ્કર્મ

### કુટુંબી બનેવી ઉપર ચોમેરથી ફીટકાર

તા.પ્રતિનિધિ ભાભર

ભાભર તાલુકાના કુવાળા ગામે ઈંટો બનાવવાની મજુરી કરતા એક શ્રમજીવી પરિવારની પ્રજ્ઞાચક્ષુ સગીરા ઉપર તેમના જ પરિવારના કુટુંબી બનેવીએ બળાત્કાર ગુજારતા ચકચાર મચી છે.

જાણવા મળતી વિગતો મુજબ મુળ ડીસા તાલુકાના એક ગામનો મજુર પરિવાર કુવાળા ગામે ઈંટો બનાવવાની મજુરી કરે છે. તેમના ઘરે કુટુંબી બનેવી ભરત ઓડ (રહે. પાલનપુર) આવ્યો હતો. ગતરાત્રે પરિવારના ઘરના સભ્યો ઈંટો બનાવવા ગયા હતા. ત્યારે તેના ઘરે સુતેલો કુટુંબી બનેવીને વાસનાનો કીડો સળવળતા મજુરી કરતા ઓડ પરિવારની પ્રજ્ઞાચક્ષુ સગીરા ઉપર મોકાનો લાભ લઈ બળાત્કાર ગુજાર્યો હતો. આ અંગે પ્રજ્ઞાચક્ષુએ ભાભર

અનુસંધાન પાના નં.૬

# ચેક રીટર્ન કેસમાં એક વર્ષની સજા અને રૂા.૪ લાખનો દંડ

ડીસા

ડીસાના બીજા એડીશ્નલ સિનિયર જજે ચેક રીટર્ન કેસમાં આરોપીને કસુરવાર ઠેરવી એક વર્ષની સજા અને રૂા. ૪ લાખનો દંડ ફરીયાદીને વળતર પેટે ચુકવવાનો આદેશ કર્યો હતો.

હકીકત એવી છે કે, આદર્શ કો.ઓ.બેંક લી. શિરોહી (રાજ.) શાખા ડીસા વી.એમ. બ્રાન્ચ (પૂર્વ શ્રી ડીસા નાગરિક સહકારી બેંક લી.) માંથી મહેન્દ્રકુમાર નરપતલાલ દેસાઈ - અમદાવાદ વાળાએ પ્રોપર્ટી મોર્ગેજ ધીરાણ રૂા. ૧,૫૦,૦૦૦ સને ૨૦૦૦ ની સાલમાં મેળવેલ. સદર ધીરાણ ચુકવવા સને ૨૦૧૨ ની સાલમાં રૂા. ૨,૦૦,૦૦૦ નો ચેંક બેંકના રીકવરી ઓફિસરને આપતાં અને સદર ચેક પરત થતાં બેંકે કાયદેસરની કાર્યવાહી કરી ક્રિમી. કેસનં.૮૧૬/૨૦૧૬ ડીસા કોર્ટમાં દાખલ કરેલ.

સદર કેસ ડીસાની બીજી એડી.સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં ચાલી જતાં નામદાર કોર્ટે સમાજમાં દાખલો બેસાડે તેવો નિર્ણય કરેલ છે.

સદર કેસમાં ફરીયાદી તરફે વકીલ એ.એમ.કોઠારી હાજર રહેલા હતા.

# વાવના નાળોદર ગામે જમીન - ધોવાણની સહાયમાં ગેરરીતિઓના મુદ્દે પોલીસ - ફરિયાદના ભણકારા

### મુખ્ય સુત્રધાર સહિત કસુરવારોમાં ભારે દોડધામ શરૂ

તાલુકા પ્રતિનિધિ વાવ

૨૦૧૫ ના પૂરસહાય કૌભાંડમાં ગેરરીતિઓના મુદ્દે વાવ તા. પંચાયતના ૫ થી વધુ કર્મચારીઓ એસીબી ફરિયાદની ઝપેટમાં આવતાં જેલની હવા ખાઈ ચુક્યા છે અને હજુ પણ તેમના ઉપર કેસની લટકતી તલવાર છે. તેમ છતાં ફરીથી ૨૦૧૭ માં પૂરસહાયનું ભૂત ધુણતાં નાળોદર ગામે જમીન ધોવાણના મુદ્દે ભારે ગેરરીતિઓની બૂમરાડ ઉઠવા પામી છે.


વિષ્ણુ પરમાર

૨૦૧૭ ના અતિપૂરગ્રસ્ત એવા નાળોદર ગામની વાવના પૂર્વ ધારાસભ્ય શંકરભાઈ ચૌધરીએ અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ હેલીકોપ્ટર દ્વારા જાત નિરીક્ષણ કરી કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી હતી. જેમાં ભરપુર ફાયદો નાળોદર ગામના એક માસ્ટર માઈન્ડ સહિત ગ્રા.સેવક અને જી.એલ. ડી.સી.ના કર્મચારીઓએ સાથે મળીને ઉઠાવી દીધો છે. આ ગેરરીતિમાં સામેલ એક વ્યક્તિને વાંકુ પડતા સમગ્ર ગેરરીતિનો પર્દાફાશ થતાં કસુરવારોમાં ભારે દોડધામ મચી ગઈ છે. સરકારી દફતરો સાથે ખોટા ચેડા કરી ખોટા દસ્તાવેજો ઉભા કરી ઠગાઈ કરી

અનુસંધાન પાના નં.૬

# થરાદના દિપડામાં પરિવારની ઘરવખરી સળગાવી દેવાતા ચકચાર

(પ્રતિ.) થરાદ

પોલીસ મથકમાં આવેલાં બબીબેન હસતીમલ સોનીએ રજુઆત કરતાં જણાવ્યું હતું કે ગામમાં તેમની માલિકીનો પ્લોટ નંબર ૨૪૮ ગામની દૂધ મંડળીના મકાનની બાજુમાં આવેલ છે. તેમાં બાંધકામ કરવાનું બાકી હોઈ છત પર તાડપતરી નાખી તેમાં ઘરવખરીનો સામાન તથા માલસામાન રાખતા હતા. ગત ૧લી એપ્રિલના સવારના સુમારે ઘરેથી દૂધ મંડળી જતાં તેમના છાપરાની તાડપત્રીમાં રહેલ ખાટલો ગોદડાં, લોખંડની પેટીમાંના કપડાં, ૧૦૦૦ રૂપિયા પાણીના માટલાં, ઘઉંનો લોટ, ઘઉં, મરચું, મીઠું, ઘી, તેલ સહિત નાની મોટી ચીજવસ્તુઓ તથા પ્લોટમાં બાંધકામ માટે લાકડાના દરવાજા મળીને ૧૫ થી


(વિષ્ણુ દવે)

૨૦ હજારની કિંમતની ઘરનો સરસામાન દૂધમંડળી આગળ બાળી નાખ્યો હતો.

આથી આ અંગે તેમણે બાજુમાં આવેલી દૂધ ઉત્પાદક મંડળીના મંત્રી નારણભાઈ જયરૂપભાઈ પટેલને પૂછતાં તેમણે ઉદ્ધતાઈ ભર્યો જવાબ આપ્યો હતો. અગાઉ પણ ફેબ્રુઆરીમાં ઉપરોક્ત વ્યક્તિઓ સામે થરાદ પોલીસ મથકમાં લેખિત રજૂઆતકરી હતી. પરંતુ પોલીસ દ્વારા કોઈ કાર્યવાહી નહીં કરાયાનો આક્ષેપ કરી પરિવારે જિલ્લાપોલીસવડાને રજુઆત કરતાં તેમને હૈયાધારણ આપી થરાદ મોકલ્યા હતા. જ્યાં પરિવાર મંગળવારે ફરીથી પોલીસ મથકમાં આવતાં ફરિયાદના બદલે માત્ર અરજી લીધી હોવાનો આક્ષેપ કર્યો હતો.

# વડગામના લિંબોઈ નજીક સ્વીફ્ટકાર પલટી ખાતાં બે વ્યક્તિને ઈજા

તા.પ્રતિ. વડગામ

ગઈકાલ બપોરે વડગામના લિંબોઈ ગામ નજીક બાઈક સવારને બચાવા જતાં કાબુ ગુમાવતાં સ્વીફ્ટકાર રોડ સાઈડની ચોકડીઓમાં પલટી ખાતાં બે વ્યક્તિઓને ઈજાઓ થતાં ૧૦૮ ઈમરજન્સી સેવા વડગામ દ્વારા સારવાર અર્થે


પુષ્કર ગોસ્વામી

ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ

અનુસંધાન પાના નં.૬

# થરાદના મલપુરમાં સામાન્ય બાબતે કુહાડી વડે હુમલો

થરાદ

પોલીસસુત્રોએ જણાવ્યું હતુંકે થરાદ તાલુકાના મલપુર ગામના ખેડુત અગજીભાઈ કરશનભાઈ પટેલે અગાઉ તાલુકાના કરણાસર ગામના જેથાભાઈ પટેલનું થ્રેસર જીરૂ કાઢવા માટે લાવ્યું હતું. આથી મલુપુર ગામના મેવાભાઈ રૂપસીભાઈ રબારીએ તેની અદાવત રાખી હતી.

દરમ્યાન શનિવારની સાંજના સુમારે અચાનક અપશબ્દો બોલી ઉશ્કેરાઈ

અનુસંધાન પાના નં.૬


## જૂન - ૨૦૧૮ થી શિક્ષકો જોઈએ છે

**ન્યુ નાલંદા એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત**
**એસ.એસ.વિધા સંકૂલ - પાંથાવાડા**
મુ.પાંથાવાડા, ધનિયાવાડા રોડ, તા.દાંતીવાડા, જિ.બ.કાં. પીન : ૩૮૫૫૪૫

| ક્રમ | વિભાગ | વિષય | લાયકાત | જગ્યા |
|---|---|---|---|---|
| ૧ | ધોરણ ૬ થી ૯ | ગણિત / વિજ્ઞાન | B.Sc.B.Ed. | ૨ |
| ૨ | ધોરણ ૬ થી ૯ | અંગ્રેજી | B.A.B.Ed. | ૧ |
| ૩ | ધોરણ ૬ થી ૯ | ગુજરાતી | B.A.B.Ed. | ૧ |
| ૪ | ધોરણ ૬ થી ૯ | સા.વિજ્ઞાન | B.A.B.Ed. | ૧ |
| ૫ | ધોરણ ૬ થી ૯ | P.T. | B.A.B.Ed. | ૧ |
| ૬ | ધોરણ ૬ થી ૯ | કોમ્પ્યુટર | PGDCA / BCA / MCA | ૧ |
| ૭ | ધોરણ ૧૧ (સામાન્ય પ્રવાહ | | M.com B.Ed | |
| ૮ | ધોરણ ૧૧ (સામાન્ય પ્રવાહ) | સમાજશાસ્ત્ર / મનોવિજ્ઞાન | M.A.B.Ed. | ૧ |

નોંધ : ઉપરોકત લાયકાત ધરાવનાર ઉમેદવારોએ જરૂરી પ્રમાણ પત્રોની ઝેરોક્ષ નકલ અને અરજી સાથે સ્વ ખર્ચે તા.૦૭/૦૪/૨૦૧૮ ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે ઉપરોકત સ્થળે રૂબરૂ હાજર રહેવું.

સંપર્ક : ૦૨૭૪૮ - ૨૨૬૦૦૮, ૯૯૨૪૯૨૭૯૬૪, ૯૪૬૮૬૪૭૧૮૯

પ્રમુખ - મંત્રી
ન્યુ નાલંદા એજયુકેશન ટ્રસ્ટ
મુ.પાંથાવાડા, તા.દાંતીવાડા, (બ.કાં.)



## ઓપન ઈન્ટરવ્યુ

**શ્રી વડગામ તાલુકા આંજણા કેળવણી મંડળ વડગામ સંચાલિત આદર્શ વિદ્યાલય - વડગામ માટે જુન ૨૦૧૮ થી**
**શિક્ષકો જોઈએ છે**

| ક્રમ | વિભાગ | વિષય | લાયકાત | સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | ધો.૧ થી ૧૨ | ગણિત/અંગ્રેજી | B.Sc.B.Ed./ B.A.B.Ed. | આચાર્ય ૧ |
| ૨ | પ્રાથમિક | ગણિત/વિજ્ઞાન | B.Sc.B.Ed. | ૧ |
| ૩ | માધ્યમિક | ગણિત/વિજ્ઞાન | B.Sc.B.Ed. | ૧ |
| ૪ | ઉચ્ચ માધ્યમિક (સામાન્ય પ્રવાહ) | અંગ્રેજી / સંસ્કૃત<br>સમાજ શાસ્ત્ર<br>આંકડાશાસ્ત્ર / નામુ | M.A.B.Ed<br>M.A.B.Ed<br>M.Com.B.Ed | ૧<br>૧<br>૧ |
| ૫ | ઉચ્ચ માધ્યમિક (વિજ્ઞાન પ્રવાહ) | ભૌતિક શાસ્ત્ર,<br>રસાયણ શાસ્ત્ર<br>જીવવિજ્ઞાન<br>ગણિત | M.Sc.B.Ed<br>M.Sc.B.Ed<br>M.Sc.B.Ed<br>M.Sc.B.Ed | ૧<br>૧<br>૧<br>૧ |
| ૬ | સફાઈ કામદાર ચોકીદાર/પટાવાળા | - | ધો.૧૦ પાસ | ૧ |

ઉપરોકત લાયકાતવાળા ઉમેદવારોએ પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ તથા અરજી સાથે રૂબરૂમાં તા.૮/૪/૨૦૧૮ ને રવિવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે નીચેના સ્થળે પોતાના ખર્ચે હાજર રહેવાનું રહેશે.

સ્થળ : આદર્શ વિદ્યાલય - વડગામ, બસ સ્ટેન્ડની પાસે, વડગામ, તા.વડગામ જી.બનાસકાંઠા, ફોન નં. : ૦૨૭૩૯/૨૬૨૯૩૭

ઓખાભાઈ એસ.પટેલ : મંત્રી    પરથીભાઈ વી. પટેલ : પ્રમુખ

નોંધ : (૧) નિવૃત્ત કર્મચારી તથા ચાલુ વર્ષે છેલ્લી લાયકાતની પરીક્ષા આપેલ હોય તેવા ઉમેદવાર પણ આવકાર્ય છે.
(૨) અનુભવ ધરાવતા ઉમેદવારોને અગ્રીમતા આપવામાં આવશે.


# ટાકરવાડા-રામપુરા માર્ગ પર અકસ્માતમાં બે યુવકોને ઇજા

પાલનપુર

પાલનપુર તાલુકાના ટાકરવાડાથી રામનગર જતા માર્ગ ઉપર પુરઝડપે પસાર થઈ રહેલા ટ્રેકટર નં. જીજે. ૮ બી. બી. ૬૩૪૧ના ચાલકે ગફલત ભર્યુ ડ્રાયવીગ કરી બાઈક નં. જી.જે. ૦૮. ૦૪૫૨ને ટક્કર મારી હતી.

આ અકસ્માતમાં બાઈક સવાર પાલનપુર તાલુકાના કાણોદરના કમલેશભાઈ ખેમાભાઈ પ્રજાપતિ તેમજ અજયકુમારને ઈજાઓ થવા પામી હતી. જેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ અંગે કમલેશભાઈએ પાલનપુર તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.







## હાર્દિક અભિનંદન


**માવજીભાઈ દેસાઈ**
ચેરમેન


**કણબી કરશનભાઈ સતાભાઈ**
વાઈસ ચેરમેન

આપની ડીસા માર્કેટયાર્ડના ચેરમેન અને વાઈસ ચેરમેન પદે થયેલી બિનહરીફ વરણીને લઈ અમો હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. આપ સહકારી અને રાજકીય ક્ષેત્રે પ્રગતિના શિખરો સર કરો તેવી અંતઃકરણની શુભેચ્છાઓ...

લિ.

**ધી નાંણી દૂધ ઉત્પાદક સહકારી મંડળી**

**જોષી જયદેવભાઈ રાજારામભાઈ**
મંત્રી

**લીલાભાઈ રાણાભાઈ રબારી**
ચેરમેન
પૂર્વ ડીરેકટર, ડીસા તાલુકા સહકારી ખ.વે. સંઘ

તમામ વ્યવસ્થાપક કમિટી સભ્યો અને ગ્રામજનો